નં.ટી.ડી.ઓ/અપીલ/૫૦
તા.૨૧–૬–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૭–૦૬–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી સરવર હુસેન નગદ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સરવર હુસેન નગદની તા.૧૬–૫–૧૨ ની આઈ.ડી નં.૩૮૪ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી સરવર હુસેન નગદની તા.૧૬/૦૫/૧૨ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી.ટીડીઓ.આઈ.ડી. નં.: ૨૪૮**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) તરફથી તા. ૨૦–૦૫–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આર.ટીઆઈ./ જાવક/ ૬૦૨ થી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**

**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૮/૦૫/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૩૦૭ થી માહિતી પુરી પાડતો પત્ર**

**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી સરવર હુસેન નગદ ધ્વારા તા.૭/૦૬/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટરમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**

**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૧–૬–૧૩ ના ટીડીઓ /અપીલ.નં.૪૬ થી અરજદારશ્રી સરવર હુસેન નગદને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.**

અરજદારશ્રી સરવર હુસેન નગદ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી સરવર હુસેન નગદ ને સંદર્ભ (૩) ના પત્રથી મુદ્દા નં (૧) થી (૬) ની માહિતી પુરી પાડવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ આપેલ માહિતી આરટીઆઈ એકટની ખુલમખુંલ્લે મજાક ઉડાવનારી તેમજ માહિતી આપનાર અધિકારીએ પોતાના સાથી અધિકારી અને કર્મચારીના ભૃષ્ટાચારક પાપોનો ખુલાસો નહી થાય તેમ સાંઠગાંઠ કરી ખરી માહિતી નહી આપેલ હોવાનું જણાવી. સંદર્ભ (૪) થી સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટર સમક્ષ નમુનો "જ" માં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. સેકશન ઓફિસરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૦–૬–૧૩ ના પત્ર નં. સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં ૭૯૫ થી સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને અપીલ અરજી તબદીલ કરવામાં આવી.અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી સરવર હુસેન નગદ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૧૯–૬–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવ્યો.

અરજદાર ઉકત દિને અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ. રૂબરુ સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ સદર અરજીની વિગતો મહેકમ વિભાગને લગતી હોય, શહેર વિકાસ ખાતાના કાર્યક્ષેત્ર હેઠળની ન હોવા છતા માહિતી કેમ આપવામાં આવી તેમજ સદર અરજી મહેકમ વિભાગને કેમ તબદીલ ન કરી તેવી રજુઆત કરવામાં આવેલ.જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ, અરજીમાં રાજેન્દ્ર ભાસ્કર ઠાકુરની માહિતી માંગેલ હોય, મજકુર કર્મચારી તા.૧૨–૦૫–૧૩ સુધી શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં ફરજ બજાવતા હોવાથી, ખાતામાં ઉપલબ્ધ માહિતી અરજદારને આપવામાં આવેલ હોવાની તેમજ જાહેર માહિતી અધિકારી

અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા સેકશન ઓફિસરશ્રી (મહેકમ) વિભાગને પણ અરજી તબદીલ કરેલ હોવાની સ્પષ્ટતા કરેલ તેમજ અરજદારને પણ આ બાબતે જરૂરી સમજ આપેલ. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી સરવર હુસેન નગદ ની તા.૧૬–૫–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૨૫–૫–૧૩ ના રોજ પાઠવેલ જવાબમાં માંગ્યા મુજબની વિગતો આપેલ નહી હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૭–૬–૧૩ ના રોજ અપીલ દાખલ કરેલ છે. અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૬–૫–૧૩ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા મુદ્દા નં(૧) થી (૬) અન્વયે શહેર વિકાસ ખાતાના ઉપલબ્ધ રેકર્ડ પ્રમાણેની માહિતી આપવામાં આવેલ છે. તેમજ અરજદારે રૂબરુ સુનાવણી દરમ્યાન સદર અરજીની વિગતો મહેકમ વિભાગને લગતી હોય, શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતા ધ્વારા શા માટે માહિતી આપવામાં આવી તે બાબતે કરેલ રજુઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સ્પષ્ટતા કરી જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા અરજદારની મુળ અરજીની એક નકલ શહેર વિકાસ ખાતા પ્રતિ મોકલવામાં આવેલ હોય, રાજેન્દ્ર ભાસ્કર ઠાકુર અગાઉ શહેર વિકાસ ખાતામાં ફરજ બજાવેલ હોવાનું ધ્યાને લઈ તેઓ ધ્વારા શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ માહિતી/ પ્રત્યુતર અરજદારશ્રીને પાઠવેલ હોવાની અરજદારને સમજ આપવામાં આવેલ છે. વધુમાં અરજદારશ્રીના જણાવ્યા અનુસાર, તેઓએ માંગેલ માહિતી મહેકમ વિભાગને લગતી હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓના કાર્યક્ષેત્ર બહારની માહિતી આપી ક્ષતિ કરેલ હોવાની રજુઆત કરેલ છે. જે યોગ્ય નથી. આથી અરજદારશ્રી તેઓને જરૂરી વધુ માહિતી/ વિગતો મહેકમ વિભાગમાંથી મેળવવા સ્વતંતત્ર છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેમના વિભાગને સંલગ્ન રેકર્ડપર ઉપલબ્ધ માહિતી શુભ આશયથી પુરી પાડી અધિનિયમનું હાર્દ જાળવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને , વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ સંદર્ભે અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૫૦, તા.૨૧–૬–૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/પર
તા.૨૬ –૬–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૩–૦૬–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ.પાઠક**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અરૂણ એસ.પાઠકની તા.૧૪–૫–૧૩ ની આઈ.ડી નં.૧૯૧ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી અરૂણ એસ.પાઠકની તા.૧૪/૦૫/૧૨ ના રોજ અત્રેની કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી.ટીડીઓ.આઈ.ડી. નં.: ૧૯૧**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧/૦૬/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/ ૩૪૦ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી અરૂણ એસ.પાઠક દ્વારા તા.૧૩/૦૬/૧૩ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**

અરજદારશ્રી અરૂણ એસ.પાઠક તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી, શહેર વિકાસ વિભાગમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી અરૂણ એસ.પાઠકને માહિતી પુરી પાડવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ માંગેલ માહિતી પૈકી વધુ રૂપિયા ભરવાનું જણાવેલ હોય, માહિતી ઈન્સ્પેકશન કરી જરૂરી માહિતી આપવાનું જણાવી સંદર્ભ (૩) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ નમુનો "જ" માં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. અરજદારે અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ, અરજીમાં માંગ્યા મુજબની માહિતી / જવાબ નિયત મુદતની સમયમર્યાદામાં જવાબ પાઠવી માંગ્યા મુજબની નકલો નિયત ચાર્જ/ ફી ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી અરૂણ એસ.પાઠકની તા.૧૪–૫–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.**

૧–૬–૧૩ ના રોજ પાઠવેલ જવાબથી અરજદારશ્રીએ  માંગ્યા મુજબની માહિતી/નકલો મેળવવા માટે ભરવા જણાવેલ રકમ અરજદારશ્રીને વધુ જણાતી હોય,તેઓ માહિતી ઈન્સ્પેકશન કરી મેળવવા માંગતા હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૧૩–૬–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૪–૫–૧૩ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજીમાં માંગ્યા મુજબની નકલો મેળવવા નિયત સમય મર્યાદામાં પ્રત્યુતર પાઠવેલ હોય,તેમજ અરજદારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા આપેલ જવાબ/ માહિતી સંદર્ભે તેઓને જરૂરી માહિતી ઈન્સ્પેકશન કરી મેળવવા માંગતા હોય, અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી મેળવવા અંગે ફાઈલ/રેકર્ડ નીરીક્ષણ આપવા  તેમજ  રેકર્ડ નિરીક્ષણ કર્યા બાદ અરજદારશ્રીને જરૂરી નકલો નિયમાનુસાર આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે અને અપીલ સંદર્ભે  અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૫૨, તા.૨૬ –૬–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૫૩
તા. ૨૭ –૬–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૦–૦૫–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૫–૪–૧૩ ની આઈ.ડી નં ૨૦૨, ટીડીઓ.આઈ.ડી નં.૧૨૨ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૫/૪/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી નં ૨૦૨, ટીડીઓ.આઈ.ડી નં.૧૨૨**

**(૨) જાહેર માહિતી અધિકારી અને આસી.લો. ઓફિસરશ્રી ધ્વારા તા. ૩–૫–૧૩ ના પત્ર નં. કાયદા વિભાગ/ આર.ટી.આઈ.સેલ/ આર.ટી.આઈ. ૧૨૬ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**

**(૩) અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસઅધિકારીશ્રી તરફથી તા.૧૫/૦૫/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૨૧૯ થી માહિતી પુરી પાડતો પત્ર**

**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૨૦/૦૫/૧૩ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ./અપીલ/૧૧**

**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧–૬–૧૩ ના પત્ર ટીડીઓ/અપીલ/૪૨ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.**

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ નમુનો "ક' માં માહિતી માંગતી અરજી આઈ.ડી નં. ૨૦૨ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી તરફથી તા. ૧૫–૫–૧૩ ના પત્ર નં.ટીડીઓ/૨૧૯ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને પુરી પાડવામાં આવી.

અરજીમાં માંગેલ વિગતો નો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ સીનીયર કાઉન્સેલર રોકવા અંગેની મંજુરી, નાંણા ચુકવવા માટેની મંજુરી, સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ ચાલતા કેસો અંગેની માહિતી છુપાવી હોવાના કારણો, તથા કલમ ૭૩ (ડી) બી.પી.એમ.સી. એકટ મુજબ સ્થાયી સમિતીને જાણ કરેલ ન હોવાના કારણો જણાવી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા નમુનો "જ" માં તા.૨૦–૫–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ અપીલ અરજી રજુ કરવામાં આવી.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧–૬–૧૩ ના પત્ર નં ટીડીઓ/ અપીલ/ ૪૨ થી તા. ૭–૬–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ.

અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ઉકત દિને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ. રૂબરુ સુનાવણી દરમ્યાન અરજદારે અરજીમાં માંગેલ માહિતી, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ છુપાવી હોવાનું જણાવી તેઓને માંગ્યા મુજબની સંપૂર્ણ માહિતી આપવા રજુઆત કરેલ. હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને ચાલતા કેસોની માહિતી તેમજ ચુકવાયેલ ફી અંગેની માહિતી તા.૧૫–૫–૧૩ ના પત્રથી આપેલ હોવાનું જણાવેલ. ,આથી અપીલ અરજી અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા અપીલ અરજીમાં સીનીયર કાઉન્સેલર રોકવા અંગેની મંજુરી, નાંણા ચુકવવા માટેની મંજુરી, સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ ચાલતા કેસો અંગેની માહિતી છુપાવી હોવાના ઉપસ્થિત કરેલ કારણો પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા. ૧૫–૫–૧૩ ના પત્ર નં.ટીડીઓ/ ૨૧૯ થી પાઠવેલ જવાબ અપુરતો તથા અરજદારશ્રીને અસંતોષકારક જણાતો હોય તેમજ રૂબરુ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી કરેલ રજુઆત અન્વયે અરજદારને રેકર્ડ પર ઉપલબ્ધ હોય તેવી માંગ્યા મુજબની એડવોકેટશ્રીની નિમણુંકની મંજુરી તથા બિલ ચુકવણી અંગેના મંજુરીના કાગળો વિગેરે તમામ માહિતી વિના મુલ્યે અરજદારને આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે અને અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૫૩, તા. ૨૭ –૬–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૬૦
તા.૦૩– ૦૭ –૨૦૧૩

**અપીલ અરજી તા.૨૫–૦૪–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી બી.એન.સિંહ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી બી.એન.સિંહની તા.૧૫–૦૩–૧૩ ની આઈ.ડી નં.૨૩૪૪ (ટીડીઓ આઈ.ડી નં ૬૧) થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :– **(૧) અરજદારશ્રી બી.એન.સિંહની તા.૧૫/૦૩/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક" માં આઈ.ડી. નં.: ૨૩૪૪ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ અરજી.**

**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૮–૪–૧૩ ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૨૨૭ થી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવી.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૬–૦૪–૧૩ ના પત્ર નં.ટીડીઓ/૧૦૮ થી મુદ્દા નં(૨) ની માહિતી બાબતે અરજી જાહેર માહિતી અધિકારી, ટાઉન પ્લાનીંગ વિભાગને આંશિક અરજી તબદીલ કરવામાં આવી.**

**(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૬–૦૪–૧૩ ના પત્ર નં.ટીડીઓ/૧૦૯ થી અરજદારશ્રી બી.એન.સિંહને જવાબ પાઠવ્યો.**

**(૫) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન કચેરીને નિયત સમય મર્યાદામાં અરજી તબદીલ કરવા બાબતે તા.૨૬–૦૪–૧૩ ના પત્ર નં.ટીડીઓ/૫૩૫ થી જાણ કરી .**

**(૬) "નમુનો–જ" માં અરજદારશ્રી બી.એન.સિંહ ધ્વારા તા.૨૫/૪/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**

**(૭) સેન્ટ્રલ ઝોન કચેરીના તા.૨૬–૦૪–૧૩ ના પત્ર નં. સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/૨૯૯ થી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરી.**

**(૮) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી બી.એન.સિંહને તા.૦૪–૫–૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલ.નં ૨૪ તા.૩૦–૪–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી બી.એન.સિંહ ધ્વારા સંદર્ભ (૧) હેઠળ તા. ૧૫–૩–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં આઈ.ડી નં ૨૩૪૪ થી અરજી રજુ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ. અરજદારની સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજીના મુદ્દા નં(૨) ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને આંશીક અરજી તબદીલ કરવામાં આવી. અને સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રી બી.એન.સિહ ને શહેર વિકાસ ખાતાના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી વિનામુલ્યે પુરી પાડવામાં આવી. અરજદારે ઉકત અરજીનો નિયત સમય મર્યાદામાં જવાબ ન પાઠવેલ હોવાનું કારણ જણાવી સંદર્ભ (૬) હેઠળ નમુનો "જ"માં સેન્ટ્રલ ઝોન કચેરીમાં અપીલ અરજી રજુ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૮) હેઠળના પત્રથી અરજદારશ્રી બી.એન.સિંહ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૪/૦૫/૧૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી બી.એન.સિંહ સુનાવણીના નિયત સમયે હાજર રહેલ ન હતા જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૦૪–૫–૧૩ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જાહેર માહિતી

અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા અરજદારની અરજી વિલંબથી એટલે કે ૩૪ દિવસ બાદ તબદીલ કરેલ હોવાથી અરજદારને નિયત સમય મર્યાદામાં પ્રત્યુતર પાઠવી ન શકાયેલ હોવાથી અરજદારને શહેર વિકાસ ખાતાના પત્ર ક્રમાંક ટીડીઓ નં ૧૦૯ તા ૨૬–૪–૧૩ થી વિનામુલ્યે માહિતી પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી બી.એન.સિહની તા.૧૫–૩–૧૩ ની મુળ અરજી સંદર્ભે નિયત સમય મર્યાદામાં માહિતી ન મળેલ હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૨૬–૪–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રી સુનાવણીના નિયત સમયે હાજર રહેલ નથી તેમજ આ સંદર્ભે અન્ય વધુ કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી બી.એન.સિંહની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૫/૦૩/૧૩ ની અરજી, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા નિયત સમય મર્યાદામાં અરજી તબદીલ થયેલ ન હોવાથી માહિતી આપવામાં વિલંબ થયેલ હોવાની સ્પષ્ટતા કરી શહેર વિકાસ ખાતાના પત્ર ક્રમાંક ટીડીઓ નં ૧૦૯ તા ૨૬–૪–૧૩ થી અરજદારશ્રીને જરૂરી માહિતી/નકલો વિનામુલ્યે આપેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.**

**ઉપરોકત હકિકત ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૬૦, તા.૦૩–૦૭–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૬૭
તા.૧૬–૭–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૨–૦૪–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬–૨–૧૩ ની આઈ.ડી નં.૨૨૦૯ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬/૦૨/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી.ટીડીઓ.આઈ.ડી. નં.: ૮૨૯**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (વેસ્ટ ઝોન) ધ્વારા તા. ૧૩–૩–૧૩ ના પત્ર નં.વેસ્ટ ઝોન/ આર.ટી.આઈસેલ/૧૯૮૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**

**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૬/૦૩/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૯૯૧ થી માહિતી પુરી પાડતો પત્ર**

**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૨/૦૪/૧૩ ના રોજ રજુ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**

**(૫) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા. ૪–૪–૧૩ ના પત્ર નં.સી.ઝેડ/ આર.ટી.આઈ/ આઉટ/ નં ૫૯ થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને પ્રથમ અપીલ અરજી તબદીલ કરવામાં આવી.**

**(૬) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૬–૪–૧૩ ના પત્ર નં.ટીડીઓ/૮૩ થી માંગ્યા મુજબની પ્લાનની નકલ પુરી પાડી.**

**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૮–૬–૧૩ ના ટીડીઓ/ અપીલ નં ૫૫ થી રૂબરુ સુનાવણી માટે લખેલ પત્ર.**

**(૮) અરજદારની રજુઆત તા.૦૫/૦૭/૨૦૧૩.**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલઝોન કચેરી ધ્વારા તા. ૨૮–૨–૧૩ ના પત્ર નં સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૩૩૫૫ થી વેસ્ટ ઝોન કચેરીમાં અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી વેસ્ટ ઝોન કચેરી ના તા. ૧૩–૩–૧૩ ના પત્ર નં વેસ્ટ ઝોન/ આરટીઆઈસેલ/ ૧૯૮૩ થી મુદ્દા નં(૨) તથા (૩) ની માહિતી બાબતે અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવી. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને માહિતી પુરી પાડવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ, પાઠવેલ જવાબની સાથે મંજુર પ્લાનની નકલો સામેલ હોવાનું જણાવેલ હોવા છતા ઉકત મંજુર થયેલ પ્લાનની નકલો જવાબ સાથે બિડાણ થઈને આવેલ ન હોવાનું કારણ જણાવી સંદર્ભ (૪) થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં નમુનો "જ" માં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા. ૪–૪–૧૩ ના પત્રથી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૪–૭–૧૩ ના રોજ નો પત્ર નં. ટીડીઓ/અપીલ/૫૫ થી તા.૨૮/૦૬/૧૩ ના રોજ રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા જાણ કરેલ જે અન્વયે સદર દિવસે અરજદારશ્રી હાજર રહેલ નથી` જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી તેઓ તરફથી અરજદારને

માહિતી પાઠવતા પત્ર સાથે  પ્લાનની નકલો બિડવાનું શરતચુકથી રહી ગયેલ હોવાનું જણાવી, સદરહુ બિડાણ તા.૧૬–૪–૧૩ ના પત્ર નં. ટીડીઓ/૮૩ થી  અલગથી અરજદારશ્રીને પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. અરજદારે તેઓના સંદર્ભ (૮) હેઠળના તા.૦૫/૦૭/૧૩ ના પત્રથી સદર દિવસે બહારગામ હોવાની રજુઆત કરી સદર મિલ્કતમાં એન. એ. એન.ઓ.સી.ની માહિતીની નકલ મોકલી આપવા જણાવેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬–૨–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૨૬–૩–૧૩ ના રોજ પાઠવેલ જવાબની સાથે માંગ્યા મુજબની મંજુર પ્લાનની નકલો નહી આપેલ હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૨–૪–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીની માહિતી માંગતી તા.૨૬–૨–૧૩ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પાઠવેલ પત્ર/ માહિતી સાથે અરજદારશ્રી તરફથી માંગ્યા મુજબના મંજુર પ્લાનની નકલો શરત ચુકથી આપવાનું રહી ગયેલ હોય, જે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને તા. ૧૬–૪–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી  ધ્વારા પુરી પાડેલ છે. પરંતુ અરજદારશ્રી ધ્વારા તા.૦૫/૦૭/૧૩ નો પત્ર ધ્યાને લેતા અરજદારશ્રીએ માંગ્યા મુજબની માહિતી/ નકલો દિન–૭ (સાત) માં અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરૂ છુ તથા અરજદારશ્રીને માહિતી ઉપલબ્ધ કરાવવામાં આ રીતે શરતચુક ન થાય તે અંગે યોગ્ય કાળજી રાખવા જણાવી, અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૬૭, તા.૧૬–૭–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૬૯
તા. ૨૩–૭–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૪–૦૬–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી રમેશભાઈ કે.જાંગીડ,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૦૬–૪–૧૩ ની આઈ.ડી નં.૫૩ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી શ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૦૬/૦૪/૧૩ ના રોજ મધ્યસ્થ કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી.નં ૫૩ જેનો શહેર વિકાસ ખાતાનો આઈ.ડી.નં.:ટીડીઓ.૩૧૦,તા.૧૧–૬–૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કર્લાક (મધ્યસ્થ) કચેરી ધ્વારા તા. ૧૩–૫–૧૩ ના પત્ર નં સી/૬૬૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ અરજી.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૧૦–૬–૧૩ ના પત્ર નં સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૮૦૫ થી શહેર વિકાસ ખાતાની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ અરજી.

(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૮–૬–૧૩ ના પત્ર નં ટીડીઓ/૪૪૦ થી મુદ્દા નં(૧) થી (૨) ની અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી.

(૫) અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા સેન્ટ્રલ ઝોન કચેરીમાં તા.૪–૬–૧૩ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી નં. ૧૦૨

(૬) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા. ૧૦–૬–૧૩ ના પત્ર નં સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં ૮૧૦ થી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૫૭ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

(૮) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીનો તા. ૧૨–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૬૫ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા. ૬–૪–૧૩ ના રોજ મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ. મધ્યસ્થ કચેરી ધ્વારા તા.૧૩–૫–૧૩ ના પત્ર નં સી/૬૬૬ થી અરજી સેન્ટ્રલ ઝોન/અઠવા ઝોન/ઉધના ઝોન/લિંબાયત ઝોન/વરાછા ઝોન/કતારગામ ઝોન કચેરીમાં અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ના તા. ૯–૪–૧૩ ના પત્ર નં સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૧૧૩ થી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવી. જે અન્વયે સંદર્ભ (૪)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ને શહેર વિકાસ ખાતાની કચેરીને સંલ્ગન માહિતીનો પ્રત્યુતર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ નિયત સમય મર્યાદામાં પ્રત્યુતર પાઠવેલ નહી હોવાનું કારણ જણાવી નુમનો "જ" માં તા. ૦૪–૬–૧૩ ના રોજ અપીલ અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા. ૧૦–૬–૧૩ ના રોજ પત્ર નં સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/ નં ૮૧૦ થી સદરહુ અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૦/૦૭/૧૩ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્ર નં. ટીડીઓ/અપીલ/૫૭, તા.૦૨/૦૭/૧૩ થી જાણ કરેલ. જે અન્વયે અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા તા. ૧૦–૭–૧૩ ના રોજ રૂબરુ સુનાવણી માટે તેઓ હાજર રહી શકે તેમ ન હોય, રૂબરુ સુનાવણીની બીજી તારીખ આપવા રૂબરુ રજુઆત કરેલ. જે અન્વયે તા.૧૯/૦૭/૧૩ થી ફરીથી સાંજે ૩.૩૦ કલાકે રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા પત્ર નં.:

ટીડીઓ/અપીલ/૬૫, તા.૧૨/૦૭/૧૩ થી જાણ કરેલ. સદર દિવસે અરજદારશ્રી હાજર રહેલ નથી કે તે બાબતે કોઈ રજુઆત/ જાણ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી અરજદારશ્રીની મુળ અરજી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા વિલંબથી એટલે કે સમય મર્યાદા પૂર્ણ થયા બાદ શહેર વિકાસ ખાતાની કચેરીને તબદીલ કરવામાં આવેલ હોવાથી અરજદારશ્રીને પ્રત્યુતર પાઠવવામાં વિલંબ થયેલ હોવાનું તેમજ અરજદારશ્રીએ માંગેલ માહિતી સંદર્ભે માંગણી મુજબની વિગતો / રેકર્ડ શહેર વિકાસ ખાતામાં અલગથી નિભાવવામાં આવતી ન હોય, મ્યુ.કમિશ્નરશ્રી ઓફિસ તરફથી આવતી અરજીઓ અંગે નિભાવવામાં આવતુ જનરલ ઈનવર્ડ રજીસ્ટરનું રેકર્ડ નિરીક્ષણ કરી માહિતી મેળવવા અરજદારશ્રીને માહિતી/ પ્રત્યુતર પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ રેકર્ડ નિરીક્ષણ કરેલ નથી કે અન્ય વધુ કોઈ રજુઆત કરેલ નથી. જેથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૬–૪–૧૩ ની મુળ અરજી સંદર્ભે નિયત સમય મર્યાદામાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી તા. ૪–૬–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ અપીલ અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતગર્ત રૂબરુ સુનાવણી માટેની નિયત તા.૧૦/૦૭/૧૩ તથા તા.૧૯–૭–૨૦૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેલ નથી તથા આ સુંદર્ભે વધુ કોઈ રજુઆત કરેલ નથી. રૂબરુ સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી તરફથી તેઓને માહિતી માંગતી અરજી વિલંબથી તબદીલ કરેલ હોવાથી અરજદારશ્રીને માહિતી આપવામાં વિલંબ થયેલ હોવાની કરેલ સ્પષ્ટતા તેમજ અરજદારશ્રીને તેઓ તરફથી માંગ્યા મુજબની માહિતી શહેર વિકાસ ખાતામાં અલગથી નિભાવવામાં આવતી નહિ હોવાથી શહેર વિકાસ ખાતામાં નિભાવવામાં આવતા ઈનવર્ડ રજીસ્ટરનું રેકર્ડ નિરીક્ષણ માટે કરેલ પ્રસ્તાવ અન્વયે અરજદારશ્રીએ રેકર્ડ નિરીક્ષણ કરેલ નથી,તથા તે સંદર્ભે વધુ કોઈ રજુઆત કરેલ નથી. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૬૯, તા. ૨૩–૭–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૭૦
તા.૦૬–૦૮–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૧–૦૭–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૨–૫–૧૩ ની આઈ.ડી નં.૨૬૬ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૨/૦૫/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી.નં ૨૬૬ જેનો શહેર વિકાસ ખાતાનો આઈ.ડી.નં.:ટીડીઓ.૧૫૨,તા.૦૬–૫–૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા. ૦૬–૫–૧૩ ના પત્ર નં સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૪૦૧ થી શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ અરજી.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૨–૫–૧૩ ના પત્ર નં ટીડીઓ/૨૪૮ થી મુદ્દા નં(૧) થી (૨) ની અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી.

(૫) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા સેન્ટ્રલ ઝોન કચેરીમાં તા.૦૧–૭–૧૩ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી નં. ૧૦૨

(૬) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા. ૦૫–૭–૧૩ ના પત્ર નં સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં ૧૦૭૭ થી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.ઈનવર્ડ નં ૨૨, તા.૧૬–૭–૧૩

(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૬૬ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

(૮) અરજદારે હાજર રહી ન શકવા બાબતે તા.૨૨/૦૭/૧૩ ના રોજ કરેલ રજુઆત.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા. ૨–૫–૧૩ ના રોજ આઈ.ડી નં ૨૬૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૬–૫–૧૩ ના પત્ર નં સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૪૦૧ થી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવી. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને માહિતી પાઠવવામાં આવેલ. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ નકારાત્મક જવાબ પાઠવેલ હોવાનું કારણ જણાવી નુમનો "જ" માં તા. ૧–૭–૧૩ ના રોજ અપીલ અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા. ૫–૭–૧૩ ના રોજ પત્ર નં સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/ નં ૧૦૭૭ થી સદરહુ અપીલ અરજી, અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૩/૦૭/૧૩ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્ર નં. ટીડીઓ/અપીલ/૬૬, તા.૧૬/૦૭/૧૩ થી જાણ કરેલ. સદર દિવસે અરજદારશ્રી હાજર રહેલ નથી તથા અરજદારશ્રીએ તા.૨૨/૦૭/૨૦૧૩ ના પત્રથી સેન્ટ્રલ ઝોનમાં હાજર ન રહી શકવા બાબતે સેન્ટ્રલ ઝોનમાં રજુઆત કરેલ તથા માહિતી પુરી પાડવા જણાવેલ જે પત્ર શહેર વિકાસ ખાતામાં તા.૨૩/૦૭/૧૩ ના રોજ મળેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી અરજદારશ્રીએ ટી.પી.સ્કીમ નં.૨૫ (સીંગણપોર) ફા.પ્લોટ નં. ૮૧ વાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી મેળવવા અર્થે રજુ કરેલ તમામ ડોકયુમેન્ટસ, રજાચિઠ્ઠી, પ્લાન સહિતની માંગેલ માહિતી અન્વયે શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા કોઈ પ્લાનો રજુ/મંજુર થયેલ ન હોવાથી તેની માહિતી આપી શકાય તેમ નથી, તે બાબતનો અરજદારશ્રીને માહિતી/ પ્રત્યુતર પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જેથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

–:: હુકમ ::–

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨–૫–૧૩ ની મુળ અરજી સંદર્ભે નકારાત્મક પ્રત્યુતર પાઠવેલ હોવાનું જણાવી તા. ૦૧–૭–૧૩ ના રોજ અરજદારશ્રીએ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ અપીલ અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતગર્ત અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને રૂબરુ સુનાવણી માટે તેઓને તા.૨૩–૦૭–૧૩ ના રોજ બોલાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી રૂબરુ સુનાવણીમાં હાજર રહેલ નથી તથા હાજર ન રહી શકવા બાબતે પત્ર પાઠવી તેઓએ માંગેલ માહિતી પુરી પાડવા જણાવેલ છે. રૂબરુ સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીએ અરજીમાં જણાવેલ મિલ્કત સંબંધે શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા ઉકત મિલ્કતમાં કોઈ પ્લાનો રજુ/ મંજુર થયેલ ન હોવાથી પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલો આપી શકાય તેમ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે તથા તે મુજબ અરજદારશ્રીને તા.૨૨/૦૫/૨૦૧૩ ના પત્રથી માહિતી પુરી પાડેલ હોવાનું જણાવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૭૦, તા.૦૬–૦૮–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૭૧
તા.૦૭–૦૮–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૪–૦૬–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી અશરફ એ.અનસારી**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અશરફ એ.અન્સારીની તા.૨૨–૫–૧૩ ની આઈ.ડી નં.૨૮૨ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી શ્રી અશરફ એ.અન્સારીની તા.૨૨/૦૫/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી.નં ૨૮૨ જેનો શહેર વિકાસ ખાતાનો આઈ.ડી.નં.:ટીડીઓ.૨૮૨,તા.૨૯–૫–૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૨૮–૫–૧૩ ના પત્ર નં સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૬૪૮ થી શહેર વિકાસ ખાતાની કચેરીમા તબદીલ કરવામાં આવેલ અરજી.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૦૫–૬–૧૩ ના પત્ર નં ટીડીઓ/૩૫૯ થી શહેર વિકાસ ખાતાને સંલગ્ન મુદ્દા નં.૩(એ) ની અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી.

(૪) અરજદારશ્રી અશરફ એ.અન્સારી ધ્વારા નમુનો "જ" માં સેન્ટ્રલ ઝોન કચેરીમાં તા.૨૪–૬–૧૩ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી નં. ૧૨૪

(૫) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા.૨૬–૬–૧૩ ના પત્ર નં સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં ૯૬૧ થી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૫૮ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

(૭) અરજદારશ્રી અશરફ એ.અન્સારીની તા. ૮–૭–૨૦૧૩ ની લેખિત રજુઆત.

(૮) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીનો તા. ૧૨–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૬૪ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

અરજદારશ્રી અશરફ એ.અન્સારી ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા. ૨૨–૫–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૨૮–૫–૧૩ ના પત્ર નં સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૬૪૮ થી અરજી વીજીલન્સ વિભાગ, સાઉથ ઝોન તથા શહેર વિકાસ વિભાગમાં અરજી તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી અશરફ એ.અન્સારી ને શહેર વિકાસ ખાતાની કચેરીને સંલગ્ન માહિતીનો પ્રત્યુતર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી અશરફ એ.અન્સારી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ માત્ર મુદ્દા નં૩(એ) સિવાય અન્ય મુદ્દાઓની માહિતી / પ્રત્યુતર પાઠવેલ નહી હોવાનું કારણ જણાવી નુમનો "જ" માં તા. ૨૪–૬–૧૩ ના રોજ અપીલ અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા. ૨૬–૬–૧૩ ના રોજ પત્ર નં સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/ નં ૯૬૧ થી સદરહુ અપીલ અરજી વીજીલન્સ વિભાગ, સાઉથ ઝોન કચેરી તથા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૦/૦૭/૧૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્ર નં. ટીડીઓ/અપીલ/૫૮, તા.૦૨/૦૭/૧૩ થી જાણ કરેલ. જે અન્વયે અરજદારશ્રી અશરફ એ.અન્સારી ધ્વારા તેમના તા. ૮–૭–૧૩ ના લેખિત પત્રથી તા. ૧૦–૭–૧૩ ના રોજ રૂબરુ સુનાવણી માટે તેઓ હાજર રહી શકે તેમ ન હોય, રૂબરુ સુનાવણી માટે તા. ૨૦–૭–૧૩ પછીની તારીખ આપવા રજુઆત કરેલ. જે અન્વયે તા.૨૪–૭–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા પત્ર નં.: ટીડીઓ/અપીલ/૬૪, તા.૧૨/૦૭/૧૩ થી જાણ કરેલ. સદર દિવસે અરજદારશ્રીએ હાજર રહી તેઓની અરજીના મુદ્દા નં(૧) થી (૧૪) પૈકી ફકત મુદ્દા નં૩(એ) ની જ મીહતી આપવામાં આવેલ હોય,

બાકીના મુદ્દાની સંપૂર્ણ માહિતી આપવા રજુઆત કરેલ . જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી અરજદારશ્રીની અરજી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા વીજીલન્સ વિભાગ તથા સાઉથ ઝોન કચેરીમાં પણ તબદીલ કરેલ હોય, અત્રેના શહેર વિકાસ વિભાગને સલંગ્ન મુદ્દા નં૩(એ) ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ તેમજ બાકીના અન્ય મુદ્દાઓની માહિતી બાબતે વીજીલન્સ વિભાગ તથા સાઉથ ઝોન કચેરીનો સંપર્ક સાધી મેળવી લેવા અંગે અરજદારશ્રીને સમજ આપેલ. જે અંગે અરજદારે સંતોષ વ્યકત કરેલ હતો. જેથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી અશરફ એ.અન્સારીની તા.૨૨–૫–૧૩ ની મુળ અરજી સંદર્ભે મુદ્દા નં. (૩) એ ઉપરાંતના અન્ય મુદ્દાઓની માહિતીનો પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૨૪–૬–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ અપીલ અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતગર્ત રૂબરુ સુનાવણી માટેની નિયત તા.૨૪/૦૭/૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહી મુદ્દા નં. (૩) એ ઉપરાંતના અન્ય મુદ્દાઓની માહિતી મળેલ નહી હોવાની અરજદારશ્રીએ કરેલ રજુઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી મુળ અરજીના તમામ મુદ્દાઓ પૈકી ફકત મુદ્દા નં. ૩(એ) શહેર વિકાસ ખાતાને સલંગ્ન હોય, સદર મુદ્દાની માહિતી અરજદારશ્રીને આપેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે તેમજ અન્ય મુદ્દાઓ માટે વીજીલન્સ વિભાગ તથા સાઉથ ઝોન કચેરીનો સંપર્ક સાધવા સમજ અરવદારશ્રીને આપેલ છે જે અન્વયે અરજદારે સંતોષ વ્યકત કરેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ શહેર વિકાસ વિભાગના કાર્યક્ષેત્રની માહિતી આપેલ હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અરજદારશ્રી અન્ય મુદ્દાઓની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી, વીજીલન્સ વિભાગ તથા જાહેર માહિતી અધિકારીશ્રી સાઉથ ઝોન કચેરીનો સંપર્ક સાધી જરૂરી માહિતી મેળવી શકે છે અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૭૧, તા.૦૭–૦૮–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૭૨
તા.૦૮–૦૮–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૨–૦૪–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬–૨–૧૩ ની આઈ.ડી નં.૨૨૦૯ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૦/૦૩/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી આઈ.ડી.નં ૨૪૨૭, ટીડીઓ.આઈ.ડી. નં.: ૩૯

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (વેસ્ટ ઝોન) કચેરી ધ્વારા તા. ૯–૪–૧૩ ના પત્ર નં વેસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/૬૭ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને મુદ્દા નં(૨) થી (૪) ની માહિતી બાબતે અરજી તબદીલ કરવામાં આવી.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૫–૫–૧૩ ના પત્ર નં ટીડીઓ/૨૧૬ થી મુદ્દા નં(૨) થી (૪) ની માહિતી આપશ્રીને પુરી પાડવામાં આવી.

(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા વેસ્ટ ઝોન કચેરીમાં તા. ૨૨–૫–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી નં. ૩૩ રજુ કરી.

(૫) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) કચેરી ધ્વારા તા. ૨૯–૫–૧૩ ના પત્ર નં વેસ્ટ ઝોન/ આર.ટી.આઈ.સેલ/ ૩૭૯ થી પ્રમથ અપીલ અરજી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવી.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૧–૬–૧૩ ના પત્ર નં ટીડીઓ/૧૬૬૭ થી આપને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવતો પત્ર પાઠવેલ.

(૭) આપશ્રી ધ્વારા તા. ૨૮–૬–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટર ખાતે કરેલ લેખિત રજુઆત.

(૮) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીનો તા. ૧૧–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૬૨ થી રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવતો પત્ર.

(૯) આપશ્રી ધ્વારા તા. ૧૫–૭–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટર ખાતે કરેલ લેખિત રજુઆત.

(૧૦) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીનો તા. ૧૯–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૬૮ થી રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવતો પત્ર.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલઝોન કચેરી ધ્વારા તા. ૨–૪–૧૩ ના પત્ર નં સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૧૩ થી વેસ્ટ ઝોન કચેરીમાં અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી વેસ્ટ ઝોન કચેરી ના તા. ૯–૪–૧૩ ના પત્ર નં વેસ્ટ ઝોન/ આરટીઆઈસેલ/ ૬૭ થી મુદ્દા નં(૨) થી (૪) ની માહિતી બાબતે અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવી. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને મુદ્દા નં(૨) થી (૪) ની માહિતી પુરી પાડવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ, નુમનો " જ માં તા. ૨૨–૫–૧૩ ના રોજ અપીલ અરજી રજુ કરવામાં આવી. જે અપીલ અરજી વેસ્ટ ઝોન કચેરી ધ્વારા તા. ૨૯–૫–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને, પત્ર નં. ટીડીઓ/૧૬૬૭ તા. ૨૧–૬–૧૩ થી તા.૨૮–૦૬–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જાણ કરેલ. જે અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા ઉકત અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ અપીલ અરજીમાં સેન્ટ્રલ ઝોનનો આઈ.ડી નંબર કયો છે સહિતની વિગતો જણાવવા વિનંતી કરી આધાર સહ પુરાવા સહિત હાજર રહેવા રૂબરુ સુનાવણી માટે ફરી તારીખ આપવા જણાવેલ. જે અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પત્ર નં ટીડીઓ/અપીલ/૬૨, તા. ૧૧–૭–૧૩ થી અરજદારને આઈ.ડી નંબર સહિતની માંગ્યા મુજબની માહિતી આપી, ફરીથી અરજદારને તા. ૧૭–૭–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ. જે અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા. ૧૫–૭–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટર ખાતે લેખિત જાણ કરી રૂબરુ સુનાવણીના દિવસે હાજર રહી શકે તેમ નથી.જેથી માંગેલ જે પણ માહિતી હોય તે તેઓને મોકલી આપવા લેખિતમાં જાણ કરેલ. અરજદાર તા. ૧૭–૭–૧૩ ના રોજ હાજર ન રહેતા તા.

૨૫–૭–૧૩ નાં રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ સદર દિવસે પણ અરજદાર હાજર રહેલ નથી. જેથી તેઓની તા. ૧૫–૭–૧૩ ની રજુઆતને ધ્યાને લઈ તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૨૫–૭–૧૩ ના રોજ હાજર રહી તેઓ તરફથી અરજદારને ઉપલબ્ધ રેકર્ડ પરની તમામ માહિતી પાઠવેલ હોવાનું તથા બી.યુ.સી અને સ્ટ્રકચરલ સ્ટેબીલીટીની નકલો રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાથી જે નકલો આપી શકાય નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૦–૩–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૧૫–૫–૧૩ ના રોજ પાઠવેલ જવાબની સાથે માંગ્યા મુજબની મુદ્દા નં(૩) તથા (૪) માં જણાવેલ માહિતી / નકલો નહી આપેલ હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૨–૪–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીની અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને રૂબરૂ સુનાવણી માટે તા. ૧૭–૭–૧૩ અને તા.૨૫–૭–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી માટેની તક આપવામાં આવેલ છે જે અન્વયે અરજદારશ્રી રૂબરૂ સુનવણી માટે હાજર રહેલ નથી અને તા.૧૫–૭–૧૩ ના પત્રથી તેઓએ અગાઉના તેઓના તા. ૩૦–૩–૧૩ ની મુળ અરજીમાં જણાવેલ માહિતી આપવા રજુઆત કરેલ છે જે સિવાય અન્ય વધુ કોઈ રજુઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી તા.૧૭–૭–૧૩ અને તા.૨૫–૭–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેલ છે તથા અરજદારશ્રીની માહિતી માંગતી તા.૩૦–૩–૧૩ ની અરજી સંદર્ભે તેઓ ધ્વારા શહેર વિકાસ ખાતાના રેકર્ડ પર ઉપલબ્ધ મંજુર પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલ અરજદારશ્રીને પાઠવી માહિતી આપેલ તેમજ બી.યુ.સી અને સ્ટ્રકચરલ સ્ટેબીલીટીની નકલો રેકર્ડ પર ઉપલબ્ધ નહી હોવાથી અરજદારને પાઠવી શકાયેલ નહી હોવાની તેમજ મુદ્દા.નં(૪) ની વિગતો પણ રેકર્ડ પર ઉપલબ્ધ નહી હોવાની તેમજ શહેર વિકાસ ખાતાના કાર્યક્ષેત્ર હેઠળ નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે.. જે ધ્યાને લેતા શહેર વિકાસ ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ફેર યોગ્ય ચકાસણી કરી અરજદારશ્રીએ માંગ્યા મુજબની માહિતી/ નકલો તેઓને ઉપલબ્ધ કરાવવા સનિષ્ઠ પ્રયત્ન કરવા તથા અરજદારશ્રી ઈચ્છે તો પ્રશ્નવાળી મિલ્કત સંબંધેનો ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરૂ છુ.આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૭૨, તા.૦૮–૦૮–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૯૩
તા. ૦૭–૯–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૭–૦૮–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નાસીરખાન સીમેન્ટવાળા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નાસીરખાન સીમેન્ટવાળાની તા.૦૧–૫–૧૩ ની આઈ.ડી નં.૭૩ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી નાસીરખાન સીમેન્ટવાળાની,તા.૦૧/૦૫/૧૩ ના રોજ મધ્યસ્થ કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી.ટીડીઓ.આઈ.ડી. નં.: ૭૩**
**(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કર્લાક ધ્વારા તા.૦૨–૫–૧૩ ના પત્ર નં.સી/૪૮૨ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૩) મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૮/૦૫/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૨૩૮ થી મુદ્દા નં(૬) થી (૯) તથા (૧૧) ની માહિતી બાબતે અરજી મદદનીસ જાહેર માહિતી અધિકારીશ્રી, લીંબાયત ઝોન કચેરીને તબદીલ કરવામાં આવી.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ધ્વારા, તા.૦૭/૦૮/૧૩ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ.અપીલ.૨૭**
**(૫) અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૪–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આરટીઆઈ/૫૮૩ થી તેમના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી પુરી પાડી.**
**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૭–૮–૧૩ ના પત્ર ટીડીઓ/ અપીલ નં ૭૫ થી રૂબરુ સુનાવણી માટે લખેલ પત્ર.**

અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ. મધ્યસ્થ કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવી. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને આસી.ઈજનેર ધ્વારા મુદ્દા નં(૬) થી (૯) તથા (૧૧) ની માહિતી બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુનીયર/આસી.ઈજનેર, લીંબાયત ઝોન કચેરીને આંશિક અરજી તબદીલ કરવામાં આવી. અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા તરફથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાનું જણાવીએ નમુનો "જ" માં અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૭–૮–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી માહિતી અરજદારશ્રીને તા. ૧૪–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/ આરટીઆઈ/ ૫૮૩ થી મુદ્દા નં(૧) થી (૬) અને (૧૦) ની માહિતી પુરી પાડવામાં આવી. અરજદારશ્રીની અપીલ સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૭–૮–૧૩ ના પત્ર નં. ટીડીઓ/અપીલ/૭૫ થી તા.૩૦/૦૮/૧૩ ના રોજ રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા જાણ કરેલ. જે અન્વયે સદર દિવસે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી તેઓ તરફથી અરજદારને માહિતી/ નકલો તા.૧૪–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આરટીઆઈ/૫૮૩ થી પુરી પાડેલ હોવાની રજુઆત કરેલ.જયારે હાજર રહેલ અરજદારશ્રીએ તેઓને માંગ્યા મુજબની માહિતી/નકલો વિના મુલ્યે મળી ગયેલ હોવાથી,તેઓની અપીલ અરજી દફતરે કરવા લેખિત વિનંતી કરેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાની તા.૧–૫–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ મુદ્દા નં(૬) થી (૯) તથા (૧૧) ની માહિતી બાબતે અરજી મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી, લીંબાયત ઝોનને અરજદારશ્રીની જાણ હેઠળ અરજી તબદીલ કરેલ તેમજ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને લગતી માહિતી/નકલો વિનામુલ્યે અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૧૪–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આરટીઆઈ/૫૮૩ થી પુરી પાડેલ હોવાની કરેલ સ્પષ્ટતા તેમજ અરજદારશ્રી ધ્વારા તેઓને માંગ્યા મુજબની માહિતી/ નકલો વિના મુલ્યે મળી ગયેલ હોય, જેથી આ અપીલ અરજી દફતરે કરવા કરેલ રજુઆત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. ,આમ, અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૯૩, તા. ૦૭–૯–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૯૫
તા. ૧૧ –૯–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૮–૦૮–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નાસીરખાન સીમેન્ટવાળા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નાસીરખાન સીમેન્ટવાળાની તા.૦૧–૫–૧૩ ની આઈ.ડી નં.૭૨ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી નાસીરખાન સીમેન્ટવાળાની,તા.૦૧/૦૫/૧૩ ના રોજ મધ્યસ્થ કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી.ટીડીઓ.આઈ.ડી. નં.: ૧૩૪**
**(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કર્લાક ધ્વારા તા.૦૨–૫–૧૩ ના પત્ર નં.સી/૪૮૧ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૩) મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૦૫/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૨૩૧ થી મુદ્દા નં(૨), (૪),(૬) થી (૧૨)ની માહિતી બાબતે અરજી મદદનીસ જાહેર માહિતી અધિકારીશ્રી, લીંબાયત ઝોન કચેરીને તબદીલ કરવામાં આવી.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ધ્વારા, તા.૦૮/૦૮/૧૩ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ.અપીલ.૨૮**
**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૭–૮–૧૩ ના પત્ર ટીડીઓ/ અપીલ નં ૭૬ થી મુદખા નં(૨), (૪), (૬) થી (૧૨) ની માહિતી બાબતે અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, લીંબાયત ઝોનને તબદીલ કરવામાં આવી.રૂબરુ સુનાવણી માટે લખેલ પત્ર.**
**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૭–૮–૧૩ ના પત્ર ટીડીઓ/ અપીલ નં ૭૭ થી રૂબરુ સુનાવણી માટે લખેલ પત્ર.**

અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ. મધ્યસ્થ કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવી. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને આસી.ઈજનેર ધ્વારા મુદ્દા નં(૨)(૪),(૬) થી (૧૨) ની માહિતી બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુનીયર/આસી.ઈજનેર, લીંબાયત ઝોન કચેરીને આંશિક અરજી તબદીલ કરવામાં આવી. અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા તરફથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાનું જણાવીએ નમુનો "જ" માં અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૮–૮–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારની અરજીના મુદ્દા નં(૨), (૪) તથા (૬) થી (૧૨) ની માહિતી અન્વયે આંશિક અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, લીંબાયત ઝોન ને તબદીલ કરવામાં આવી તેમજ અરજદારશ્રીની અપીલ સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૭–૮–૧૩ ના પત્ર નં. ટીડીઓ/અપીલ/૭૫ થી તા.૩૦/૦૮/૧૩ ના રોજ રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા જાણ કરેલ. જે અન્વયે નિયત દિવસે હાજર રહેલ અરજદારશ્રીએ તેઓને માંગ્યા મુજબની માહિતી/ નકલો વિના મુલ્યે મળી ગયેલ હોવાથી અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી તેઓ તરફથી અરજદારને માહિતી/ નકલો વિના મુલ્યેપુરી પાડેલ હોવાની રજુઆત કરેલ.આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાની તા.૧–૫–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ મુદ્દા નં(૨),(૪), (૬) થી (૧૨) ની માહિતી બાબતે અરજી મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી, લીંબાયત ઝોનને અરજદારશ્રીની જાણ હેઠળ અરજી તબદીલ કરેલ તેમજ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને લગતી માહિતી/નકલો વિનામુલ્યે અરજદારશ્રીને પુરી પાડેલ હોવાની જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ કરેલ સ્પષ્ટતા તેમજ અરજદારશ્રી ધ્વારા તેઓને માંગ્યા મુજબની માહિતી/ નકલો વિના મુલ્યે મળી ગયેલ હોય, જેથી આ અપીલ અરજી દફતરે કરવા કરેલ રજુઆત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૯૫, તા. ૧૧ –૯–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૯૬
તા. ૧૨–૯–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૨–૦૭–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી હેમંત એન.દેસાઈ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની,તા.૨૦–૬–૧૩ ની આઈ.ડી નં.૬૩૯ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી હેમતં એન.દેસાઈની તા.૨૦/૦૬/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી.નં ૬૩૯ જેનો શહેર વિકાસ ખાતાનો આઈ.ડી.નં.:ટીડીઓ.૩૫૩,તા.૨–૭–૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૦૧–૭–૧૩ ના પત્ર નં સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૯૯૯ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ અરજી.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૯–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/૫૦૦ થી શહેર વિકાસ ખાતાને સંલગ્ન મુદ્દા નં.(૧) તથા (૨) ની અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી.

(૪) અરજદારશ્રી હેમંત એન.દેસાઈ ધ્વારા નમુનો "જ" માં સેન્ટ્રલ ઝોન કચેરીમાં તા.૨૨–૭–૧૩ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી નં. ૧૬૦,ટીડીઓ/અપીલ/૨૪

(૫) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા.૨૩–૭–૧૩ ના પત્ર નં સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં ૧૨૯૭ થી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૨–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૭૩ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

અરજદારશ્રી હેમંત અને.દેસાઈ ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા. ૨૦–૬–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૦૧–૭–૧૩ ના પત્ર નં સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૯૯૯ થી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી હેમતં એન.દેસાઈ ને શહેર વિકાસ ખાતાની કચેરીને સંલગ્ન માહિતીનો પ્રત્યુતર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી હેમંત એન.દેસાઈ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સમય મર્યાદામાં માહિતી / પ્રત્યુતર પાઠવેલ નહી હોવાનું કારણ જણાવી નુમનો "જ" માં તા. ૨૨–૭–૧૩ ના રોજ અપીલ અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા.૨૬–૭–૧૩ ના રોજ પત્ર નં સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/ નં ૧૨૯૭ થી સદરહુ અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૭/૦૮/૧૩ ના રોજ સાંજે ૪ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્ર નં. ટીડીઓ/અપીલ/૭૩, તા.૧૨/૦૮/૧૩ થી જાણ કરેલ. સદર દિવસે અરજદારશ્રીએ હાજર રહી તેઓને સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ કોઈપણ મિલ્કતના પરવાનગી લીધા વગર હેતુફેર કે વસવાટ કરવામાં આવે તો જવાબદારી કોની રહે છે તેની માહિતી આપવા રજુઆત કરેલ. જયારે હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની શહેર વિકાસ ખાતાને સંલ્ગન માહિતી નિયત સમય મર્યાદામાં પુરી પાડેલ હોવાની તેમજ અરજદારે કરેલ રજુઆત અન્વયે સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ કોઈપણ મિલ્કતના પરવાનગી લીધા વગર હેતુફેર કે વસવાટ કરવામાં આવે તો તેની જવાબદારી જે તે મિલ્કત જે ઝોન કચેરી અથવા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય તે સંબંધિત ઝોન કચેરીની અથવા શહેર વિકાસ (મધ્યસ્થ) ની રહે છે. અરજદારશ્રી ધ્વારા તેઓને કોઈ ચોકકસ મિલકત અંગેની માહિતીની જરૂર હોય તો તે મિલ્કતની વિગતો આપ્યેથી સદરહુ મિલ્કત અંગેની જવાબદારી ચોકકસ કયા ઝોન અથવા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાની છે તે અંગેની માહિતી આપી શકાશે તે

પ્રમાણે અરજદારશ્રીને સમજ આપેલ છે.જે અંગે અરજદારે સંતોષ વ્યકત કરી તેઓને ચોકકસ કઈ મિલ્કત અંગેની માહિતી જોઈએ તે અંગે હવે પછી તેઓ નવેસરથી મિલ્કતની વિગતો સહિત અરજી કરશે તેમ જણાવેલ. જેથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી હેમંત એન.દેસાઈની તા.૨૦–૬–૧૩ ની મુળ અરજી સંદર્ભે નિયત સમય મર્યાદામાં માહિતી/પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૨૨–૭–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ અપીલ અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતગર્ત રૂબરુ સુનાવણી માટેની નિયત તા.૧૭/૦૮/૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહી અરજદારશ્રીએ તેઓને નિયત સમય મર્યાદામાં માહિતી મળેલ નહી હોવાનું જણાવી તેઓને સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ કોઈપણ મિલ્કતના પરવાનગી લીધા વગર હેતુફેર કે વસવાટ કરવામાં આવે તો જવાબદારી કોની રહે છે તેની માહિતી આપવા રજુઆત કરેલ. અરજદારે કરેલ રજુઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભેની માહિતી નિયત સમય મર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાવી, સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ કોઈપણ મિલ્કતના પરવાનગી લીધા વગર હેતુફેર કે વસવાટ કરવામાં આવે તો તેની જવાબદારી જે તે મિલ્કત જે ઝોન કચેરી અથવા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય તે સંબંધિત ઝોન કચેરીની અથવા શહેર વિકાસ (મધ્યસ્થ) ની રહે છે. અરજદારશ્રી ધ્વારા તેઓને કોઈ ચોકકસ મિલકત અંગેની માહિતીની જરૂર હોય તો તે મિલ્કતની વિગતો આપ્યેથી સદરહુ મિલ્કત અંગેની જવાબદારી ચોકકસ કયા ઝોન અથવા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાની છે તે અંગેની માહિતી આપી શકાશે તે પ્રમાણે અરજદારશ્રીને સમજ આપેલ છે.જે અંગે અરજદારે સંતોષ વ્યકત કરી તેઓને ચોકકસ કઈ મિલ્કત અંગેની માહિતી જોઈએ તે અંગે હવે પછી તેઓ નવેસરથી મિલ્કતની વિગતો સહિત અરજી કરશે તેમ જણાવેલ.**

**ઉપરોકત વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ શહેર વિકાસ વિભાગના કાર્યક્ષેત્રની માહિતી આપેલ હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારશ્રીને ચોકકસ કોઈ મિલ્કત સંદર્ભે જરૂરીયાત હોય તો તે માટે અરજદારશ્રી, જે તે સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને અલગથી નિયામાનુસાર અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૯૬, તા. ૧૨–૯–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૦૧
તા. ૧૯–૯–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૯–૦૮–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી સુરેશ એમ.પટેલ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની,તા.૨૫–૬–૧૩ ની આઈ.ડી નં.૬૭૮ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી સુરેશ એમ.પટેલની તા.૨૫/૦૬/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી.નં ૬૭૮ જેનો શહેર વિકાસ ખાતાનો ટીડીઓ.આઈ.ડી.નં.:૩૫૭,તા.૨–૭–૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૦૧–૭–૧૩ ના પત્ર નં સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ અરજી.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૦–૭–૧૩ ના પત્ર નં ટીડીઓ/૫૦૧ થી શહેર વિકાસ ખાતાને સંલગ્ન મુદ્દા નં.(૧) તથા (૭) ની અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી.

(૪) અરજદારશ્રી સુરેશ એમ.પટેલ ધ્વારા નમુનો "જ" માં સેન્ટ્રલ ઝોન કચેરીમાં તા.૨૯–૮–૧૩ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી નં. ૨૧૧,ટીડીઓ/અપીલ/૩૬

(૫) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા.૨૯–૮–૧૩ ના પત્ર નં સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં ૧૭૦૮ થી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૪–૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૮૩ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

અરજદારશ્રી સુરેશ એમ.પટેલ ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા. ૨૫–૬–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૦૧–૭–૧૩ ના પત્ર નં સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૦૧૭ થી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી સુરેશ એમ.પટેલ ને શહેર વિકાસ ખાતાની કચેરીને સંલગ્ન માહિતીનો પ્રત્યુતર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી સુરેશ એમ.પટેલ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સમય મર્યાદામાં માહિતી / પ્રત્યુતર પાઠવેલ નહી હોવાનું કારણ જણાવી નુમનો "જ" માં તા. ૨૯–૮–૧૩ ના રોજ અપીલ અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) કચેરી ધ્વારા તા૨૯–૮–૧૩ ના રોજ પત્ર નં સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/ નં ૧૭૦૮ થી સદરહુ અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૧/૦૯/૧૩ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્ર નં. ટીડીઓ/અપીલ/૮૩, તા.૦૪/૦૯/૧૩ થી જાણ કરેલ. સદર દિવસે અરજદારશ્રીએ હાજર રહી તેઓને ફકત સેન્ટ્રલ ઝોન કચેરી તરફથી નિયત સમય મર્યાદામાં પ્રત્યુતર મળેલ હોય જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા શહેર વિકાસ વિભાગની માહિતી પાઠવેલ નહી હોય તે માહિતી આપવા રજુઆત કરેલ. જયારે હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની શહેર વિકાસ ખાતાને સંલગ્ન માહિતી નિયત સમય મર્યાદામાં પુરી પાડેલ હોવાની તેમજ તેઓને માહિતી મળ્યા અંગેની રજીસ્ટર પોષ્ટ એ.ડી. પોષ્ટ ની સ્લીપની નકલ પણ બતાવેલ. જે અંગે અરજદારે સંતોષ વ્યકત કરેલ તેમજ શરતચુકથી અપીલ અરજી અત્રેના વિભાગમાં રજુ કરેલ હોય તથા તેઓને માંગ્યા મુજબની માહિતી મળી ગયેલ હોય, અપીલ અરજી દફતરે કરવા રજુઆત કરેલ.. જેથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

–:: હુકમ ::–

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી સુરેશ એમ.પટેલની તા.૨૫–૬–૧૩ ની મુળ અરજી સંદર્ભે નિયત સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારીશ્રી શહેર વિકાસ વિભાગ ધ્વારા માહિતી/પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૨૯–૮–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ અપીલ અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતગર્ત રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૧૧/૦૯/૧૩ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અરજદારશ્રીએ તેઓને નિયત સમય મર્યાદામાં માહિતી મળેલ નહી હોવાનું જણાવી તેઓને તે માહિતી આપવા રજુઆત કરેલ. અરજદારે કરેલ રજુઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભેની માહિતી નિયત સમય મર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાવી,તેમજ અરજદારને માહિતી મળ્યા અંગેની રજીસ્ટર પોષ્ટ એડીની સ્લીપ પણ બતાવેલ જેનાથી અરજદારે સંતોષ વ્યકત કરેલ છે.તેમજ તેઓએ શરતચુકથી શહેર વિકાસ વિભાગમાં અપીલ અરજી રજુ કરેલ હોય, અપીલ અરજી દફતરે કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ શહેર વિકાસ વિભાગના કાર્યક્ષેત્રની માહિતી આપેલ હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૧૦૧, તા. ૧૯–૯–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૦૪
તા.૨૦/૦૯/૨૦૧૩

**અપીલ અરજી તા.૧૪/૦૮/૨૦૧૩**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની ગૃડા–૨૦૧૧ તા.૧૫/૦૬/૨૦૧૩ બાબતે માહિતી માંગતી "નમુના–ક"ની અરજી .આઈ.ડી. નં.: ૬૦૬**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/ આરટીઆઈ / ૪૬૬, તા.૦૪/૦૭/૨૦૧૩**
**(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુનો–જ" માં તા.૧૪/૦૮/૧૩ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટેના શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીશ્રીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૮૬, તા.૦૫/૦૯/૧૩**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૧૫/૦૬/૧૩ ના રોજ આઈ.ડી. નં.: ૬૦૬ થી માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૯૪, તા.૧૭/૦૬/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તથા જાહેર હિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, તમામ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૨) હેઠળના પત્રથી મુદ્દા નં. (૨) તથા (૩) પૈકી શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની પાઠવવા જોગ માહિતી અન્વયે કોઈ અલગ રેકર્ડ નિભાવવામાં આવતો ન હોવાનું જણાવી ગૃડા–૨૦૧૧ હેઠળ અનઅધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા માટે અત્રે પ્રાપ્ત થયેલ અરજી પૈકી ૧૦૨૫ અરજી અન્વયે આજદીન સુધીમાં રકમ રૂા.૨૩૦૬.૧૬ લાખ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ પેટે ભરપાઈ કરાવવામાં આવેલ હોવાનુ જણાવવામાં આવેલ છે.તદઉપરાંત સદર બાબતે અત્રે ઉપલબ્ધ રજીસ્ટરોનું આપ રૂબરુ નીરીક્ષણ કરી માહિતી મેળવી શકો છો હોવાનું જણાવેલ. ઉકત પાઠવેલ જવાબથી નારાજ થઈ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી પ્રથમ અપીલ રજુ કરેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૧/૦૯/૧૩ ના રોજ સવારે ૧૧:૨૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૧૧/૦૯/૧૩ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, અનઅધિકૃત બાંધકામને નિયમીત કરવા માટે પ્રાપ્ત થયેલ અરજીઓ પૈકી શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગ ધ્વારા અનઅધિકૃત બાંધકામને નિયમબધ્ધ કરવામાં આવેલ ફાઈલો / રેકર્ડની રૂબરુ નીરીક્ષણ કરી તે અન્વયે જરૂરિયાત અનુસાર માહિતી મેળવી શકે તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ ફાઈલનું રેકર્ડ ઈન્સ્પેકશકન કરી માહિતી મેળવી લેવા સંમતિ દર્શાવેલ છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૫–૬–૧૩ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને આવી માહિતી અલગથી નિભાવવામાં આવતી ન હોય, ઉપલબ્ધ રજીસ્ટરોનું નીરીક્ષણ કરીને કાગળોની નકલની જરૂરીયાત હોય તે જણાવ્યેથી અત્રેથી અરજદારશ્રી ઈચ્છે તે મુજબ માહિતી મેળવી શકે તેમ હોવાની અરજદારશ્રીને સમજ આપેલ છે. જેનાથી અવગત થઈ અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે.

જેથી અરજદારશ્રીને અનઅધિકૃત બાંધકામને નિયમીત કરવા માટે પ્રાપ્ત થયેલ અરજીઓ પૈકી શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગ ધ્વારા અનઅધિકૃત બાંધકામને નિયમબધ્ધ કરવામાં આવેલ ફાઈલો સંબંધેનો રેકર્ડનું નીરીક્ષણ કરવા દેવા હુકમ કરવામાં આવે છે. ઉકત રેકર્ડ નીરીક્ષણ દરમ્યાન જે નકલોની જરૂરીયાત હોય, તો અરજદારશ્રી તે નિયમોનુસાર મેળવવા સ્વતંત્ર છે તથા સદરહુ નકલોથી અરજદારશ્રી તરફથી માંગણી કરવામાં આવે તો સદરહુ નકલો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ નિયમોનુસાર અરજદારને આપવાની રહેશે, આમ અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૧૦૪, તા.૨૦/૦૯/૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૦૫
તા.૨૦–૯–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૫–૧૮/૦૬/૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

<u>ફરીયાદીની હકીકત :–</u>

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની,તા.૭–૫–૧૩ ની આઈ.ડી નં.૧૪૧, ટીડીઓ.આઈ.ડી નં.૧૭૫ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની તા.૭/૫/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી નં ૧૪૧,ટીડીઓ.આઈ.ડી. નં.: ૧૭૫**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન કચેરી ધ્વારા તા.૧૦–૫–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને માહિતી બાબતે અરજી તબદીલ કરતો પત્ર.**
**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૬/૦૬/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૪૨૮ થી માહિતી પુરી પાડતો પત્ર.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની ધ્વારા તા.૧૫–૧૮/૦૬/૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન કચેરી નેં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ અપીલ/૧૬**
**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૬–૯–૧૩ ના ટીડીઓ અપીલ નં.૮૭ થી અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.**

અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી વેસ્ટ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન (રાંદેર)કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાને સંદર્ભ (૩) ના પત્રથી તમામ માહિતી તેમજ માંગ્યા મુજબની નકલો વિના મુલ્યે માહિતી પુરી પાડવામાં આવેલ છે. અરજદારશ્રીએ માહિતી મળેલ ન હોવાનું કારણ જણાવી નમુનો "જ" માં અત્રેની કચેરીમાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૧૩–૯–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવ્યો.

અરજદાર ઉકત દિને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ ન હતા તથા હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને માંગ્યા મુજબની માહિતી/ નકલો વિના મુલ્યે પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ની તા.૦૭/૫/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ માહિતી પુરી પાડેલ નહી હોવાનું જણાવી તા.૧૫–૬–૧૩ ના રોજ અપીલ અરજી દાખલ કરેલ છે. અરજદાર નિયત તારીખે રૂબરુ સુનાવણીમાં હાજર રહેલ નથી કે આ બાબતે વધુ કોઈ લેખિત રજુઆત કરેલ નથી. અરજદારશ્રીની માહિતી માંગતી તા.૦૭–૦૫–૧૩ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા મુદ્દા નં(૧) થી(૧૭) ની તમામ માહિતી પુરી પાડેલ છે તેમજ માંગ્યા મુજબની નકલો વિના મુલ્યે અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાની કરેલ સ્પષ્ટતા ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને**

**ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ સંદર્ભે  અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૦૫, તા.૨૦–૯–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ.૧૧૧
તા. ૦૧ –૧૦–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૬–૦૯–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી સુનિલ રાજેન્દ્ર બર્મન**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુનિલ રાજેન્દ્ર બર્મન ની તા.૧૨–૦૮–૧૩ ની આઈ.ડી નં.૧૦૧૭ (ટીડીઓ આઈ.ડી નં૫૦૪) થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારશ્રી શ્રી સુનિલ રાજેન્દ્ર બર્મન ની તા.૧૨/૦૮/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક" માં સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ અરજી આઈ.ડી. નં.:૧૦૧૭

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૧૩–૦૮–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૪૯૭ થી અરજી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારશ્રી ધ્વારા આંશિક માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીને તા. ૨૨–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ આર.ટી.આઈ. ૬૨૦ થી તબદીલ કરવામાં આવી.

(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારશ્રી ધ્વારા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સંલગ્ન માહિતી તા. ૨૨–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ આર.ટી.આઈ. ૬૨૧ થી અરજદારને પુરી પાડવામાં આવી.

(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી સુશીલ રાજેન્દ્ર બર્મન ધ્વારા તા.૦૩/૦૯/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.નં૨૨૨,ટીડીઓ.૪૩

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા આંશિક અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીને તા. ૧૨–૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૯૭ થી તબદીલ કરવામાં આવી.

(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૮–૦૯–૧૩ ના રોજ અરજદાર તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને રૂબરુ હાજર રહેવા માટે તા. ૧૨–૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/ અપીલ/૯૮ થી લખેલ પત્ર.

અરજદારશ્રી સુનીલ રાજેન્દ્ર બર્મન ધ્વારા તા.૧૨/૦૮/૧૩ ના રોજ આઈ.ડી. નં.:૧૦૧૭ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરેલ.જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી , સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૧૩–૦૮–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૧૪૯૭ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (શહેર વિકાસ વિભાગ) ધ્વારા તા. ૨૨–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આરટીઆઈ/ નં ૬૨૦ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીને આંશીક અરજી તબદીલ કરવામાં આવી તેમજ જાહરે માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સંલગ્ન માહિતી અરજદારશ્રી શ્રી સુશીલ રાજેન્દ્ર બર્મન (એડવોકેટ)ને તા. ૨૨–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આરટીઆઈ/૬૨૧ થી પુરી પાડી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબ અન્વયે પ્રશ્નવાળી મિલ્કત કાયદેસરની જ છે અને તેનો પ્લાન પાલિકાએ મંજુર કરેલ છે છતા પણ હાલ ઈમ્પેકટ માટે મોજણી કરનાર સર્વેક્ષણ ટીમે દાબદબાણથી જબરજસ્તીથી ખોટી રીતે ફોર્મ ભરાવેલ હોવાનું કારણ જણાવી નમુનો "જ" માં તા. ૦૩–૯–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૦૫–૦૯–૧૩ ના પત્ર નં સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/ ૧૮૦૮ થી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી જે અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૨–૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/ ૯૭ થી આંશિક અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીને તબદીલ કરવામાં આવી તથા શહેર વિકાસ ખાતાને સલંગ્ન બાબત સંદર્ભે તા. ૧૨–૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/ ૯૮ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તેમજ અરજદારને તા. ૧૮–૦૯–૧૩ ના રોજ સાંજે ૫–૦૦ કલાકે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. ઉકત નિયત કરેલ તારીખે અરજદારશ્રી સુનીલ રાજેન્દ્ર બર્મને હાજર રહી, વર્ષ– ૨૦૦૬ માં તેઓની ઓફીસે તાપી નદીના પુરના પાણી ફરી વળ્યા હોવાથી તેઓ પાસે પ્રશ્નવાળી મિલ્કતના પ્લાનોની કોપી મળી શકે તેમ નથી તેમજ આ બાબતે સુરત મહાનગરપાલિકામાં પણ અરજી કરતા પાલીકા પાસે પણ સદર મિલ્કતના પ્લાનો મોજુદ નહી હોય મિલ્કતની કાયદેસરતા નકકી કરવા તથા ઈમ્પેકટ ફી નહી

ભરવા વિગેરે કારણો જણાવી મિલ્કતની કાયદેસરતા બાબતે મંજુર પ્લાનની નકલો આપવા જણાવેલ. જે અન્વયે હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પ્રશ્નવાળી મિલ્કત સંબંધેનો રેકર્ડ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં ઉપલબ્ધ નહિં હોવાનું જણાવી તે મુજબ અરજદારશ્રીને તેઓએ પત્ર ક્રમાંક ટીડીઓ આર.ટી.આઈ. નં.૬૨૧ તા૨૨–૦૮–૨૦૧૩ થી માહિતી આપેલ હોવાનું જણાવેલ છે તથા અરજદારશ્રીની રજુઆત ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની હોવાથી અરજદારશ્રીની અપીલ અરજી આંશિક પણે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીને તા.૧૨–૯–૧૩ ના રોજ અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલી છે.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી સુનિલ રાજેન્દ્ર બર્મન ની તા.૧૨–૮–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી શહેર વિકાસ વિભાગ ધ્વારા તા. ૨૨–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આરટીઆઈ/૬૨૧ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદારશ્રીએ નમુનો "જ" માં તા. ૦૩–૯–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ અપીલ અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતગર્ત રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૧૯/૦૯/૧૩ ના રોજ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ હાજર રહી વર્ષ– ૨૦૦૬ માં તેઓની ઓફીસે તાપી નદીના પુરના પાણી ફરી વળ્યા હોવાથી તેઓ પાસે પ્રશ્નવાળી મિલ્કતના પ્લાનોની કોપી નહી હોવાથી ઈમ્પેકટ ફી નહી ભરવા અંગે મિલ્કતની કાયદેસરતા નકકી કરવા બાબતે મંજુર પ્લાનની નકલો આપવા જણાવેલ. જે અન્વયે હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પ્રશ્નવાળી મિલ્કત સંબંધેનો રેકર્ડ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં ઉપલબ્ધ નહિં હોવાનું જણાવી તે મુજબ અરજદારશ્રીને તેઓએ પત્ર ક્રમાંક ટીડીઓ આર.ટી.આઈ. નં.૬૨૧ તા. ૨૨–૦૮–૨૦૧૩ થી માહિતી આપેલ હોવાનું જણાવેલ છે તથા અરજદારશ્રીની રજુઆત ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની હોવાથી અરજદારશ્રીની અપીલ અરજી આંશિક પણે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીને તા.૧૨–૯–૧૩ ના રોજ અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલી છે.**

**ઉપરોકત વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી શહેર વિકાસ વિભાગના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાની તેમજ તે સેન્ટ્રલ ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોવાની સ્પષ્ટતા કરેલી છે.જે અન્વયે તેઓએ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને માહિતી માંગતી અરજી તબદીલ કરેલ હોય તેમજ અપીલ અરજી પણ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીને તબદીલ કરેલ હોવાની તથા તે મુજબ અરજદારશ્રીને તા.૨૨–૦૮–૨૦૧૩ ના પત્ર નં ટીડીઓ/આર.ટી.આઈ/૬૨૦ થી જાણ/ માહિતી આપેલ હોવાથી,જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો નથી તેમજ અરજદારશ્રી સંબધિત સેન્ટ્રલ ઝોન કચેરીનો સંપર્ક સાધી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૧૧, તા.૦૧–૧૦–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૧૬
તા.૦૯–૧૦–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૭–૦૯–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી રમેશભાઈ કે.જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૩૦–૭–૧૩ ની ટીડીઓ.આઈ.ડી નં.૪૪૭ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી શ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૩૦/૦૭/૧૩ ના રોજ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૭–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આર.ટી.આઈ./૬૬૬ થી મુદ્દા નં(૧) થી (૪) ની અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી.

(૩) અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૧૭–૦૯–૧૩ ના રોજ નમુનો " જ" માં કરેલ પ્રથમ અપીલ અરજી. નં.૪૫

(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૪–૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૧૦૬ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

(૫) અરજદારશ્રીની તા. ૩૦–૯–૧૩ ની લેખિત રજુઆત..

અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા. ૩૦–૭–૧૩ ના રોજ ટીડીઓ.આઈ.ડી નં ૪૪૭ થી શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ. જે અન્વયે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડને માહિતી પુરી પાડવામાં આવી. અરજદારશ્રી રમેશ કે.જાંગીડ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ નુમનો "જ" માં તા. ૧૭–૯–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રજુ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૩૦/૦૯/૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્ર નં. ટીડીઓ/અપીલ/૧૦૬, તા.૨૪/૦૯/૧૩ થી જાણ કરેલ. સદર દિવસે અરજદારશ્રી રૂબરુ સુનાવણીમાં હાજર રહેલ પરંતુ અપીલ અધિકારીશ્રી અગત્યની મીટીંગમાં વ્યસ્ત હોવાથી રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી. જે અન્વયે અરજદારે તા. ૩૦–૯–૧૩ ની લેખિત રજુઆતથી તેઓએ માંગેલ તમામ નકલો શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ હોવાથી માંગેલ માહિતીની નકલો આપવા રજુઆત કરેલ છે. તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહી અરજદારે માંગ્યા મુજબની વિગતો ખૂબ વિસ્તૃત પ્રકારની હોવાથી તથા તે મુજબની વિગતો શહેર વિકાસ ખાતામાં અલગથી નિભાવવામાં આવતી ન હોય, તેમજ માંગેલ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવેલ હોવાથી અરજદારશ્રીને સુરત મહાનગરપાલિકાની વેબવસાઈટ પરથી માહિતી તારવી લેવા પ્રત્યુતર આપેલ હોવાની તેમજ જો અરજદારને કોઈ ચોકકસ મિલ્કત સંબંધેની માહિતીની જરૂરીયાત હોય તો તે માટે અરજી કરી માહિતી મેળવી શકે તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જેથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરું છુ.

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૩૦–૭–૧૩ ની મુળ અરજી સંદર્ભે શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ વિગતો હોવા છતા નકલો નહી આપેલ હોવાનું કારણ જણાવી તા. ૧૭–૯–૧૩ ના રોજ અરજદારશ્રીએ કરેલ પ્રથમ અપીલ અરજી ના અનુસંધાનમાં અરજદારે તા. ૩૦–૯–૧૩ ના રોજ કરેલ લેખિત રજુઆત ધ્યાને લેતા અરજદારશ્રીએ માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ શહેર વિકાસ ખાતામાં અલગ અલગ કર્મચારી/અધિકારી વાઈઝ વિગતો/રેકર્ડ/માહિતી નિભાવવામાં આવતા નહિ હોવાની તથા સદરહું તમામ વિગતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઉપલબ્ધ હોય, અરજદારશ્રી જરૂરિયાત મુજબની માહિતી વેબસાઈટ પરથી મેળવી શકે તેમ હોવાની કરેલ સ્પષ્ટતા ધ્યાને લેતા અરજદારશ્રી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી તેઓને જરૂરી માહિતી મેળવવા તથા અરજદારશ્રીને કોઈ ચોકકસ મિલ્કત સબંધેની માહિતીની જરૂરીયાત હોય તો તેઓ અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારશ્રી શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા ઈચ્છે તો તેઓને નિયમ અનુસાર રેકર્ડ ચકાસણીની તક આપવા જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૧૧૬, તા.૦૯–૧૦–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૧૭
તા.૦૯–૧૦–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૨–૦૯–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :–** **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૭–૮–૧૩ ની આઈ.ડી નં.૯૬૧ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–**

**(૧)અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૩/૦૮/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી.ટીડીઓ.આઈ.ડી. નં.: ૯૬૧**
**(૨)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા.૦૫–૮–૧૩ ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૧૪૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૩)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (અઠવા ઝોન) ધ્વારા તા.૧૩–૮–૧૩ ના પત્ર નં.સા.વે(અઠવા) ઝોન/આરટીઆઈ/આ. ૬૨૬ તથા તા. ૧૭–૮–૧૩ ના પત્ર નં સા.વે(અઠવા) ઝોન/આરટીઆઈ/આ. ૬૪૮ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૪)અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૭/૦૮/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૬૬૪ થી શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને લગતી માહિતી પુરી પાડતો પત્ર**
**(૫)"નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૨/૦૯/૧૩ ના રોજ રજુ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રજુ કરેલ પ્રથમ અપીલ અરજી નં.૨૨૦**
**(૬)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા. ૫–૯–૧૩ ના પત્ર નં.સી.ઝેડ/ આર.ટી.આઈ/ આઉટ/ નં ૧૮૦૭ થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને પ્રથમ અપીલ અરજી તબદીલ કરવામાં આવી.**
**(૭)અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૨–૯–૧૩ ના પત્ર નં. ટીડીઓ/અપીલ/૨૯૯ થી આંશિક અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, અઠવા ઝોન ને તબદીલ કરવામાં આવી.**
**(૮)અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૦–૯–૧૩ ના ટીડીઓ/ અપીલ નં ૧૦૨ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.**
**(૯)અરજદાર રૂબરૂ સુનાવણી માટે હાજર ન રહેતા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૬–૦૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૧૦૭ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા ફરી તક આપેલ.**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલઝોન કચેરી ધ્વારા તા. ૦૫–૮–૧૩ ના પત્ર નં સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૧૪૧૫ થી સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન કચેરીમાં અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન કચેરી ના તા. ૧૩–૮–૧૩ ના પત્ર નં સા.વે(અઠવા) ઝોન/ આરટીઆઈ/આ.૬૨૬ તથા તા. ૧૭–૮–૧૩ ના પત્ર નં. સા.વે(અઠવા) ઝોન/ આરટીઆઈ/આ.૬૪૮ થી અંશતઃ મુદ્દા ની માહિતી બાબતે અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૪) હેઠળના

પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને મુદ્દા નં(૧) થી (૩) ની શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સલંગ્ન માહિતી પુરી પાડેલ તેમજ માંગ્યા મુજબની નકલો પણ વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ, અધુરી માહિતી આપેલ હોવાનું કારણ જણાવી સંદર્ભ (૫) થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં નમુનો "જ" માં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૬) હેઠળના તા. ૫–૯–૧૩ ના પત્રથી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૭) હેઠળના તા.૧૨–૯–૨૦૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/નં.૯૯ થી આંશિક અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ તેમજ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૦–૯–૧૩ ના રોજ નો પત્ર નં. ટીડીઓ/૧૦૨ થી તા.૨૫/૦૯/૧૩ ના રોજ રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા સંદર્ભ (૮) હેઠળના પત્રથી જાણ કરેલ જે અન્વયે સદર દિવસે અરજદારશ્રી હાજર રહેલ ન હતા તથા આ બાબતે કોઈ લેખિત રજુઆત પણ કરેલ નહી હોવાથી ન્યાયના હિતમાં તા.૧૬–૯–૨૦૧૩ ના પત્ર નં.ટીડીઓ/અપીલ/.૧૦૭ થી તા. ૧–૧૦–૨૦૧૩ ના રોજ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા સંદર્ભ (૯) હેઠળના પત્રથી જણાવેલ. ઉકત નિયત કરેલ તા.૧–૧૦–૧૩ ના રોજ અરજદારશ્રીએ હાજર રહી અરજદારે તેઓની મુળ અરજીમાં જણાવેલ મિલ્કતોના મંજુર પ્લાનની નકલો આપવા રજુઆત કરેલ તથા પાણી અને ગટર કનેકશન વગર સદર મિલ્કતના પ્લાન મંજુર કરવામાં આવેલ હોય, જે યોગ્ય નહિ હોવાની ફરીયાદ અંગે હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓ તરફથી અરજદારને તેઓએ મુળ અરજીમાં માંગ્યા મુજબની શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સંલગ્ન માહિતી પુરી પાડી માંગ્યા મુજબની જે તે નકલો તેઓને વિનામુલ્યે આપવામાં આવેલ હોવાનું જણાવેલ તેમજ અરજદારે તેઓને મંજુર પ્લાનની નકલો આપવા બાબતે મુળ માહિતી માંગતી અરજીમાં જણાવેલ ન હોય હાલમાં અપીલની સુનવણી દરમ્યાન રજુઆત કરેલ હોવાની સ્પષ્ટતા કરી જે અન્વયે મંજુર પ્લાનની નકલો મેળવવા અરજદારશ્રીએ અલગથી નિયમાનુસાર અરજી કરવાની રહેતી હોવાનું જણાવેલ છે. વધુમાં, પાણી તથા ગટર કનેકશનની મંજુરી મેળવ્યા વગર પ્લાન કેવી રીતે મંજુર કરેલ તે સંબંધેની ફરીયાદ / માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૨(ટ) ૨(છ) મુજબ માહિતીની વ્યાખ્યામાં આવતી નહી હોવાથી અરજદારશ્રી આ બાબતે અલગથી ફરીયાદ અરજી કરી શકે છે, તે મુજબ અરજદારશ્રીને સમજ આપેલ છે. આ બાબતે અરજદારની આંશીક અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૨–૦૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/ નં.૯૯ થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ હોય, જે સંદર્ભે અરજદારશ્રીએ તેટલા પુરતો અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, અઠવા ઝોનનો સંપર્ક કરવા સમજ આપવામાં આવેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૭–૮–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૨૭–૮–૧૩ ના રોજ પાઠવેલ જવાબ અધુરો હોવાનું જણાવી અરજદારશ્રીએ તા.**

૨–૯–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીની માહિતી માંગતી તા.૦૭–૮–૧૩ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સંલગ્ન માહિતી / નકલો અરજદારશ્રીને (વિના મુલ્યે) પુરી પાડેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની માહિતી માંગતી તા.૦૭/૦૮/૨૦૧૩ ની મુળ અરજીમાં પ્રશ્ન હેઠળની મિલ્કતોના મંજુર પ્લાનની નકલોની માંગણી કરવામાં આવેલ નહી હોવાથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા સદરહું નકલો આપવામાં નહી આવેલ હોવાની સ્પષ્ટતા કરી પ્લાનોની નકલો મેળવવા અરજદારશ્રીએ અલગથી નિયમાનુંસાર અરજી કરવાની રહેતી હોવાની કરેલ રજુઆત યોગ્ય જણાય છે. વધુમાં, પાણી તથા ગટર કનેકશનની મંજુરી મેળવ્યા વગર પ્લાન કેવી રીતે મંજુર કરેલ તે સંબંધેની ફરીયાદ / માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૨(ટ) ૨(છ) મુજબ માહિતીની વ્યાખ્યામાં આવતી નહી હોવાથી અરજદારશ્રી આ બાબતે અલગથી ફરીયાદ અરજી કરી શકે છે. તેમજ શહેર વિકાસ ખાતાને લગતી બાબતો સીવાયની અન્ય માહિતી પુરી પાડવા અરજદારની આંશીક અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૨–૦૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/ નં.૨૯૯ થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ હોય, જે સંદર્ભે અરજદારશ્રીએ તેટલા પુરતી માહિતી મેળવી લેવા અંગેની જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ કરેલ સ્પષ્ટતાઓ ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૧૧૭, તા.૦૯–૧૦–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૧૯
તા.૧૧–૧૦–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૬–૦૮–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા (તંત્રી સમાધાન ન્યુઝ )**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની તા.૧૮–૦૭–૧૩ ની આઈ.ડી નં.૮૪૮ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :– (૧) **અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની તા.૧૮/૦૭/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૮૪૮,ટીડીઓ.આઈ.ડી નં.૪૧૩**

(૨) **જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૨૦–૦૭–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૨૬૦ થી અરજી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ.**

(૩) **જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારશ્રી ધ્વારા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સંલગ્ન મુદ્દા.નં (૧),(૨),(૫) તથા (૮) ની માહિતી તા. ૧૪–૦૮–૧૩ ના રોજ અરજદારને પુરી પાડવામાં આવી.**

(૪) **"નમુનો–જ" માં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૨૬/૦૮/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.નં. ૨૦૮, ટીડીઓ.૩૩**

(૫) **અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૧–૦૯–૧૩ ના રોજ અરજદાર તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને રૂબરુ હાજર રહેવા માટે તા. ૫–૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/ અપીલ/૯૫ થી લખેલ પત્ર.**

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૧૮/૦૭/૧૩ ના રોજ આઈ.ડી. નં.:૮૪૮ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી , સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૨૦–૦૭–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૧૨૬૦ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહરે માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સંલગ્ન મુદ્દા.નં(૧),(૨),( ૫) તથા (૮) ની માહિતી અરજદારશ્રી શ્રી પીકંલ ઘીવાલાને તા. ૧૪–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આરટીઆઈ/૫૮૫ થી પુરી પાડી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ નમુનો "જ" માં તા. ૨૬–૮–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૨૭–૦૮–૧૩ ના પત્ર નં સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/ ૧૬૮૨ થી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૫–૯–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/ ૯૫ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તેમજ અરજદારને તા. ૧૧–૦૯–૧૩ ના રોજ સવારે ૧૧.૧૫ કલાકે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. ઉકત નિયત કરેલ તારીખે અરજદારશ્રી પીકંલ પ્રફુલચંદ્ર ઘીવાલા રૂબરુ સુનાવણી માટે હાજર નહી રહેતા ફરીથી ન્યાયના હિતમાં તા.૨૧–૦૯–૧૩ ના રોજ હાજર રહેવા જણાવતા તેઓ રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ નથી કે આ બાબતે તેઓએ કોઈ લેખિત જાણ પણ કરેલ નથી. પરંતુ અપીલ અરજીની સાથે સેકશન અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા તા. ૩૦–૮–૧૩ ના પત્ર ક્રમાંક વનમ–૧૪૧૦–૫૯૨૨–લ થી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુરત શહેરી વિકાસ સતતા મંડળ (સુડા) કચેરીને તેમજ નાયબ નગર નિયોજકશ્રી ધ્વારા તા.૨૯–૦૪–૧૦ ના પત્ર નં ટીપીડી/આ/૫૪૭

થી નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને લખેલ પત્રની નકલ બિડાણથી રજુ કરી મુદ્દા નં.(૧) તથા (૮) ની સ્પષ્ટતા થઈ જશે તેવી રજુઆત કરેલ છે.જયારે હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારની માહિતી માંગતી અરજીના મુદ્દા નં(૧) માં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ધ્વારા, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા) કચેરીને તા. ૩૦–૮–૧૩ ના રોજ લખેલ પત્ર તેમજ તા.૨૯–૪–૧૦ થી નાયબ નગર નિયોજકશ્રી ધ્વારા તા. ૨૯–૪–૧૦ ના રોજ નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને લખેલ પત્રની નકલ બિડેલ છે પણ તે પત્ર અન્વયે અરજદારને શું માહિતી જોઈએ છે તે સ્પષ્ટ થતુ નથી તે બાબતે અરજદારને મુદ્દા નં(૧) અન્વયે જરૂરી સ્પષ્ટતા કરવા પણ જણાવવામાં આવેલ તે બાબતે અરજદારે કોઈ સ્પષ્ટતા/ રજુઆત ન કરેલ હોવાની રજુઆત/સ્પષ્ટતા કરેલ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૧૮–૭–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી શહેર વિકાસ વિભાગ ધ્વારા મુદ્દા નં(૧) અન્વયે જરૂરી સ્પષ્ટતા કરવા જણાવેલ જે અન્વયે અરજદારશ્રીએ નારાજ થઈ નમુનો "જ" માં તા. ૨૬–૮–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ અપીલ અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતગર્ત રૂબરુ સુનાવણી માટેની નિયત તા.૧૧/૦૯/૧૩ તેમજ તા. ૨૧–૦૯–૨૦૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી કે તે બાબતે કોઈ લેખિત રજુઆત પણ કરેલ નથી.પરંતુ અપીલ અરજીની સાથે સંદર્ભ (૧) તથા (૮) ની માંગેલ માહિતી સંદર્ભે પત્રોની નકલો બીડી મુદ્દા નં(૧) તથા (૮) થી માંગેલ માહિતી બાબતે જરૂરી સ્પષ્ટતા થતી હોવાનું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં કરેલ રજુઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે અપીલ અરજીની સાથે. બીડેલ પત્રોમાં અરજદારે શું માહિતી જોઈએ છે તે સ્પષ્ટ થતુ ન હોવાની તેમજ મુદ્દા નં(૮) માં જણાવેલ અભિપ્રાય અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાની રજુઆત કરેલ છે.**

**ઉપરોકત વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ શહેર વિકાસ વિભાગના કાર્યક્ષેત્રની તા.૧૪/૦૮/૧૩ થી આપેલ માહિતી અન્વયે અરજદારશ્રીએ રજુ કરેલ બિડાણના પત્રોથી મુદ્દા નં. (૧) તથા મુદ્દા નં. (૮) થી માંગેલ માહિતી બાબતે સ્પષ્ટતા થતી હોઈ, સદરહું મુદ્દાઓથી માંગેલ માહિતી દિન–૧૫ (પંદર) માં વિના મુલ્યે અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૧૯, તા.૧૧–૧૦–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૨૭
તા.૨૪–૧૦–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૭–૦૯–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી રમેશભાઈ કે.જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

<u>ફરીયાદીની હકીકત :–</u>

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૧૩–૮–૧૩ ની આઈ.ડી નં.૧૦૩૯ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :– (૧) અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૧૨/૦૮/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈડી/૧૦૩૯ જેનો શહેર વિકાસ ખાતામાં ટીડીઓ/આઈડી/૫૦૭, તા.૧૪/૦૮/૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૧૩–૦૮–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૮૭, થી જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ અરજી.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી અત્રેની કચેરી ધ્વારા તા.૨૦–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આર.ટી.આઈ./૬૬૨ થી જાહેર માહિતી અધિકારીશ્રી અને જન સંપર્ક અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ.

(૪) અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા નમુનો " જ" માં સેન્ટ્રલ ઝોન કચેરીમાં તા.૧૭–૦૯–૧૩ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી જેનો શહેર વિકાસ ખાતાનો આઈ.ડી./અપીલ/૪૭ તા.૨૧–૦૯–૧૩.

(૫) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરરી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૨૦–૦૯–૧૩ ના પત્ર નં. સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/નં.૧૯૫૪ થી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ પ્રથમ અરજી.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૧–૧૦–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૧૦૮ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા. ૧૨–૮–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૩–૦૮–૧૩ ના પત્ર નં. સે ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૪૮૭ થી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૩) ના પત્રથી અત્રેની કચેરીથી અરજી જાહેર માહિતી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ.

અરજદારશ્રી રમેશ કે. જાંગીડ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી શ્રીએ સમય મર્યાદામાં માહિતી પાઠવેલ નહી હોવાનું કારણ જણાવી નમુનો'જ' માં સંદર્ભ (૪) થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અપીલ રજુ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૫) હેઠળના સદરહું અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી.

જે સંદર્ભે અરજદારશ્રીને અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૬) હેઠળના પત્રથી તા.૦૭/૧૦/૧૩ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જાણ કરેલ. સદર દિવસે અરજદારશ્રીએ હાજર રહી તેઓએ શહેર વિકાસ ખાતાની કચેરીથી ગેરકાયદેસર બાંધકામના ડિમોલીશન બાદ શહેર વિકાસ વિભાગ ધ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ પ્રેસનોટની નકલો જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી દવારા તેઓને પાઠવેલ ન હોવાની રજુઆત કરેલ. હાજર રહેલ જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારએ પ્રેસ નોટની માહિતી જનસંપર્ક અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેતી હોવાની સ્પષ્ટતા/રજુઆત કરેલ તથા તેઓ દવારા અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૨/૦૮/૧૩ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને જનસંપર્ક અધિકારીશ્રીને તા.૨૭/૦૮/૧૩થી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે સંદર્ભે અરજદારશ્રીએ શહેર વિકાસ ખાતા દવારા વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરવા અંગે જનસંપર્ક વિભાગને પાઠવવામાં આવેલ પ્રેસ નોટની માહિતી/નકલ આપવા આગ્રહ રાખેલ છે. જે ધ્યાને લઈ અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરું છું

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૧૨–૦૮–૧૩ ની મુળ અરજી સંદર્ભે શહેર વિકાસ ખાતા તરફથી નિયત સમય મર્યાદામાં માહિતી પુરી પાડેલ ન હોવાનું જણાવી અરજદારશ્રીએ તા.૧૭/૦૯/૧૩ ના રોજ પ્રથમ અરજી દાખલ કરેલ છે. સદરહું અપીલ અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતર્ગત રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૦૭/૧૦/૧૩ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અરજદારશ્રીએ શહેર વિકાસ ખાતાની કચેરી દવારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામના ડીમોલીશન બાદ શહેર વિકાસ વિભાગ ધ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ પ્રેસનોટની નકલો પાઠવેલ ન હોવાની રજુઆત કરેલ. અરજદારે કરેલ રજુઆતના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારએ પ્રેસ નોટની માહિતી જનસંપર્ક અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેતી હોવાની સ્પષ્ટતા/રજુઆત કરેલ તથા તેઓ દવારા અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૨/૦૮/૧૩ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને જનસંપર્ક અધિકારીશ્રીને તા.૨૭/૦૮/૧૩થી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે સંદર્ભે અરજદારશ્રીએ શહેર વિકાસ ખાતા દવારા વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરવા અંગે જનસંપર્ક વિભાગને પાઠવવામાં આવેલ પ્રેસ નોટની માહિતી/નકલ આપવા આગ્રહ રાખેલ છે. જે ધ્યાને લેતા શહેર વિકાસ ખાતા દવારા વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા માટે જનસંપર્ક વિભાગને પાઠવવામાં આવેલ પ્રેસનોટની માહિતી/નકલો નિયમ અનુસાર અરજદારશ્રીને દિન–૭માં આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવેલ છે. આમ, ઉકત અપીલ અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૧૨૭, તા.૨૪–૧૦–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૨૮
તા.૨૪–૧૦–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૭–૦૯–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી રમેશભાઈ કે.જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૩૦–૭–૧૩ ની ટીડીઓ.આઈ.ડી નં.૪૪૭ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૩૦/૦૭/૧૩ ના રોજ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૦૫–૮–૧૩ ના પત્ર નં ટીડીઓ/આર.ટી.આઈ./૫૪૯ થી મુદ્દા નં(૧) થી (૩) ની અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી.

(૩) અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૧૭–૦૯–૧૩ ના રોજ નમુનો " જ" માં કરેલ પ્રથમ અપીલ અરજી. નં.૪૬

(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૧–૧૦–૧૩ ના પત્ર નં ટીડીઓ/અપીલ/૧૦૯ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર .

અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડ ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા. ૩૦–૭–૧૩ ના રોજ ટીડીઓ.આઈ.ડી નં ૪૪૮ થી શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ. જે અન્વયે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડને માહિતી પુરી પાડવામાં આવી. અરજદારશ્રી રમેશ કે.જાંગીડ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ નુમનો "જ" માં તા. ૧૭–૯–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રજુ કરવામાં આવી. જે સંદર્ભે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૭/૧૦/૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્ર નં. ટીડીઓ/અપીલ/૧૦૯, તા.૦૧/૧૦/૧૩ થી જાણ કરેલ. સદર દિવસે અરજદારશ્રીએ હાજર રહી, તેઓએ માંગેલ તમામ નકલો શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ હોવાથી માંગેલ માહિતીની નકલો આપવા રજુઆત કરેલ છે. હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારે માંગ્યા મુજબની વિગતો ખૂબ વિસ્તૃત પ્રકારની હોવાથી તથા તે મુજબની વિગતો શહેર વિકાસ ખાતામાં અલગથી નિભાવવામાં આવતી ન હોય, તેમજ માંગેલ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઉપલબ્ધ હોવાથી અરજદારશ્રીને સુરત મહાનગરપાલિકાની વેબવસાઈટ પરથી માહિતી તારવી લેવા પ્રત્યુતર આપેલ હોવાની તેમજ જો અરજદારશ્રીને કોઈ ચોકકસ મિલ્કત સંબંધેની માહિતીની જરૂરીયાત હોય તો તે માટે અલગથી અરજી કરી માહિતી મેળવી શકે તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જેથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરું છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી રમેશભાઈ કે.જાંગીડની તા.૩૦–૭–૧૩ ની મુળ અરજી સંદર્ભે શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ વિગતો હોવા છતા નકલો નહી આપેલ હોવાનું કારણ જણાવી તા. ૧૭–૯–૧૩ ના રોજ અરજદારશ્રીએ કરેલ પ્રથમ અપીલ અરજીના સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતર્ગત રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૦૭–૧૦–૧૩ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અરજદારશ્રીએ માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ શહેર વિકાસ ખાતામાં અલગ અલગ કર્મચારી/અધિકારી વાઈઝ વિગતો/રેકર્ડ/માહિતી નિભાવવામાં આવતા નહિ હોવાની તથા સદરહું તમામ વિગતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઉપલબ્ધ હોય, અરજદારશ્રી જરૂરિયાત**

**મુજબની માહિતી વેબસાઈટ પરથી મેળવી શકે તેમ હોવાની કરેલ સ્પષ્ટતા ધ્યાને લેતા અરજદારશ્રી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી તેઓને જરૂરી માહિતી મેળવવા તથા અરજદારશ્રીને કોઈ ચોકકસ મિલ્કત સબંધેની માહિતીની જરૂરીયાત હોય તો તેઓ અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારશ્રી શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા ઈચ્છે તો તેઓને નિયમ અનુસાર રેકર્ડ ચકાસણીની તક આપવા જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૨૮, તા.૨૪–૧૦–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૪૫
તા.૧૨/૧૧/૨૦૧૩

**અપીલ અરજી તા.૧૭–૧૦–૧૩**

**અરજદારશ્રી :– શ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદરાશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરાની માહિતી મેળવવા બાબતની તા.૧૬/૦૯/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૨૭૩
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૮૧૮, તા.૨૨/૧૦/૧૩.
(૩) અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા ધ્વારા "નમુના–ઘ" માં તા.૧૭/૧૦/૧૩ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા ને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટેના શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૧૩૩, તા.૩૦/૧૦/૧૩.

અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા ધ્વારા આઈ.ડી નં.૧૨૭૩, તા.૧૬/૦૯/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૧૯૭૪, તા.૨૧/૦૯/૧૩ થી (૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી (૨) ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન તથા (૩) પ્રથમશ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૭૬૭, તા.૦૫/૧૦/૧૩ થી સદર અરજીના મુદ્દા નં. (૧), (૩) થી (૬)ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ અને શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગને સંલગ્ન વિગતો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી મુદ્દા નં. (૨), (૭) થી (૧૬) અન્વયે વિનામુલ્યે માહિતી પુરી પાડી મુદ્દા નં.(૧૭) અન્વયે સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન કચેરીએથી માહિતી / વિગતો મેળવવાની રહેતી હોવાનું જણાવેલ. અરજદારશ્રી ધ્વારા આ દરમ્યાનમાં તા.૧૭/૧૦/૧૩ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૧૭/૧૦/૨૦૧૩ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૭/૧૧/૧૩ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી શ્રી સંજય પટેલ, આસી. ઈજનેરશ્રી, શહેર વિકાસ ખાતુ તા.૦૭/૧૧/૧૩ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેઓને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી નિયત સમય મર્યાદામાં માહિતી મળેલ ન હોવાની તથા આપવામાં આવેલ માહિતી અધુરી હોવાની રજુઆત કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી હાજર રહેલ શ્રી સંજય પટેલ આસી. ઈજનેર, શહેર વિકાસ ખાતા ધ્વારા અરજદારશ્રીની માહિતી માંગતી અરજી શહેર વિકાસ ખાતાને તા.૨૫/૦૯/૨૦૧૩ થી મળેલ હોય તેના ૩૦ દિનની અંદર જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરી, તેમ છતાં સુરત મહાનગરપાલિકા, જાહેર સત્તા મંડળને અરજી મળ્યાની

તા.૧૬/૦૯/૨૦૧૩ ધ્યાને લઈ શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી નિયત સમયમર્યાદા વીતી ગયા બાદ પુરી પાડવામાં આવેલ હોવાથી શહેર વિકાસ ખાતાને સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડ મુજબની સંપૂર્ણ માહિતી / નકલો અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની અને અન્ય મુદ્દાઓ માટે સંબંધિત ખાતાઓને માહિતી માંગતી અરજી તબદીલ કરવામાં આવેલ હોવાની રજુઆત કરેલ છે.

**હુકમ :–**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરાની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૬/૦૯/૨૦૧૩ ના રોજની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી સંજય પટેલ ધ્વારા અરજદારે માંગેલ માહિતી નિયત સમયમર્યાદા બાદ પુરી પાડેલ હોવાથી તે માહિતી / નકલો વિના મુલ્યે પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે જયારે અરજદારે નિયત સમયમર્યાદા બાદ અને અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી મળેલ માહિતી થી તેઓને અસંતોષ હોવાનું જણાવેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ, સુનાવણી સમયે અરજદારશ્રીને કઈ માહિતી અધુરી જણાય છે તથા કઈ બાબતે અસંતોષ છે જે અંગે સ્પષ્ટતા કરવા જણાવતા અરજદારશ્રીએ તેઓ આ અંગે તુરંત સ્પષ્ટતા આપી શકે તેમ નહી હોવાનું જણાવી આ અંગે તેઓ વધુ ઉંડાણ પૂર્વક અભ્યાસ કર્યા પછી જણાવી શકે તેમ હોવાનું જણાવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નિયત સમયમર્યાદામાં અરજદારને માહિતી પુરી પાડી શકાયેલ નહી હોવાથી નિયમાનુસાર માહિતી / નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે તેમ છતાં માહિતી પુરી પાડવામાં વિલંબ ન થાય તે અંગે કાળજી રાખવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તાકીદ કરવામાં આવે છે. અરજદારશ્રીને તેઓને મળેલ માહિતીનો અભ્યાસ કરી તે સંદર્ભે તેઓને કોઈ માહિતી અધુરી જણાતી હોય તો તે અંગે તથા આ બાબતે તેઓને કોઈ અસંતોષ જણાય તો તે અંગે અસંતોષના ચોકકસ કારણો / મુદ્દાઓ જણાવી અત્રે દિન–૦૭(સાત) માં રજુઆત કરવા જણાવવામાં આવે છે. અરજદારશ્રી તરફથી નિયત સમયમર્યાદામાં રજુઆત નહી મળ્યેથી આ અંગે તેઓની વધુ કોઈ રજુઆત નથી તેમ માની અત્રેથી યોગ્ય હુકમ કરવામાં આવશે.

**(મનિષ**
**એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૪૫, તા.૧૨–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૫૦
તા.૧૪–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૩૦–૦૯–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૬–૮–૧૩ ની આઈ.ડી નં.૧૧૫૦ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની,તા.૨૬/૦૮/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી. આઈ.ડી. નં.: ૧૧૫૦**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૭–૦૮–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૬૭૪ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૦/૦૯/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૩૭ થી પુરી પાડેલ માહિતી પત્ર.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા, તા.૩૦/૦૯/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. અપીલ નં. ૨૫૧**
**(૫) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૨–૧૦–૧૩ ના પત્ર નં. સી.ઝેડ/આર.ટી.આઈ./જાવક/૨૩૦૯ થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ અરજી તબદીલ કરવામાં આવી.જે અત્રેના ખાતામાં ટીડીઓ/અપીલ/૬૧, તા.૨૩/૧૦/૧૩ થી નોધાયેલ છે.**
**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૦૧–૧૧–૧૩ ના પત્ર ટીડીઓ/ અપીલ નં ૧૩૭ થી રૂબરુ સુનાવણી માટે લખેલ પત્ર.**

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવી. જે અન્વયે સંદર્ભ (૩)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા મુદ્દા નં(૧) થી (૦૫) માં જણાવેલ મિલ્કતો ટેક્ષટાઈલ ટાવર માર્કેટ, એ.પી.એમ.સી. માર્કેટ, અરીહંત સ્કવેર, મકાન નં. ૧/૮૩૧ ની બાજુમાં નાનપુરા, ચેરીટી કમિશ્નર કચેરીની સામે, નું બાંધકામ તથા સાંઈ દર્શન માર્કેટના બાંધકામ બાબતની મુદ્દા નં. (૧) થી (૭) ની માહિતી બાબતે પુરી પાડવામાં આવેલ. તથા મુદ્દા નં. (૫) તથા (૬) માં માંગેલ માહિતી વિસ્તૃત પ્રકારની હોય, રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ કરવા જણાવેલ. સદર પુરી પાડવામાં આવેલ માહિતી થી નારાજ થઈ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટએ સંદર્ભ (૪) હેઠળ નમુનો "જ" માં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીને તા.૩૦–૦૯–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. જે સંદર્ભ (૫) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના તા.૨૨/૧૦/૧૩ ના પત્રથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને સદર અપીલ અરજી તબદીલ કરવામાં આવી જે અત્રેના ખાતામાં ટીડીઓ/અપીલ/૬૧, તા.૨૩/૧૦/૧૩ થી નોંધાયેલ છે. સદર પ્રથમ અપીલ અરજી અન્વયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટને અપીલ અધિકારી અને શહેર વિકાસ અીધકારીશ્રીના સંદર્ભ (૬) હેઠળના તા.૦૧/૧૧/૨૦૧૩ ના પત્રથી રૂબરૂ સુનાવણી માટે તા.૧૨/૧૧/૨૦૧૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે નિયત દિવસે હાજર રહેલ અરજદારશ્રીએ તેઓની 'નમુના–ક' ની માહિતી માંગતી અરજીના મુદ્દા નં. (૫) તથા (૬) ની માહિતી વિસ્તૃત પ્રકારની હોવાથી રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ કરવા તા.૨૭/૦૯/૧૩ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ રૂબરૂ બોલાવેલ પરંતુ રેકર્ડ નિરીક્ષણ થઈ શકેલ ન હોવાની રજુઆત કરેલ. જેથી રેકર્ડ નિરીક્ષણ માટેનો સમય ફાળવવા તથા મુદ્દા નં. (૫) માં માંગેલ માહિતીના પેજ નંગ–૦૩ ની નકલો મેળવવા રૂા.૦૬/– તા.૧૭/૧૦/૧૩ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. પરંતુ માહિતી તેઓને પ્રાપ્ત થયેલ નથી તેવી રજુઆત કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ

અધિકારીશ્રીએ, અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટને ઉપલબ્ધ ફાઈલો / રેકર્ડનું નિરીક્ષણ કરવા માટે જણાવવામાં આવેલ પરંતુ તેઓ રેકર્ડ નિરીક્ષણ કર્યા સિવાય પરત ફરેલ હોવાની તેમજ મુદ્દા નં. (૫) ની માહિતીની નકલ મેળવવા તેઓ ધ્વારા તા.૧૭/૧૦/૧૩ ના રોજ રૂા.૦૬/– ભરપાઈ કરેલ જે અન્વયે તેઓને તા.૦૧/૧૧/૧૩ ના પત્ર ટીડીઓ/૮૫૦ થી રેકર્ડની નકલોના પેજ નંગ–૦૩ પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત સઘળી હકીકત ધ્યાને લઈ અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૬–૦૮–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૩) હેઠળના તા.૨૦/૦૯/૧૩ ના પત્ર ના મુદ્દા નં. (૨) તથા (૩) માં જણાવેલ નકલ ફી ભરપાઈ કરી ઉપલબ્ધ રેકર્ડની નકલો મેળવી લેવા તેમજ મુદ્દા નં. (૫) તથા (૬) માં માંગેલ માહિતી અન્વયે શહેર વિકાસ ખાતાના દફતરે ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદરાશ્રીને જણાવેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ નિયમાનુસાર રેકર્ડ નિરીક્ષણ આપી તેઓને જરૂરી રેકર્ડની નકલો પુરી પાડવા તથા અરજદારશ્રીએ રેકર્ડની નકલો મેળવવા ચાર્જ પેટે રૂા.૦૬/– ભરપાઈ કરેલ હોવા છતાં તેઓને માહિતી / નકલો નહી મળેલ હોવાની રજુઆત અન્વયે અરજદારશ્રીને માહિતીની નકલો પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ, અપીલ અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૫૦, તા.૧૪–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૫૭
તા.૨૦–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૮–૧૦–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૩–૦૯–૧૩ ની આઈ.ડી નં.૧૨૬૭ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની,તા.૧૩/૦૯/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી. આઈ.ડી. નં.: ૧૨૬૭**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૬–૦૯–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૯૨૦ થી જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક શ્રી (મધ્યસ્થ કચેરી)ને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૩) જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક શ્રી (મધ્યસ્થ કચેરી) ધ્વારા તા.૨૦/૦૯/૧૩ ના પત્ર નં. સી/૨૮૩૪ થી જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૯/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૮૨ થી પુરી પાડેલ માહિતી પત્ર.**
**(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા, તા.૨૮/૧૦/૧૩ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. જે આર.ટી.આઈ. સેલ સુરત મહાનગરપાલિકામાં ઈનવર્ડ નં. ૧૯૫૬, તા.૦૬/૧૧/૧૩ થી નોંધાયેલ.**
**(૬) અપીલ અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (આર.ટી.આઈ. સેલ) ધ્વારા તા.૦૭–૧૧–૧૩ ના પત્ર નં. આર.ટી.આઈ. સેલ/૨૩૭ થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ અરજી તબદીલ કરવામાં આવી.જે અત્રેના ખાતામાં ટીડીઓ/અપીલ/૬૯, તા.૦૭/૧૧/૧૩ થી નોધાયેલ છે.**
**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૪–૧૧–૧૩ ના પત્ર ટીડીઓ/ અપીલ નં ૧૪૮ થી રૂબરુ સુનાવણી માટે લખેલ પત્ર.**

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ કચેરી) પ્રતિ તબદીલ કરવામાં આવી. જે મધ્યસ્થ કચેરી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા શહેર વિકાસ ખાતાને તબદીલ થયેલ અરજીના મુદ્દા નં. (૧), (૨), (૬) તથા (૯) પૈકી મુદ્દા નં. (૨) તથા (૬) માં જણાવેલ વિગતો વેસ્ટ ઝોન (રાંદેર) ની કચેરી તથા સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન કચેરીને લગતા હોય, નં. ટીડીઓ/૭૬૮, તા.૦૫/૧૦/૧૩ ના પત્રથી અનુક્રમે સંબંધિત કચેરીઓને તબદીલ કરવામાં આવેલ તથા ઉકત સંદર્ભ (૪) હેઠળના પત્ર નં. ટીડીઓ/૭૮૨, તા.૦૯/૧૦/૧૩ થી માહિતી પુરી પાડવા અંગેનો જવાબીપત્ર પાઠવવામાં આવેલ. સદર પુરી પાડવામાં આવેલ માહિતી થી નારાજ થઈ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા સંદર્ભ (૫) હેઠળ નમુનો "જ" માં મધ્યસ્થ કચેરીને તા.૨૮/૧૦/૧૩ ના રોજ અપીલ અરજી રજુ કરવામાં આવી. જે આર.ટી.આઈ. સેલ મારફત સંદર્ભ (૬) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને સેકશન ઓફીસરશ્રી ધ્વારા તેમના તા.૦૭/૧૧/૧૩ ના પત્રથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને સદર અપીલ અરજી તબદીલ કરવામાં આવી જે શહેર વિકાસ ખાતામાં ટીડીઓ/અપીલ/૬૯, તા.૦૭/૧૧/૧૩ થી નોંધાયેલ છે. સદર પ્રથમ અપીલ અરજી અન્વયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટને તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના સંદર્ભ (૭) હેઠળના તા.૧૪/૧૧/૨૦૧૩ ના પત્રથી રૂબરૂ સુનાવણી માટે તા.૧૮/૧૧/૨૦૧૩ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે નિયત દિવસે હાજર રહેલ અરજદારશ્રીએ તેઓની 'નમુના–ક' ની

માહિતી માંગતી અરજીના મુદ્દા નં. (૧), (૨), (૬) તથા (૯) માં માંગેલ માહિતીના પેજ નંગ–૧૦ ની નકલો મેળવવા રૂા.૨૦/– તા.૧૭/૧૦/૧૩ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ, પરંતુ માહિતી તેઓને પ્રાપ્ત થયેલ નથી તેવી રજુઆત કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ, શહેર વિકાસ ખાતાને લાગત મુદ્દાઓ અન્વયે જવાબી પત્રમાં જણાવ્યા મુજબની માહિતીની નકલ મેળવવા તેઓ ધ્વારા જે નકલ ફી ભરપાઈ કરેલ તેના પુરાવા કે રસીદની નકલ અરજદારશ્રી ધ્વારા તેઓ સમક્ષ રજુ થયેલ ન હોય, ફી ભરપાઈ થયા અંગેની તેઓને જાણકારી નહી હોવાથી તેઓ તરફથી અરજદારશ્રીને માંગ્યા મુજબની નકલ પુરી પાડી શકાયેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત સઘળી હકીકત ધ્યાને લઈ અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૩–૦૯–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૪) હેઠળના તા.૦૯/૧૦/૧૩ ના પત્ર માં જણાવ્યા મુજબ અરજદારે તા.૧૭/૧૦/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રૂા.૨૦/– ભરપાઈ કરેલ હોવા છતાં તેઓને માહિતી / નકલો નહી મળેલ હોવાની રજુઆત અન્વયે અરજદારશ્રીને માહિતીની નકલો દિન–૦૩(ત્રણ) માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ, અપીલ અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૫૭, તા.૨૦–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૬૦
તા.૨૨–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૩૧/૦૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી વિનય ભટૃ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી વિનય ભટૃની તા.૩૧–૦૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી વિનય ભટૃની,તા.૨૯/૧૧/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી સેન્ટ્રલ ઝોન આઈ.ડી. નં.:૧૬૦૧અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૫૯૫, તા.૦૧/૧૨/૧૨

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૧–૧૨–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૨૪૨૨,

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૬/૦૩/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૯૩૧ થી લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી વિનય ભટૃ ધ્વારા તા.૩૧/૦૧/૧૩ના રોજ સેન્ટ્રલ ઝોનમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૧૧૬૦.

(૫) સેન્ટ્રલ ઝોન કચેરી તરફથી શહેર વિકાસ ખાતામાં સદર અપીલ અરજી તબદીલ કરતો પત્રનં.: ૩૦૫૦, તા.૦૫/૦૨/૧૩

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૬–૦૪–૧૩ ના ટીડીઓ નં.૧૮ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી વિનય ભટૃ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી વિનય ભટૃ ને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૨૯/૧૧/૧૨ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. સદર અપીલ અરજી સંદર્ભ (૫) હેઠળના પત્રથી સેન્ટ્રલ ઝોન તરફથી અત્રેની કચેરીએ તબદીલ કરવામાં આવેલ.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી વિનય ભટૃ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૯–૦૪–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૬) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી હાજર રહી અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૯/૧૧/૧૨ની મુળ અરજીમાં, ટી.પી. સ્કીમ નં.: ૫ (અઠવા–ઉમરા) ફા. પ્લોટ નં.: ૧૧૦ પૈકીમાં મંજુર થયેલ પ્લાન તથા રીપોર્ટીંગની નકલો માંગવામાં આવેલ તથા તેઓની તા.૨૮/૧૧/૧૨ ની સાદી અરજીમાં જણાવેલ માહિતી પુરી પાડવા જણાવેલ. સદર માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૦૬/૦૩/૧૩ ના પત્રનં.: ૯૩૧ થી જરૂરી માહિતી વિના મુલ્યે પુરી પાડેલ હોવાની તથા અરજદારશ્રી તરફથી અપીલ અરજીમાં જણાવેલ તા.૨૯/૧૧/૧૨ ની અરજીમાં અગાઉની તેઓની આર.ટી.આઈ. અરજી આઈ.ડી. નં.: ૧૩૭૭, તા.૧૯/૧૦/૧૨ સેન્ટ્રલ ઝોનના સંદર્ભે તા.૦૩/૧૧/૧૨ ના પત્ર ક્રમાંકઃટીડીઓ/ ૫૮૯ તથા તા.૨૨/૧૨/૧૨ ના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૭૦૪ થી માહિતી પુરી

પાડેલ હોવાની માહિતી અરજદારશ્રીને જણાવવામાં હોવાની સ્પષ્ટતા રજુ કરેલ છે. અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે  અપીલ અધિકારી અને શહેરી વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને રૂબરૂ હીયરીંગ માટે બોલાવવામાં આવેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી તથા આ અંગે વધુ કોઈ રજુઆત કરેલ નથી. જેથી નીચે મુજબનો  હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી વિનય ભટ્ટની તા.૨૯/૧૧/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તા.૦૫/૦૩/૧૩ના પત્રથી માહિતી/ જવાબ પાઠવેલ છે તથા અરજદારની અગાઉ તા.૨૮/૧૧/૧૨ થી અરજીમાં જણાવેલ માહિતી ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૨૧/૧૨/૧૨ ના પત્રનં.:ટીડીઓ/૭૦૪ થી પુરી પાડેલ છે. જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી આમ સદરહું અપીલ અરજીનો હું નિકાલ જાહેર કરૂ છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૧૬૦, તા.૨૨–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૬૧
તા.૨૨–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૩૧/૦૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી રમેશ કે. જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૧–૦૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી રમેશ કે. જાંગીડની,તા.૨૯/૧૧/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૬૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૦૩–૧૨–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર.

(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી રમેશ કે. જાંગીડ ધ્વારા તા.૩૧/૦૧/૧૩ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ અરજી નં.: ૧૦૨

(૪)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી અઠવા ઝોન કચેરી ધ્વારા પત્રનં.: સાવે ઝોન/આરટીઆઈ/૧૭૨૪, તા.૩૧/૦૧/૧૩ થી અત્રે તબદીલ કરેલ.

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૬–૦૪–૧૩ ના ટીડીઓ નં.૧૯ થી અરજદારશ્રી રમેશ કે. જાંગીડને રૂબરુ હીયરીંગ માટે બોલાવતો પત્ર.

અરજદારશ્રી રમેશ કે. જાંગીડ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી માહિતી પુરી પાડેલ ન હોવાથી નારાજ થઈ સંદર્ભ (૩) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી રમેશ કે. જાંગીડ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૯–૦૪–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, મલ્હાર શોપીંગ સેન્ટરના પાર્કિંગમાં શ્રી સાંઈ ઢોસા સેન્ટર નામની સંસ્થા ચલાવવાની આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરમીશન પત્રની માંગવામાં આવેલ નકલ/માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અન્ય કામગીરીની વ્યસ્તતાના કારણે શરતચુકથી સમયમર્યાદામાં માહિતી આપવાની બાકી રહી ગયેલ હોવાની રજુઆત કરેલ છે. જેથી અરજદારશ્રી નારાજ થઈ અપીલ અરજી રજુ કરેલ છે. જે મુજબની વિગતે સ્પષ્ટતા કરેલ છે. સદર વિગતો અન્વયે અપીલ અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯/૧૧/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને નિયત સમયમાં માહિતી / જવાબ પાઠવેલ નથી. અપીલ સંદર્ભે અપીલ અધિકારીશ્રી ધ્વારા રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી તથા તેમના ધ્વારા અન્ય વધુ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. અરજદારશ્રીની માહિતી માંગતી મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીને કોઈ માહિતી / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી, જે બિલકુલ યોગ્ય નથી તથા આ બાબતની ગંભીર નોંધ લઈ અરજદારશ્રીને તાકીદે દિન–૩ માં વિના મુલ્યે માહિતી પુરી પાડવા તથા ભવિષ્યમાં સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવે તેની જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તકેદારી રાખવા હુકમ કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૧૬૧, તા.૨૨–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૬૨
તા.૨૨–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૩૦/૦૮/૧૨**
**અરજદારશ્રી :– શ્રી પિંકલ પ્રફુલલ્લચંદ્ર ઘીવાળા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા.૩૦–૦૮–૧૨ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની,તા.૧૮/૦૭/૧૨ ના રોજની અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૨૬૨

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૨૧–૦૭–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર અત્રેનો આઈ.ડી. નં.: ૨૧૮, તા.૨૩/૭/૧૧

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૪/૦૮/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૨૮૮ થી રૂબરૂ નિરીક્ષ માટેનો લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી પ્રિકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા, ધ્વારા તા.૩૦/૦૮/૧૨ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી ટીડીઓ અપીલ/૧૦૧.

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૬–૦૪–૧૩ ના ટીડીઓ નં.૨૨ થી અરજદારશ્રી પિંકલ પ્ર:લ્લચંદ્ર ઘીવાળાને રૂબરુ હીયરીંગ માટે બોાલવતો પત્ર.

અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. સદરહું અરજદારશ્રીની મુળ અરજીમાં મિલ્કતનું ચોકકસ વર્ણન ન હોય સદર મિલ્કતની અત્રેની કચેરીના રેકર્ડ ઉપર થી ફાઈલ પૈકી તેઓને જરૂરી મા'િતી મેળવવા માટે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લભાઈ ઘીવાળાને સંદર્ભ (૩) ના પત્રથી ફાઈલનું રૂબરૂ નિરીક્ષણ કરવા માટે પત્ર લખેલ, જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને સંદર્ભ (૪) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી પિંકલ પી. ઘીવાળા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૯–૦૪–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરતો પત્ર સંદર્ભ (૫) થી પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી હાજર રહી અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, ગ્રીન એવન્યુ રે.સ.નં.: ૭૧+૮૨ વાળી મિલ્કતની માંગવામાં માહિતી અન્વયે તેઓ ધ્વારા તા.૦૪/૦૮/૧૨ ના પત્ર નં. ટીડીઓ/૨૮૮ થી સદર ફાઈલનું રૂબરૂ નિરીક્ષણ કરવા અરજદારશ્રીને જણાવેલ હોય જે અન્વયે અરજદારશ્રી ધ્વારા ફાઈલ / રેકર્ડનું નિરીક્ષણ કરવામાં આવેલ ન હોવાનું જણાવી જે અન્વયે અરજદારશ્રી તરફથી અપીલ અરજીમાં તેઓ તરફથી માહિતી માંગતી અરજીના સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી નિયત

સમયમર્યાદામાં માહિતી આપવામાં આવેલ નહી હોવાથી સદર માહિતી ફીમાં મળવાપાત્ર છે એમ જણાવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. સદર વિગતો અન્વયે અપીલ અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી પિંકલ પી. ઘીવાળાની તા.૧૮/૦૭/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને ફાઈલ / રેકર્ડનું નિરીક્ષણ કરી તેઓને જરૂરી માહિતી / નકલો મેળવવા અંગે જણાવેલ હતુ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા રેકર્ડ નિરીક્ષણ કરવામાં આવેલ નથી. અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી તથા તેમના ધ્વારા અપીલ અરજી સંદર્ભે વધુ કોઈ રજુઆત મળેલ નથી. અપીલ અરજી ની વિગતોમાં અરજદારશ્રીએ મુળ અરજીની માહિતી મળેલ ન હોવાની તથા માહિતી વિના મુલ્યે આપવા જણાવેલ છે. જે સંદર્ભે અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતી વિના મુલ્યે અરજદારશ્રીને દિન–૭ (સાત)માં પુરી પાડવા તથા ભવિષ્યમાં માહિતી માંગતી અરજી સંદર્ભે અરજદારશ્રીને નિયત સમસમર્યાદામાં માહિતી ઉપલબ્ધ કરાવવા યોગ્ય તકેદારી રાખવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરૂં છું તથા ઉકત અપીલ અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂું છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૧૬૨, તા.૨૨–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૬૩
તા.૨૨–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૪/૧૨/૧૨**
**અરજદારશ્રી :– શ્રી પિંકલ પ્રફુલલ્લચંદ્ર ઘીવાળા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા.૨૪–૧૨–૧૨ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની,તા.૦૭/૧૧/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૫૬૧
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૦૯–૧૧–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર.
(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૭/૧૧/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૬૩ થી લખેલ પત્ર
(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી પ્રિકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા, ધ્વારા તા.૨૪/૧૨/૧૨ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી ટીડીઓ અપીલ/૧૬૧.
(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૬–૦૪–૧૩ ના ટીડીઓ નં.૨૧ થી અરજદારશ્રી પિંકલ પફુલ્લચંદ્ર ઘીવાળાને રૂબરુ હીયરીંગ માટે બોાલવતો પત્ર.

અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લભાઈ ઘીવાળાને સંદર્ભ (૩) ના પત્રથી જવાબ પાઠવેલ છે. સંદર્ભ (૪) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી પિંકલ પી. ઘીવાળા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૧–૦૫–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ નથી તથા આ અંગે અન્ય વધુ કોઈ રજુઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, ધી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૫૩ કે ૨૫૪ મુજબની પરવાનગી લેવામાં આવી હોય તો તમામ પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલની માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૨૭/૧૧/૧૨ ના પત્ર નં. ટીડીઓ/૬૬૩ થી જવાબ પાઠવેલ હોય જે અન્વયે અરજદારશ્રી તરફથી નિયત ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તથા ત્યાર બાદ અરજદારશ્રીને તેઓ તરફથી ફરીથી તા.૨૨/૧૨/૧૨ ના ટીડીઓ નં.: ૭૦૩ થી રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરવા માટે લખેલ પત્ર અન્વયે પણ અરજદારશ્રી રેકર્ડ નિરીક્ષણ માટે હાજર રહેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ અપીલ અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી પિંકલ પી. ઘીવાળાની તા.૦૭/૧૧/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તા.૨૭/૧૧/૧૨ના પત્ર ક્રમાંકઃટીડીઓ નં.: ૬૬૩ થી માહિતી / જવાબ પાઠવેલ છે તથા તા.૨૨/૧૨/૧૨ ના રોજ પત્ર ક્રમાંકઃ૭૦૩ થી રૂબરૂ નિરીક્ષણ કરવા જણાવેલ જે સંદર્ભે અરજદારશ્રી ધ્વારા રેકર્ડ નિરીક્ષણ કરવામાં આવેલ નથી તથા તેમના ધ્વારા વધુ અન્ય કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. અપીલ અરજી ની વિગતોમાં અરજદારશ્રીએ મુળ અરજીની માહિતી મળેલ ન હોવાની તથા માહિતી વિના મુલ્યે આપવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને તેમની મુળ અરજી અન્વયે માહિતી / પ્રત્યુત્તર આપેલ છે તથા અરજદારશ્રીને રેકર્ડ ચકાસણી કરવા અંગે પ્રસ્તાવ કરેલ છે પરંતુ અરજદારે રેકર્ડ ચકાસણી કરેલ નથી તથા તે સંદર્ભે અન્ય વધુ કોઈ રજુઆત કરેલ નથી. ફી ભરપાઈ કરી માહિતી / નકલો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીના તા.૨૭/૧૧/૨૦૧૨ પત્રથી જણાવ્યાનુસાર અરજદારશ્રી ધ્વારા જરૂરી માહિતી મેળવવામાં આવેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી તથા ઉકત અપીલ અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૧૬૩, તા.૨૨–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૬૪
તા.૨૨–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૫/૧૧/૧૨**
**અરજદારશ્રી :– શ્રી નિશાંત મહેશભાઈ રાણપરા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નિશાંત મહેશભાઈ રાણપરાની તા.૦૫–૧૧–૧૨ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી નિશાંત મહેશભાઈ રાણપરાની,તા.૧૧/૦૯/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ અરજી આઈ.ડી. નં.: ૪૨૮

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૦૫–૧૦–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર અત્રેનો આઈ.ડી./૪૪૯, તા.૦૫/૧૦/૧૨

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૩/૧૧/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૮૮ થી માહિતી પુરી પાડતો પત્ર.

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નિશાંત મહેશભાઈ રાણપરાની, ધ્વારા તા.૦૫/૧૧/૧૨ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ અપીલ/૧૭૫.

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૭–૦૪–૧૩ ના ટીડીઓ નં.૨૦ થી અરજદારશ્રી નિશાંત મહેશભાઈ રાણપરાનીને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.

અરજદારશ્રી નિશાંત મહેશભાઈ રાણપરા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી નિશાંત મહેશભાઈ રાણપરાને સંદર્ભ (૩) ના પત્રથી માહિતી પુરી પાડવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી પાઠવેલ જવાબથી નારાજ થઈ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ખોટી માહિતી પુરી પાડેલ હોવાનું જણાવી સંદર્ભ (૪) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નિશાંત મહેશભાઈ રાણપરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૯–૦૪–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ નથી કે આ સંદર્ભે અન્ય વધુ કોઈ રજુઆત કરેલ નથી. સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, ટી.પી. સ્કીમ નં.: ૯ (મજુરા) સબ પ્લોટ નં.: ૬, મ્યુ. ટેનામેન્ટ નં.: ૧૩સી–૨૧–૨૮૮૧–૦૧ વાળી મિલ્કતમાં કમ્પાઉન્ડ વોલ ગેટની બાજુમાં એ.ટી.એમ. મશીનની કેબીન પ્લાનની પ્રમણિત નકલ તથા કમ્પાઉન્ડ વોલના ભાગે વધારાની બે કેબીનની મંજુર પ્લાનની માંગવામાં આવેલ નકલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૯/૧૧/૧૨ ના પત્ર નં.

ટીડીઓ/૬૨૯ થી અરજદારશ્રીને માહિતી આપી મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠી નકલ પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નિશાંત મહેશભાઈ રાણપરાની તા.૧૧/૦૯/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૦૯/૧૧/૧૨ ના પત્રનં.: ટીડીઓ/૬૨૯ થી અરજી હેઠળની મિલ્કતના મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠી નકલ અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી તથા ઉકત અપીલ અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરું છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૬૪, તા.૨૨–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૭૦
તા.૨૬/૧૧/૧૩

**અપીલ અરજી તા.૧૮–૧૦–૧૩**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–**
(૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૧૯/૦૮/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૦૭૭
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૭૨૯, તા.૧૬/૦૯/૧૩.
(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુના–ઘ" માં તા.૨૧/૧૦/૧૩ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૧૩૫, તા.૦૧/૧૧/૧૩.
(૫) અરજદારશ્રીની તા.૦૬/૧૧/૧૩ ની લેખિત રજુઆત.
(૬) અત્રેના પત્ર નં. ટીડીઓ/અપીલ/૧૩૯, તા.૦૮/૧૧/૧૩

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આઈ.ડી નં.૧૦૭૭, તા.૧૯/૦૮/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૮૮, તા.૨૧/૦૮/૧૩ થી (૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી (૨) સચિવશ્રી, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રાલય, ગાંધીનગર તથા (૩) આકારણી અને વસુલાત અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૭૨૯, તા.૧૬/૦૯/૧૩ થી નિયત સમય મર્યાદામાં શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગને સંલગ્ન વિગતો / માહિતી પુરી પાડી ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદાર ધ્વારા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૧/૧૦/૨૦૧૩ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૨૧/૧૦/૨૦૧૩ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૭/૧૧/૧૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી પરંતુ અરજદારશ્રીએ સંદર્ભ (૫) હેઠળની લેખિત રજુઆત કરેલ જે અન્વયે સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૧૨/૧૧/૧૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુનાવણી માટે હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ છે. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૧૨/૧૧/૧૩ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેઓની માહિતી માંગતી અરજીમાં જણાવેલ ફાઈલોનું રેકર્ડ નિરીક્ષણ આપવા તથા તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી તમામ ફાઈલોમાં ઉપલબ્ધ તમામ સાહિત્ય / પેપર્સની નકલો તેઓને વિના મુલ્યે આપવા રજુઆત કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી માહિતી નિયત સમય મર્યાદામાં સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી વધુમાં અરજદારશ્રીની નમુના–ક ની માહિતી માંગતી અરજીમાં અંદાજે ૨૦ (વીસ) પ્રોજેકટની ફાઈલોના તમામ પેપર્સની માંગેલ નકલો વિપુલ પ્રમાણમાં હોય તથા નિયમાનુસાર તે વિનામુલ્યે અરજદારશ્રીને પુરી પાડવાની રહેતી હોય તથા અરજદારશ્રી પુનરાવર્તિ આર.ટી.આઈ. અરજદાર હોય તથા

બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી તેઓ ધ્વારા કરવામાં આવતી આર.ટી.આઈ. એકટ હેઠળની અન્ય ઘણી અરજીઓ સંદર્ભે પણ તેઓ ધ્વારા આ પ્રકારે તમામ રેકર્ડની વિપુલ પ્રમાણમાં નકલોની વિના મુલ્યે માંગણી કરવામાં આવતી હોય જે વિપુલ પ્રમાણમાં વિના મુલ્યે નકલો પુરી પાડવી જાહરહિતમાં કાર્યકરતી સ્થાનિક સ્વરાજયની સંસ્થા સુરત મહાનગરપાલિકાના આર્થીક હિતમાં યોગ્ય નહી હોવાનું જણાવેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા, નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ ::–**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૯/૦૮/૨૦૧૩ ના રોજની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારે માંગેલ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નિયત સમયે તેઓએ ફાઈલ નિરીક્ષણ કરેલ ન હોય, અરજીમા જણાવેલ ફાઈલોનું નિરીક્ષણ આપવા તથા તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોય તમામ ફાઈલોમાં ઉપલબ્ધ તમામ સાહિત્ય / પેપર્સની નકલો તેઓને વિનામુલ્યે આપવા રજુઆત કરેલ છે. જે અન્વયે અરજદારશ્રીને શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી, સુરત મહાનગરપાલિકા જાહેર હિતમાં કાર્ય કરતી સ્થાનિક સ્વરાજયની સંસ્થા હોય, જેના જાહેર નાણા નો બિનજરૂરી વ્યય ન થાય તથા આર.ટી.આઈ. કાયદાનું મુળ હાર્દ જળવાય તે બાબત ધ્યાને રાખી આ અંગે વિવેકપૂર્ણ સકારાત્મક અભિગમ દાખવી ફકત તેઓને ખરેખર જરૂરી હોય તેટલી જ માહિતી / પેપર્સની વિગતો અલગ તારવી માહિતી / નકલોની સંખ્યા / વિગતોની સ્પષ્ટતા સહિત દિન–૧૦ (દશ) માં અત્રે રજુઆત કરવા જણાવવામાં આવે છે તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારશ્રીને રેકર્ડ નિરીક્ષણ કરવા દેવા હુકમ કરવામાં આવે છે. અરજદારશ્રી તરફથી નિયત સમયમર્યાદામાં રજુઆત મળ્યેથી જે ધ્યાને લઈ અત્રેથી અરજદારશ્રીની અપીલ સંદર્ભે અંતિમ હુકમ કરવામાં આવશે. નિયત સમયમર્યાદામાં અરજદારશ્રી તરફથી કોઈ રજુઆત નહી મળ્યેથી આ અંગે તેઓની વધુ કોઈ રજુઆત નથી તેમ માની અત્રેથી યોગ્ય હુકમ કરવામાં આવશે.

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૭૦ , તા.૨૬–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૭૧
તા.૨૭/૧૧/૧૩

**અરજી તા.૨૦–૧૧–૧૩**
**અરજદારશ્રી :– શ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**
**ફરીયાદીની હકીકત :–**

**વિષય :**– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :**– (૧) અરજદરાશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરાની માહિતી મેળવવા બાબતની તા.૧૬/૦૯/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૨૭૩

(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૮૧૮, તા.૨૨/૧૦/૧૩.

(૩) અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા ધ્વારા "નમુના–ઘ" માં તા.૧૭/૧૦/૧૩ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.

(૪) અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા ને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટેના શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૧૩૩, તા.૩૦/૧૦/૧૩.

(૫) અરજદારશ્રીની અપીલ અરજી બાબતે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પત્ર ક્રમાંકઃ ટીડીઓ/અપીલ/૧૪૫, તા.૧૨/૧૧/૧૩ થી કરેલ હુકમ.

(૬) અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરાના તા.૨૦/૧૧/૧૩ ના પત્ર.

અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા ધ્વારા આઈ.ડી નં.૧૨૭૩, તા.૧૬/૦૯/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૧૯૭૪, તા.૨૧/૦૯/૧૩ થી (૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી (૨) ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન તથા (૩) પ્રથમશ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૭૬૭, તા.૦૫/૧૦/૧૩ થી સદર અરજીના મુદ્દા નં. (૧), (૩) થી (૬)ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ અને શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગને સંલગ્ન રેકર્ડ આધારતિ માહિતી / વિગતો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી મુદ્દા નં. (૨), (૭) થી (૧૬) અન્વયે વિનામુલ્યે માહિતી પુરી પાડી મુદ્દા નં.(૧૭) અન્વયે સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન કચેરીએથી માહિતી / વિગતો મેળવવાની રહેતી હોવાનું જણાવેલ. અરજદારશ્રી ધ્વારા આ દરમ્યાનમાં તા.૧૭/૧૦/૧૩ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૧૭/૧૦/૨૦૧૩ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૭/૧૧/૧૩ ના રોજ રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવેલ. નિયત સુનાવણીના સમયે અરજદારશ્રી ધ્વારા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહી નિયત સમય મર્યાદામાં તેઓને માહિતી મળેલ ન હોવાની તથા આપવામાં આવેલ માહિતી અધુરી હોવાની રજુઆત કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની માહિતી માંગતી અરજી શહેર વિકાસ ખાતાને તા.૨૫/૦૯/૨૦૧૩ થી મળેલ હોય તેના ૩૦ દિનની અંદર અરજદારશ્રીને માહિતી પુરી પાડેલ તેમ છતાં સુરત મહાનગરપાલિકા, જાહેર સત્તા મંડળને અરજી મળ્યાની તા.૧૬/૦૯/૨૦૧૩ થી નિયત ૩૦ દિનની સમયમર્યાદા વીતી ગયેલ હોવાથી શહેર વિકાસ ખાતાને સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડ મુજબની સંપૂર્ણ માહિતી / નકલો અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની અને અન્ય મુદ્દાઓ માટે સંબંધિત ખાતાઓને માહિતી માંગતી અરજી તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સુનાવણી સમયે અરજદારશ્રીને કઈ માહિતી અધુરી જણાય છે તથા કઈ બાબતે અસંતોષ છે જે અંગે સ્પષ્ટતા કરવા જણાવતા અરજદારશ્રીએ તેઓ આ અંગે તુરંત સ્પષ્ટતા આપી શકે તેમ નહી હોવાનું જણાવી આ અંગે તેઓ વધુ ઉંડાણ પૂર્વક અભ્યાસ કર્યા પછી જણાવી શકે તેમ હોવાનું જણાવેલ જેથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ નં.:૧૪૫, તા.૧૨/૧૧/૨૦૧૩ના વચગાળાના હુકમથી અરજદારશ્રીને તેઓને મળેલ માહિતીનો અભ્યાસ કરી તે સંદર્ભે તેઓને કોઈ માહિતી અધુરી જણાતી હોય તો તે અંગે તથા આ બાબતે તેઓને કોઈ અસંતોષ જણાય તો તે અંગે અસંતોષના ચોકકસ કારણો / મુદ્દાઓ જણાવી અપીલ અધિકારી અને શહેર વિકાસ

અધિકારીશ્રી સમક્ષ  દિન–૦૭(સાત) માં રજુઆત કરવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળ તા.૨૦/૧૧/૧૩ ના રોજ અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રીને સંબોધીને અરજી કરી સંપૂર્ણ માહિતી મળેલ નથી  અધુરી માહિતી મળેલ છે જેથી  માહિતી અધિકારીશ્રી અને અપીલ અધિકારીશ્રીના હુકમથી નારાજ થઈ માંગવામાં આવેલ તમામ મુદ્દાનં.: (૧) થી (૧૭) મુજબની માહિતી  એક સાથે દિન–૭ માં આપવા અરજી કરેલ છે. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી શહેર વિકાસ ખાતાને સંલગ્ન મુદ્દાનં.: (૨), (૭) થી (૧૬) ની તમામ માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોય તથા તે સિવાયના મુદ્દાનં.: (૧), (૩) થી (૬) થી માંગેલ માહિતી અન્ય જાહેર માહિતી અધિકારીશ્રીઓના  કાર્યક્ષેત્ર / તાબા હેઠળના રેકર્ડને સંલગ્ન હોય તથા સદરહું માહિતી અરજદારશ્રીને પુરી પાડવા જે તે સંબંધિત જાહેર માહિતી અધિકારી શ્રીઓ પ્રતિ અરજદારશ્રીની માહિતી માંગતી  મુળ અરજી તબદીલ કરવામાં આવેલ હોય અરજદારશ્રી ધ્વારા તેઓની અરજીના તમામ મુદ્દાનં.: (૧) થી (૧૭) ની માહિતી એક સાથે ફકત શહેર વિકાસ ખાતાના જાહેર માહિતી અધિકારીશ્રી પાસેથી મેળવવાનો આગ્રહ રાખવામાં આવે છે તે કાયદેસરનો તથા વહીવટી દ્રષ્ટિએ યોગ્ય નહી હોવાની વધુ સ્પષ્ટતા કરેલ છે.

આમ ઉપરોકત તમામ વિગતો ધ્યાને લઈ અત્રેના તા.૧૨/૧૧/૨૦૧૩ ના વચગાળાના હુકમના અનુસંધાને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમઃ–**

અરજદારશ્રીની માહિતી માંગતી મૂળ અરજી, આઈ.ડી. નં.: ૧૨૭૩, તા.૧૬/૦૯/૧૩માં  જણાવેલ મુદ્દાનં.: (૧) થી (૧૭) પૈકીના  શહેર વિકાસ ખાતાને સંલગ્ન મુદ્દાનં.: (૨), (૭) થી (૧૬)અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા વિના મુલ્યે અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ છે તથા તે સિવાયની  મુદ્દાનં.: (૧), (૩) થી (૬) મુજબની અન્ય ખાતા / ઝોન કચેરીને  સ્પર્શતી  માહિતી સંદર્ભે,  માહિતી માંગતી મુળ અરજી જે તે સમયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને  તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રીને પુરતી તક આપવા છતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે તેઓને મળેલ કઈ માહિતીથી અસંતોષ છે તે અંગે ચોકકસ સ્પષ્ટતા કરી શકેલ નથી. અરજદારશ્રીની તા.૨૦–૧૧–૨૦૧૩ની લેખિત રજુઆત / અરજીથી તમામ મુદ્દાઓ અંગેની માહિતી એક સાથે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જ પુરી પાડવાનો આગ્રહ, નિયમાનુસાર વ્યાજબી નથી તથા વહીવટી દ્રષ્ટિએ યોગ્ય નથી. જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અન્ય જાહેર માહિતી અધિકારીને સંલગ્ન અન્ય મુદ્દાઓ સંદર્ભે જે તે સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રી પાસેથી જરૂરી માહિતી મેળવવા અરજદારશ્રી સ્વતંત્ર છે. આમ, સદરહું અપીલ અરજીનો નિકાલ  કરવામાં આવે છે.

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૭૧ , તા.૨૭–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૭૯
તા.૩૦–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૨–૧૧–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી તથા અન્યો**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૭–૧૦–૧૩ ની આઈ.ડી નં.૧૪૭૩ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–**

**(૧) અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૭/૧૦/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી.ટીડીઓ.આઈ.ડી. નં.: ૧૪૭૩**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા.૧૮–૧૦–૧૩ ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૨૨૬૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જે શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં આઈડી/નં.૬૭૪, તા.૧૯/૧૦/૧૩ થી નોંધવામાં આવેલ.**

**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૩૦/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૪૦ થી શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને લગતી માહિતી પુરી પાડેલ.**

**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૧૨/૧૧/૧૩ ના રોજ મા. કમિશ્નરશ્રીની કચેરી ખાતે રજુ કરેલ પ્રથમઅપીલ અરજી જે મધ્યસ્થ કચેરીમાં ક્રમ નં. ડી/૭૫૩૮, તા.૧૨/૧૧/૧૩ થી નોંધણી કરી શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં મોકલી આપેલ. અને શહેર વિકાસ (મધ્યસ્થ)ખાતામાં તા.૧૩/૧૧/૧૩ ના રોજથી ટીડીઓ અપીલ / નં.૭૦ થી નોંધાયેલ.**

**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૮–૧૧–૧૩ ના પત્ર નં. ટીડીઓ/અપીલ/૧૫૨ થી અરજદારશ્રીને તેઓની અપીલ અરજી બાબતે તા.૨૧/૧૧/૧૩ ના રોજ રૂબરૂ સુનાવણી માટે તેઓને હાજર રહેવા જણાવેલ.**

**(૬) અરજદારે તા.૨૧/૧૧/૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ સુનાવણી માટે રૂબરૂ હાજર થઈ કરેલ રજુઆત.**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી નમુના–"ક" મુજબની અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે સેન્ટ્રલઝોન કચેરી ધ્વારા તા. ૧૭–૧૦–૧૩ ના રોજ આઈડી/નં. ૧૪૭૩ થી નોંધણી કરી, જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર, સેન્ટ્રલ ઝોન ધ્વારા ઉકત કચેરીના પત્ર નં સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૨૨૬૩, તા.૧૮/૧૦/૧૩ ના રોજથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં ટીડીઓ/આઈ.ડી./૬૭૪, તા.૧૯/૧૦/૧૩ થી નોંધવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને મુદ્દા નં(૧) થી (૩) ની શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સલંગ્ન માહિતી પુરી પાડેલ તેમજ માંગ્યા મુજબની નકલો પણ વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ, અધુરી માહિતી તથા તેઓને ખોટી માહિતી આપેલ હોવા સહિતના કારણ જણાવી સંદર્ભ (૪) થી મે. કમિશ્નરશ્રી ને ઉદ્દેશીને મધ્યસ્થ કચેરી ખાતે

નમુનો "જ" માં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. જે મધ્યસ્થ કચેરીમાં તા.૧૨/૧૧/૧૩ ના રોજ ક્રમ નં. ડી/૭૫૩૮ થી નોંધણી કરી શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં મોકલી આપતા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં ઉકત અરજી તા.૧૩/૧૦/૧૩ ના રોજ ટીડીઓ/અપીલ/૭૦ થી નોંધવામાં આવેલ. અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૮–૧૧–૧૩ ના રોજ નો પત્ર નં. ટીડીઓ/અપીલ/૧૫૨ થી તા.૨૧/૧૧/૧૩ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળના પત્રથી જાણ કરેલ. ઉકત નિયત કરેલ તા.૨૧/૧૧/૧૩ ના રોજ અરજદારશ્રીએ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ હાજર રહી ટી.પી. સ્કીમ નં.: ૨૯(રૂંઢ–વેસુ–મગદલ્લા), ફાયનલ પ્લોટ નં. ૩૩ થી ૩૬ વાળી મિલ્કતના બિલ્ડીંગ "એ" ના સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી.ની નકલ તથા વેરાબીલની નકલ તેઓને મળેલ ન હોવાની રજુઆત કરેલ. સદર બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી.ની નકલ શરતચુકથી તેઓને અપાયેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ તથા વેરાબીલની નકલ અરજદાર આકારણી અધિકારી, અઠવા ઝોન કચેરી પાસેથી મેળવી શકે છે. તેવી સ્પષ્ટતા કરેલ. વધુમાં ટી.પી. સ્કીમ નં.: ૪૩(ભીમરાડ), ફાયનલ પ્લોટ નં. ૩૯ વાળી મિલ્કતના ફાયર એન.ઓ.સી. ની નકલ પણ મળેલ ન હોવાની અરજદારે રજુઆત કરેલ.  સદર બાબતેજાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સદરહું મિલ્કતમાં હાલ બાંધકામ ચાલુ હોય, ફાયર એન.ઓ.સી. રજુ થયેલ ન હોય તેની નકલ આપવાનો પ્રશ્ન રહેતો ન હોવાની સ્પષ્ટતા કરેલ. સદર બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારની ટી.પી. સ્કીમ નં.: ૨૯(રૂંઢ–વેસુ–મગદલ્લા), ફાયનલ પ્લોટ નં. ૩૩ થી ૩૬ વાળી મિલ્કતના બિલ્ડીંગ "એ" ના સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી.ની નકલ અરજદારને આપવા જણાવેલ. તેમજ અરજદારને ઉકત મિલ્કતની વેરાબીલની નકલો અઠવા ઝોન કચેરીનો સંપર્ક કરી મેળવી લેવા તથા ટી.પી. સ્કીમ નં.: ૪૩(ભીમરાડ), ફાયનલ પ્લોટ નં. ૩૯ વાળી મિલ્કતનું બાંધકામ ચાલુ હોય,  ફાયર એન.ઓ.સી. રજુ થયેલ ન હોય, તેની નકલ આપી શકાય તેમ ન હોવાની સમજ અરજદારને આપેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરું છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૭–૧૦–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૩૦–૧૦–૧૩ ના રોજ પાઠવેલ જવાબ/માહિતી અધુરી અને ખોટી હોવાનું જણાવી અરજદારશ્રીએ તા. ૧૨–૧૧–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૭–૧૦–૧૩ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને સંલગ્ન માહિતી / નકલો અરજદારશ્રીને (વિના મુલ્યે) પુરી પાડેલ છે.  જે પૈકી અરજદારશ્રી રજુઆત મુજબની ટી.પી. સ્કીમ નં.: ૨૯(રૂંઢ–વેસુ–મગદલ્લા), ફાયનલ પ્લોટ નં. ૩૩ થી ૩૬ વાળી મિલ્કતના બિલ્ડીંગ "એ" ના સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી.ની નકલ તથા વેરાબીલની નકલ તેઓને મળેલ ન હોવાની રજુઆત અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીની નકલ શરતચુકથી અરજદારને અપાયેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ તેમજ મિલ્કતના વેરાબીલની નકલ મેળવવાની અરજદારની રજુઆત સંદર્ભે અરજદારશ્રીએ તેટલા પુરતી માહિતી આકારણી અધિકારી,**

**અઠવા ઝોન કચેરી પાસેથી મેળવી લેવાની રહેશે તેવી રજુઆત કરેલ તથા ટી.પી. સ્કીમ નં.: ૪૩(ભીમરાડ), ફાયનલ પ્લોટ નં. ૩૯ વાળી મિલ્કતમાં હાલમાં બાંધકામ ચાલુ હોય ફાયર એન.ઓ.સી. રજુ થયેલ ન હોય તેની નકલ આપી શકાય તેમ નથી, તેવી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીની સ્પષ્ટતાઓ ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને ટી.પી. સ્કીમ નં.: ૨૯(રૂંઢ–વેસુ–મગદલ્લા), ફાયનલ પ્લોટ નં. ૩૩ થી ૩૬ વાળી મિલ્કતના બિલ્ડીંગ "એ" ના સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી.ની નકલ અરજદારને વિનામુલ્યે આપવા તથા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગતી અરજી સંદર્ભે માહિતી પાઠવવામાં ફરીથી આ પ્રકારની ચુક ન થાય તે અંગે અંગત કાળજી રાખવા હુકમ કરૂં છું. આમ અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૭૯, તા.૩૦–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૮૩
તા.૦૨–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૦/૧૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી સુરેશ એમ. પટેલ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી સુરેશ એમ. પટેલની તા.૦૬/૦૯/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી સેન્ટ્રલ ઝોન આઈ.ડી. નં.:૧૨૨૨ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૬૧૨

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૨–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૧૩૧,

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૩/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૬૨ થી લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી સુરેશ એમ. પટેલ ધ્વારા તા.૨૦/૧૧/૧૩ના રોજ સેન્ટ્રલ ઝોનમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૨૯૨

(૫) સેન્ટ્રલ ઝોન કચેરી તરફથી શહેર વિકાસ ખાતામાં સદર અપીલ અરજી તબદીલ કરતો પત્રનં.:૨૫૦૯, તા.૨૦/૧૧/૧૩

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૫–૧૧–૧૩ ના ટીડીઓ નં.૧૬૫ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી સુરેશ એમ. પટેલ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી સુરેશ એમ. પટેલ ને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૦૬/૦૯/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. સદર અપીલ અરજી સંદર્ભ (૫) હેઠળના પત્રથી સેન્ટ્રલ ઝોન તરફથી અત્રેની કચેરીએ તબદીલ કરવામાં આવેલ.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી સુરેશ એમ. પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૮–૧૧–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૬) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહી તેઓએ માંગેલ માહિતીથી અલગ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને આપેલ માહિતી તેમણે માંગેલ માહિતી મુજબની જ હોવાની સ્પષ્ટતા કરી તે અંગે અરજદારશ્રીને સમજ આપવામાં આવેલ તથા તેમને જણાવવામાં આવેલ કે કોઈ ચોકકસ મિલ્કતની માહિતી જરૂરી હોય, તો તે મિલ્કતની વિગતો આપ્યેથી સદરહું મિલ્કત અંગેની જવાબદારી ચોકકસ કયા ઝોન / ખાતાની છે તે અંગેની માહિતી આપી શકાશે તે મુજબ અરજદારને સમજ આપવામાં આવેલ તેમ છતાં તેમને કઈ માહિતી મળેલ નથી તેની સ્પષ્ટતા કરવા જણાવતા તેઓ આ બાબતની સ્પષ્ટતા કરી શકેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ

અધિકારીએ સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં મંજુર કરવામાં આવેલ ઝોન કચેરીના તથા જણાવ્યા વગરના કે પરવાનગી વિરૂધ્ધ બાંધકામો માટે જે તે ઝોન / ખાતાની જવાબદારી નકકી કરતા પરિપત્રોની નકલો પુરી પાડેલ હોવાની રજુઆત કરેલ છે. તથા આ પરિપત્રમાં કયાં પ્રકારના બિનઅધિકૃત બાંધકામો માટે કયાં ઝોન / ખાતાની જવાબદારી છે તે વિગતો ઉપલબ્ધ હોય, અરજદારે માંગેલ માહિતી પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**—:: હુકમ ::—**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી, અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા થયેલ રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆતો / સ્પષ્ટતા વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂં છું.**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને પુરી પાડેલ માહિતીમાં જે પરિપત્રોની નકલો આપવામાં આવેલ છે તેમાં સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં આવતા જે તે પ્રકારના બિનઅધિકૃત બાંધકામ માટે કયાં ઝોન / ખાતા ધ્વારા કામગીરી કરવાની રહે તેની વિગતોનો સમાવેશ થતો હોવાની જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીની સ્પષ્ટતા ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, સદરહું અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૮૩, તા.૦૨–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૮૪
તા.૦૨–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૧/૧૦/૧૩**

**અરજદારશ્રી :– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૧–૧૦–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૬/૦૯/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી સેન્ટ્રલ ઝોન આઈ.ડી. નં.:૧૩૦૭ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૬૨૯, તા.૦૧/૧૦/૧૩
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૩૦–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૨૦૪૨,
(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૫/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૯૫ થી લખેલ પત્ર
(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી વિનોદ પ્રેમજી કંટારીયા ધ્વારા તા.૨૧/૧૦/૧૩ના રોજ સેન્ટ્રલ ઝોનમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૨૭૬
(૫) સેન્ટ્રલ ઝોન કચેરી તરફથી શહેર વિકાસ ખાતામાં સદર અપીલ અરજી તબદીલ કરતો પત્રનં.:૨૩૧૩, તા.૨૨/૧૦/૧૩
(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૩૦–૧૦–૧૩ ના ટીડીઓ નં.૧૩૪ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.
(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૪–૧૧–૧૩ ના ટીડીઓ નં.૧૪૭ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર
(૮) અરજદારશ્રીનો તા.૧૨/૧૧/૧૩ ના રોજનો પત્ર.
(૯) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૦/૧૧/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૮૫ થી નાણા ભરપાઈ કરવા માટે લખેલ પત્ર.

અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૨૬/૦૯/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. સદર અપીલ અરજી સંદર્ભ (૫) હેઠળના પત્રથી સેન્ટ્રલ ઝોન તરફથી શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૭–૧૧–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૬) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર નિયત સમયે હાજર રહેલ નથી.

અરજદારને સંદર્ભ (૭) હેઠળના પત્રથી તા.૧૯/૧૧/૧૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે ફરી બોલાવવામાં આવેલ. જેમાં પણ અરજદાર હાજર રહેલ નથી, પરંતુ અરજદારશ્રીએ સંદર્ભ (૮) હેઠળના પત્રથી આર.ટી.આઈ.એકટ માટેના તા.૦૧/૦૧/૧૨ થી તા.૨૮/૦૮/૧૩ દરમ્યાન આવેલ નમુના "ક"ની અરજીઓ ની નકલ માટે ની ફી ભરવા તૈયાર દર્શાવી સદરહું નકલો તેઓને પુરી પાડવા રજુઆત કરેલ છે જે અન્વયે રૂબરૂ સુનાવણી દરમ્યાન હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારશ્રીએ માંગેલ માહિતી સંદર્ભે નિયમાનુસાર તાકીદે ઘટતુ કરવા આપવામાં આવેલ સુચનાના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૨૦/૧૧/૧૩ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૮૮૫ થી અરજદારને જરૂરી માહિતીની નકલો મેળવા માટે જરૂરી રકમ ભરપાઈ કરવા જણાવવામાં આવેલ હોવાની વિગતો અત્રે પુરી પાડવામાં આવેલ છે.

**—:: હુકમ ::—**

**માહિતી અધિકાર નિયમ—૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી, અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા થયેલ રૂબરૂ રજુઆતોની વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂં છું.**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૦/૧૧/૧૩ ના ના પત્ર ક્રમાંક ટીડીઓ/૮૮૫ થી તેઓને જરૂરી માહિતી / નકલો મેળવવા માટે ભરવાપાત્ર રકમ ભરપાઈ કરવા અંગે જાણ કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રીની નિયત રકમ ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. તથા અરજદારશ્રી ધ્વારા જરૂરી રકમ ભરપાઈ કર્યેથી અરજદારને માંગ્યા મુજબની નકલો આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરૂં છું, આમ આ અપીલ અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૮૪, તા.૦૨—૧૨—૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૭૩
તા.૨૯–૧૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૭–૧૧–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧–૦૯–૧૩ ની ટીડીઓ/આઈ.ડી નં.૬૦૩ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૦૯/૧૩ ના રોજની માહિતી માંગતી ''નમુના–ક''ની અરજી ટીડીઓ/આઈ.ડી. નં.: ૧૪૯**
**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૫–૧૦–૧૩ ના પત્ર નં.ટીડીઓ/આરટીઆઈ/૭૯૨થી અરજદારને જવાબ પાઠવ્યો**
**(૩) ''નમુનો–જ'' માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૦૭/૧૧/૧૩ ના રોજ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. (ટીડીઓ/અપીલ/૬૮)**
**(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેરભાઈ નાનજીભાઈ બથવારને તા.૧૮–૧૧–૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/નં ૧૪૯, તા.૧૪–૧૧–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**
**(૫) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર હિયરીંગમાં હાજર રહી તા.૧૮/૧૧/૧૩ના રોજ રજુઆત કરેલ.**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૨૧/૦૯/૧૩ ના રોજ ટીડીઓ/આઈ.ડી. નં.:૧૪૯ થી શહેર વિકાસ ખાતામાં અરજી રજુ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને જવાબ / માહિતી પાઠવવામાં આવેલ. ત્યારબાદ તા.૦૧/૧૧/૧૩ ના રોજ માંગ્યા મુજબની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળથી શહેર વિકાસ ખાતામાં અપીલ અરજી રજુ કરેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૮/૧૧/૧૩ ના રોજ સવારે ૧૧:૪૫ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર હાજર રહી જણાવેલ છે કે હમો બી.પી.એલ. કાર્ડ

ધારક હોવાથી મોજે:કતારગામ, રે.સ.નં. ૩૪/૨ ટી.પી. સ્કીમ નં.: ૩૫ ઓ.પી. નં.: ૧૮ ની પુરી ફાઈલની ઝેરોક્ષ પુરી પાડવી જે મુજબની સ્પષ્ટતા કરવામાં આવેલ.

**—:: હુકમ ::—**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૦૯/૨૦૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૨) હેઠળના તા.૧૫/૧૦૫૨૦૧૩ ના પત્રથી માંગેલ માહિતી અન્વયે શહેર વિકાસ ખાતાના દફતરે ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી જરૂરીયાત મુજબની નકલો મેળવી લેવાનું જણાવેલ. જે અન્વયે અરજદારશ્રીએ રેકર્ડ નિરીક્ષણ કરી તેઓને જરૂરી રેકર્ડની નકલો પુરી પાડવા જણાવતા અરજદારશ્રીને માંગ્યા મુજબની નકલો તા.૦૧/૧૧/૧૩ ના રોજ પુરી પાડવામાં આવેલ છે જેનાથી નારાજ થઈ અરજદારશ્રીએ અપીલ રજુ કરેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ તા.૧૮/૧૧/૧૩ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી તેઓને અન્ય કેટલાક પેપર્સ / રેકર્ડની નકલની પણ જરૂરીયાત હોય જે પુરી પાડવા રજુઆત કરેલ છે, જે ધ્યાને લઈ અરજદારશ્રીને ફરીથી રેકર્ડ નિરીક્ષણ કરવા દેવા તથા જે અન્વયે જરૂરી / તેઓની માંગણી મુજબની નકલો વિના મુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૭૩, તા.૨૯–૧૧–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૮૬
તા.૦૨–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૪–૧૦–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી અઝહર કુરેશી**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

<u>ફરીયાદીની હકીકત :–</u>

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અઝહર કુરેશીની તા.૨૬–૦૮–૧૩ ની ટીડીઓ/આઈ.ડી નં.૫૫૩ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી અઝહર કુરેશીની તા.૨૬/૦૮/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ/આઈ.ડી. નં.: ૫૫૩**
**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૪–૦૯–૧૩ ના પત્ર નં.ટીડીઓ/આરટીઆઈ/૭૪૪થી અરજદારને જવાબ પાઠવ્યો**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી અઝશર કુરેશી ધ્વારા તા.૨૪/૧૦/૧૩ ના રોજ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. (ટીડીઓ/અપીલ/૬૩)**
**(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી અઝશર કુરેશીને તા.૧૨–૧૧–૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/નં ૧૩૮, તા.૦૨–૧૧–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી અઝહર કુરેશી ધ્વારા તા.૨૬/૦૮/૧૩ ના રોજ ટીડીઓ/આઈ.ડી. નં.:૫૫૩ થી શહેર વિકાસ ખાતામાં અરજી રજુ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રી અઝહર કુરેશીને જવાબ / માહિતી પાઠવવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળથી શહેર વિકાસ ખાતામાં અપીલ અરજી રજુ કરેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી અઝહર કુરેશી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૨/૧૧/૧૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી અઝહર કુરેશી સુનાવણીના નિયત સમયે હાજર રહેલ ન હતા તેમજ તે બાબતે તેમણે કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સુનાવણી સમયે હાજર રહી, તેઓ ધ્વારા તા.૨૪/૦૯/૧૩ ના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/અપીલ/૭૪૪, થી અરજદારશ્રીએ માંગેલ માહિતી અન્વયે અરજદારશ્રીને રૂા.૮૦૨/– ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ હોય, જે અન્વયે અરજદારશ્રીએ નિયત ફી ભરપાઈ કરી જરૂરી માહિતીની નકલ મેળવેલ હોવાની તથા જે મેળવ્યા અંગેની તેઓની તા.૧૧/૧૦/૧૩ થી સ્વીકૃતી સહી કરેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. વધુમાં તેઓ ધ્વારા મુદ્દાનં.: (૨) તથા (૩) થી માંગેલ માહિતી અન્વયે મંજુરી મુજબ બાંધકામ થયેલ હોય અને જેમણે તપાસ કરી હોય, તે

અંગેની માહિતી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના રેકર્ડ / ફાઈલ ઉપર નોંધાયેલ નહી હોવાથી જે ઉપલબ્ધ ન હોય, સદર માહિતી / રેકર્ડ પુરી પાડી શકાય તેમ નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી અઝહર કુરેશીની તા.૨૬/૦૮/૧૩ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં માિ'તી પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૮૬, તા.૦૨–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૯૦
તા.૦૩/૧૨/૨૦૧૩

**અપીલ અરજી તા.૨૩–૧૦–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નંદકિશોર જાલન**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નંદ કિશોર જાલનની તા.૨૬–૦૮–૧૩ ની આઈ.ડી નં.૧૧૪૨ (ટીડીઓ આઈ.ડી નં ૫૮૦) થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી નંદ કિશોરની તા.૨૬/૦૮/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક" માં આઈ.ડી. નં.: ૧૧૪૨ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ અરજી.**

**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૩૧–૦૮–૧૩ ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૭૩૧ થી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવી.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૬–૦૯–૧૩ ના પત્ર નં.ટીડીઓ/૭૩૦ થી અરજદારશ્રી નંદ કિશોરને જવાબ પાઠવ્યો.**

**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નંદ કિશોર જાલન ધ્વારા તા.૨૩/૧૦/૧૩ ના રોજ મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. જે અત્રે ટીડીઓ/અપીલ નં.: ૬૪થી નોંધાયેલ**

**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નંદ કિશોર જાલનને તા.૧૧–૧૧–૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલ.નં ૧૩૬ તા.૧–૧૧–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નંદ કિશોર જાલનને ફરી તા.૨૫–૧૧–૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલ.નં ૧૫૬ તા.૨૦–૧૧–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી નંદ કિશોર જાલન ધ્વારા સંદર્ભ (૧) હેઠળ તા.૨૬–૦૮–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં આઈ.ડી નં ૧૧૪૨ થી અરજી રજુ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ. અરજદારની સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રી નંદ કિશોર જાલન ને શહેર વિકાસ ખાતાના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી સમયમર્યાદામાં નિયત ચાર્જ ભરપાઈ કરી પુરી પાડવામાં આવી. અરજદારે ઉકત અરજી અન્વયે જણાવેલ કે કોઈ સહકાર નહી દેતે હોવાનું કારણ જણાવી સંદર્ભ (૪) હેઠળ નમુનો "જ"માં મધ્યસ્થ કચેરીમાં અપીલ અરજી રજુ કરેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારશ્રી નંદ કિશોર જાલન તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૧/૧૧/૧૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી નંદ કીશોર જાલન સુનાવણીના નિયત સમયે હાજર રહેલ નહીં. ફરીથી અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી માટે સંદર્ભ (૬) હેઠળના પત્રથી હાજર રહેવા જણાવેલ છતાં અરજદારશ્રી હાજર રહેલ નથી તથા કોઈ રજુઆત કરેલ નથી તેમજ નિયત સમયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અરજદારને પુરી પાડી તેઓને ઉપલબ્ધ ફાઈલ / રેકર્ડનું નિરીક્ષણ કરાવી માંગ્યા મુજબની માહિતી અરજદારશ્રીને પુરી

પાડવામાં આવેલ હોવાનું જણાવી સદરહું માહિતી મળ્યા અંગેની અરજદારશ્રીની તા.૨૩/૧૦/૨૦૧૩ તથા તા. ૧૪/૧૧/૨૦૧૩ની સ્વીકૃતી પૂરાવા તરીકે રજુ કરેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નંદ કિશોર જાલનની તા.૨૬–૦૮–૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી દવારા અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં માહિતી પુરી પાડેલ છે. જે સંદર્ભે અરજદારશ્રીએ તા.૨૩–૧૦–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. જે અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દવારા નિયત કરવામાં આવેલ સુનાવણી(બે તક)માં અરજદારશ્રી હાજર રહેલ નથી તેમજ આ સંદર્ભે અન્ય વધુ કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી દવારા અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી તેઓ દવરા પુરી પાડેલ હોવાનું જણાવી જે માહિતી અરજદારશ્રીને મળ્યા અંગેની અરજદારશ્રીની તા.૨૩/૧૦/૨૦૧૩ તથા તા.૧૪/૧૧/૨૦૧૩ની સ્વીકૃતી બતાવવામાં આવેલ છે.**

**ઉપરોકત હકિકત ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૯૦, તા.૦૩–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૯૨
તા.૦૪–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૦/૧૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી કિંજલ નરેશભાઈ સિધ્ધપુરીયા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી કિંજલ નરેશભાઈ સિધ્ધપુરીયાની તા.૨૦–૧૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી કિંજલ નરેશભાઈ સિધ્ધપુરીયાની તા.૨૩/૧૦/૧૩ ના રોજની માહિતી માંગતી ''નમુના–ક''ની અરજી સેન્ટ્રલ ઝોન આઈ.ડી. નં.:૧૫૦૭ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૬૯૧
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૪–૧૦–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૨૩૩૫,
(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૯/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૩૨ થી લખેલ પત્ર
(૪) ''નમુનો–જ'' માં અરજદારશ્રી કિંજલ નરેશભાઈ સિધ્ધપુરીયા ધ્વારા તા.૨૦/૧૧/૧૩ના રોજ સેન્ટ્રલ ઝોનમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૨૯૩
(૫) સેન્ટ્રલ ઝોન કચેરી તરફથી શહેર વિકાસ ખાતામાં સદર અપીલ અરજી તબદીલ કરતો પત્રનં.:૨૫૧૦, તા.૨૦/૧૧/૧૩
(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૫–૧૧–૧૩ ના ટીડીઓ નં.૧૬૬ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી કિંજલ નરેશભાઈ સિધ્ધપુરીયા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી સુરેશ એમ. પટેલ ને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૨૩/૧૦/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. સદર અપીલ અરજી સંદર્ભ (૫) હેઠળના પત્રથી સેન્ટ્રલ ઝોન તરફથી અત્રેની કચેરીએ તબદીલ કરવામાં આવેલ.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી કિંજલ નરેશભાઈ સિધ્ધપુરીયા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૮–૧૧–૧૩ ના રોજ સાંજે ૪.૪૫ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૬) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ.

રૂબરૂ સુનતાવણીમાં હાજર રહી અરજદારે તા.૨૭/૦૫/૨૦૧૩ ના રોજ કરેલ ઓન લાઈન ફરીયાદ નં. ૯૯૯/૫૨૦૧૩૨૭૮૪ તથા તા.૦૬/૦૭/૧૩ ના રોજ કરેલ ઓન લાઈન ફરીયાદ નં. ૯૯૯/૫૨૦૧૩૪૨૩૩ ની માહિતી આપેલ ન હોવાની રજુઆત કરેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ

અધિકારીશ્રીએ અરજદારે રજુ કરેલ ઓન લાઈન ફરીયાદ અરજીના પૂરાવા ચકાસી તા.૨૭/૦૫/૧૩ ની અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં કાર્યપાલક ઈજનેરશ્રીને તથા તા.૦૬/૦૭/૧૩ ની અરજી મે. કમિશ્નરશ્રીના પી.એ.ને કરવામાં આવેલ છે તથા અરજીમાં જણાવેલ વિગતો સેન્ટ્રલ ઝોન કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોવાનું તથા મધ્યસ્થ શહેર વિકાસ કચેરીને ઓન લાઈન ફરીયાદ તબદીલ ન થયેલ હોવાની અને સદરહું ફરીયાદ મધ્યસ્થ શહેર વિકાસ કચેરીને સ્પર્શતી ન હોવાની સ્પષ્ટતા કરી . આ અંગે સંબંધિત કચેરી/જાહેર માહિતી અધિકારીશ્રીનો સંપર્ક કરવા અરજદારશ્રીને સમજ આપવામાં આવેલ છે. જેનાથી અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે.

**—:: હુકમ ::—**

**માહિતી અધિકાર નિયમ—૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી, અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆતો / સ્પષ્ટતા વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂં છું.**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત / સ્પષ્ટતા મુજબ અરજદાર ધ્વારા કરવામાં આવેલ ઓનલાઈન ફરીયાદ સેન્ટ્રલ ઝોન કચેરીને સંબંધિત હોય, જે મધ્યસ્થ શહેર વિકાસ કચેરીને સ્પર્શતી ન હોવાની તથા સદરહુ અરજી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને મળેલ ન હોવાની સ્પષ્ટતા થાય છે. જે ધ્યાને લેતા અરજદારશ્રી ઈચ્છે તો સેન્ટેલ ઝોન કચેરીમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે, તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, સદરહું અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૯૨, તા.૦૪—૧૨—૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૯૩
તા.૦૪–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૩૧/૦૭/૧૩**
**અરજદારશ્રી :– શ્રી પિંકલ પી. ઘીવાળા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૩૧–૦૭–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી પીંકલ પી. ઘીવાળાની,તા.૨૪/૦૬/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૩૪૦

(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૦૪ થી લખેલ પત્ર

(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળા ધ્વારા તા.૩૧/૦૭/૧૩ના રોજ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી અપીલ/૨૫.

(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૯–૧૦–૧૩ ના ટીડીઓ નં.૧૨૩ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળા ને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૨૪/૦૬/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૩) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

સદર અપીલ અરજી સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૪–૧૦–૧૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૪) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ ન હતા તથા તેઓ ધ્વારા આ અંગે વધુ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સુનાવણીમાં હાજર રહી, અરજદારશ્રી ધ્વારા તા.૨૪/૦૬/૧૩ની મુળ અરજીથી માંગેલ માહિતી તેઓ ધ્વારા તા.૧૭/૧૦/૧૩ ના પત્રનં.: ૮૦૪ થી નિયત સમય મર્યાદા બાદ પુરી પાડી શકાયેલ હોવાથી જે વિનામુલ્યે પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જેથી નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૨૪/૦૬/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને નિયત સમય મર્યાદા બાદ તા.૧૭/૧૦/૧૩ના પત્રથી વિનામુલ્યે માહિતી / જવાબ પાઠવેલ છે. જે ધ્યાને લેતાં, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ને આર.ટી.આઈ. એકટની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરી નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીને જરૂરી માહિતી મળી રહે તે સુનિશ્ચિત કરવા તકેદારી રાખવા તથા તેઓની ઓફીસમાં ઉપલબ્ધ રેકર્ડની ચોકસાઈ પૂર્વક ફેર યોગ્ય ચકાસણી કરી શકયતઃ વધુમાં વધુ માહિતી મળી રહે તે અંગે કાળજી લઈ માહિતી પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આમ સદરહું અપીલ અરજીનો હું નિકાલ જાહેર કરૂ છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૯૩, તા.૦૪–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૯૮
તા.૦૭–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૩/૧૦/૧૩**
**અરજદારશ્રી :– શ્રી સુરેશ એમ. પટેલ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

<u>ફરીયાદીની હકીકત :–</u>

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૦૩–૧૦–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :–(૧)અરજદારશ્રી શ્રી સુરેશ એમ. પટેલની,તા.૩૧/૦૮/૧૩ ના રોજની માહિતી માંગતી"નમુના–ક"ની અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરવામાં આવેલ.અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૧૧૯૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૩–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી અઠવા ઝોનને તબદીલ કરતો પત્રનં.: ૧૭૭૨,

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન ધ્વારા તા.૦૬–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરતો પત્રનં.: ૭૧૬,

(૪) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૦૦ થી લખેલ પત્ર

(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી સુરેશ એમ. પટેલ ધ્વારા તા.૦૩/૧૦/૧૩ના રોજ સેન્ટ્રલ ઝોનમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/આઈ.ડી./૧૧૯૩ (ટીડીઓ/અપીલ/આઈ.ડી./૫૧, તા.૦૫/૧૦/૧૩)

(૬) સેન્ટ્રલ ઝોન કચેરી તરફથી શહેર વિકાસ ખાતામાં સદર અપીલ અરજી તબદીલ કરતો પત્રનં.: ૨૧૦૮, તા.૦૪/૧૦/૧૩

(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૯–૧૦–૧૩ ના ટીડીઓ નં.૧૨૨ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી સુરેશ એમ. પટેલ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા અઠવા ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ. સદર અરજી અઠવા ઝોન કચેરી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી અઠવા ઝોનના સંદર્ભ (૩) હેઠળથી અત્રેની કચેરીમાં તબદીલ કરેલ. ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી સુરેશ એમ. પટેલને સંદર્ભ (૪) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૦૩/૦૯/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૫) થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરેલ, જે સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૬) હેઠળ થી શહેર વિકાસ ખાતામાં તબદીલ કરેલ.

અરજદારશ્રીની અપીલ અન્વયે અપીલ અધિકારી અને શહેરી વિકાસ અધિકારીશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદારશ્રી સુરેશ એમ. પટેલને તા.૨૪–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ ન હતા. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહી અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૩/૦૯/૧૩ની મુળ અરજીમાં, કલ્યાણ જવેલર્સ વાળી મિલ્કત સંબંધેની માંગવામાં આવેલ માહિતી અન્વયે તા.૧૭/૧૦/૧૩ ના પત્રક્રમાંક નં.:

ટીડીઓ/આરટીઆઈ/૮૦૦ થી જરૂરી માહિતી નિયત સમય મર્યાદા બાદ પરંતુ વિનામુલ્યે પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદારશ્રી તરફથી નિયત સમય મર્યાદામાં માહિતી મળેલ ન હોવાથી સંદર્ભ (૫) થી કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદારશ્રીને રૂબરૂ હીયરીંગ માટે બોલાવવામાં આવેલ. અરજદારશ્રી સદર સમયે હાજર રહેલ નથી. તથા કોઈ રજુઆત કે પત્ર રજુ કરેલ નથી જે અન્વયે નીચે જણાવેલ વિગત મુજબનો હુકમ કરૂં છું.

**—:: હુકમ ::—**

**માહિતી અધિકાર નિયમ—૨૦૦૫ હેઠળ અરજદારશ્રી સુરેશ એમ. પટેલની તા.૦૩/૦૯/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તા.૧૭/૧૦/૧૩ના પત્રથી જવાબ પાઠવેલ છે. સદર જવાબ અંગે અરજદારશ્રીએ અપીલ અરજીમાં જણાવેલ છે કે સમયમર્યાદામાં માહિતી આપવામાં આવેલ નથી જે અંગે ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તેઓધ્વારા અરજદારશ્રીને નિયત સમય મર્યાદા બાદ તા.૧૭/૧૦/૨૦૧૩ થી માહિતી આપવામાં આવેલ હોવાનો સ્વીકાર કરી જે અન્વયે અરજદારશ્રીને નિયમાનુસાર વિના મુલ્યે માહિતી આપવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સદરહું માહિતી મળ્યા બાદ અરજદારશ્રી ધ્વારા સદર માહિતીથી તેઓને કોઈ નારાજગી / અસંતોષ હોવા અંગે લેખિત રજુઆત કરેલ નથી કે તા.૨૪/૧૦/૨૦૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રાખવામાં આવેલ સુનાવણીમાં હાજર રહેલ નથી કે રજુઆત કરેલ નથી જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને માહિતી સંબંધે વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. પરંતુ હવે પછીથી નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીને માહિતી મળી રહે તે અંગે ખાસ તકેદારી રાખવા હુકમ કરવામાં આવે છે, આમ સદરહું અપીલ અરજીનો હું નિકાલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૧૯૮, તા.૦૭—૧૨—૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૦૫
તા.૧૨–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૭/૧૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ. પાઠક**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા.૨૭–૧૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી અરૂણ એસ. પાઠકની,તા.૦૭/૦૯/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૪૯૦
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, ઉધના ઝોન ધ્વારા તા.૨૪–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર.
(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૧/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૬૦ થી લખેલ પત્ર
(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા તા.૨૭/૧૧/૧૩ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી ટીડીઓ/અપીલ/૭૪.
(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૮–૧૧–૧૩ ના ટીડીઓ નં.૧૭૨ થી અરજદારશ્રી અરૂણ એસ. પાઠકને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.

અરજદારશ્રી અરૂણ એસ. પાઠક તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી ઉધના ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, ઉધના ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી અરૂણ એસ. પાઠક તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૩–૧૨–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ઉકત દિને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ હતુ જેમાં અરજદાર હાજર રહેલ ન હતા. અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, ઉધના ઉદ્યોગનગર સંઘના જવાહર રોડ નં.:૫ પર આવેલ ભગવતી આર્કેડના મંજુર પ્લાન બાબતની માહિતી માંગવામાં આવેલ જે અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને તેમની મુળ અરજીથી માંગેલ શહેર વિકાસ ખાતાને સંલગ્ન મુદ્દા નં.૪ અને ૫ અંગેની માહિતી સમયમર્યાદામાં પુરી પાડી અરજદારશ્રીને સદરહું પત્રથી જણાવેલ નકલ ફી જમા કરાવી જરૂરી નકલો મેળવી લેવા જણાવેલ છે. પરંતુ પત્રમાં જણાવ્યા મુજબની માહિતી મેળવવા અરજદારે નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નહિ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી અરૂણ એસ. પાઠકની તા.૦૭/૦૯/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તા.૦૧/૧૦/૧૩ના પત્રથી અરજદારે મુળ અરજીમાં જણાવેલ માહિતી સમયમર્યાદામાં પુરી પડાયેલ હોય જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, અરજદારશ્રી નિયમાનુસાર નકલ ફી ભરપાઈ કરી તેઓને જરૂરી નકલો મેળવવા સ્વતંત્ર છે. અપીલ અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૨૦૫, તા.૧૨–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૦૬
તા.૧૨–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૭/૦૯/૧૩**
**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ. પાઠક**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

<u>ફરીયાદીની હકીકત :–</u>

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા.૨૭–૦૯–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી અરૂણ એસ. પાઠકની,તા.૦૩/૦૯/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૪૭૩
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, ઉધના ઝોન ધ્વારા તા.૧૧–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર.
(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૦૯/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૩૧ થી લખેલ પત્ર
(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા તા.૨૭/૦૯/૧૩ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી ટીડીઓ/અપીલ/૪૯.
(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૩–૧૦–૧૩ ના ટીડીઓ નં.૧૧૩ થી અરજદારશ્રી અરૂણ એસ. પાઠકને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.

અરજદારશ્રી અરૂણ એસ. પાઠક તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી ઉધના ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, ઉધના ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી અરૂણ એસ. પાઠક તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૧–૧૦–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ઉકત દિને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ હતુ જેમાં અરજદાર હાજર રહેલ ન હતા. અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, ઉધના, પટેલ નગર ચાર રસ્તા પાસે આવેલ વાત્સલ્ય એવન્યુ નામની બિલ્ડીંગની પરવાનગીની વિગતો તેમાં થયેલ બિનઅધિકૃત બાંધકામો તથા ગૃડા–૨૦૧૧ અન્વયે મળેલ અરજીની માહિતી માંગવામાં આવેલ, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અધુરી માહિતી પુરી પડાયેલ હોવાનું જણાવી જેનાથી નારાજ થઈ લેખિત અપીલમાં કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને તેમની મુળ અરજીથી માંગેલ તમામ માહિતી સમયમર્યાદામાં તા.૧૭/૦૯/૧૩ના પત્ર ક્રમંક :૭૩૧ થી પુરી પાડેલ હોવાનું જણાવેલ છે.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી અરૂણ એસ. પાઠકની તા.૦૩/૦૯/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તા.૧૭/૦૯/૧૩ના પત્રથી અરજદારે મુળ અરજીમાં જણાવેલ માહિતી સમયમર્યાદામાં પુરી પડાયેલ હોય જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી જે મુજબ અપીલ અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૨૦૬, તા.૧૨–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૦૮
તા.૧૨–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૫/૧૦/૧૩**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ બથવારની તા.૦૫–૧૦–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :–

(૧) અરજદારશ્રી નરેશભાઈ બથવારની,તા.૦૩/૦૮/૧૩ ના રોજની માહિતી માંગતી''નમુના–ક''ની અરજી આઈ.ડી.નં. ૯૬૪, તા.૦૭/૦૮/૧૩ થી સેન્ટ્રલ ઝોન ચેરીમાં કરવામાં આવેલ.જે અત્રેની કચેરીમાં ટીડીઓ/આઈ.ડી.નં.૪૮૫)

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૭–૦૯–૧૩ ના રોજ અત્રેની કચેરીમાં તબદીલ કરતો પત્રનં.: ૧૪૧૭

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૦૨ થી લખેલ પત્ર

(૪) ''નમુનો–જ'' માં અરજદારશ્રી નરેશભાઈ બથવાર ધ્વારા તા.૦૫/૧૦/૧૩ના રોજ સેન્ટ્રલ ઝોનમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/આઈ.ડી./૯૬૪ (ટીડીઓ/અપીલ/આઈ.ડી./૫૪, તા.૧૧/૧૦/૧૩)

(૫) સેન્ટ્રલ ઝોન કચેરી તરફથી શહેર વિકાસ ખાતામાં સદર અપીલ અરજી તબદીલ કરતો પત્રનં.: ૨૧૬૨, તા.૧૧/૧૦/૧૩

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૯–૧૧–૧૩ ના ટીડીઓ / અપીલ નં.૧૫૪ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અીધકારીશ્રી ધ્વારા તા.૨૯/૧૧/૧૩ ના ટીડીઓ/અપીલ/નં.૧૭૪ થી અરજદારશ્રીને બીજી રૂબરૂ હિયરીંગ માટે પાટવેલ પત્ર.

અરજદારશ્રી નરેશભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા અત્રેની કચેરીને તબદીલ કરવામાં આવેલ. સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૦૩/૦૮/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરેલ, જે સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૫) હેઠળ થી શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની અપીલ અન્વયે અપીલ અધિકારી અને શહેરી વિકાસ અધિકારીશ્રી દવારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૪–૧૦–૧૩ ના રોજ સાંજે ૪:૧૫ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતાં. જેથી સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ બથવારને તા.૦૫/૧૨/૧૩ ના રોજ ૪:૧૫ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા વધુ એક તક આપવામાં આવેલ પરંતુ અપીલ અધિકારીશ્રી અગત્યની મીટીંગમાં વ્યસ્ત હોવાથી સદર દિવસે સુનાવણી થઈ શકેલ નહિ હોવાથી તા. ૦૬/૧૨/૨૦૧૩ના રોજ સવારે ૧૨:૧૫ કલાકે સુનાવણી કરવામાં આવેલ છે, જેમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ છે. જાહેર માહિતી

અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી દવારા અરજદારશ્રીની મુળ અરજી જે તા.૦૩/૦૮/૧૩ ના રોજ નોંધાયેલ છે જેની માહિતી તા.૧૭/૧૦/૧૩ ના પત્ર ક્રમાંક ટીડીઓ/આર.ટી.આઈ/૮૦૨થી પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

અરજદારશ્રીએ સુનાવણીમાં પ્રશ્ન હેઠળની રીજન્ટ મોલ વાળી મિલ્કતમાં ગૃડા–૨૦૧૧ હેઠળ થયેલ કાર્યવાહી અયોગ્ય હોવા અંગે તથા સ્ટ્રકચરલ એન્જિનીયર દવારા આપવામાં આવેલ સ્ટ્રકચરલ સ્બીલીટી સર્ટીફિકેટ ક્ષતિપુર્ણ હોવા બાબતની ફરીયાદ / રજુઆત કરેલ છે પરંતુ તેઓને પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અસંતોષ નારાજગી અંગેના કારણની સ્પષ્ટતાકરી શકેલ નથી જે ધ્યાને લઈને નીચે જણાવ્યા મુજબનો હુકમ કરુ છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ બથવારની તા.૦૩/૦૮/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તા.૧૭/૧૦/૧૩ના પત્રથી નિયત સમયમર્યાદા વીતી ગયા બાદ જવાબ / માહિતી પાઠવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પુરી પડાયેલ માહિતી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા તેઓની નારાજગી માહિતીથી તેઓને કોઈ નારાજગી / અસંતોષ હોવા અંગે લેખિત રજુઆત કરેલ નથી કે તેનું કારણ અથવાતો માહિતી અધુરી / અસ્પષ્ટ / ક્ષતિપુર્ણ હોવા અંગે કોઈ રજુઆત / સ્પષ્ટતા કરવામાં આવેલ નથી પરંતુ પ્રશ્ન હેઠળની મિલ્કત અંગેની કાર્યવાહી અયોગ્ય હોવા અંગે વિગેરે રજુઆત કરેલ છે. ઉપરીકત હકીકતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી પરંતુ આર.ટી.આઈ એકટ હેઠળ માહિતી માંગતી અરજદારશ્રીની અરજીઓ સંદર્ભે નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીને માહિતી પુરી પાડવાનું સુનિશ્ચિત કરવા તાકીદ કરવામાં આવે છે. આમ, સદરહું અપીલ અરજીનો નિકાલ જમહેર કરૂ છું**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૨૦૮, તા.૧૨–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૧૨
તા.૨૧–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૨/૧૨/૧૩**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૨–૧૨–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૮/૧૦/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી સેન્ટ્રલ ઝોન આઈ.ડી. નં.:૧૪૮૩ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૭૩૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૧–૧૦–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર, અઠવા ઝોન ને અરજી તબદીલ કરતો પત્ર સેઝોન/આરટીઆઈ/જાવક/૨૨૮૩,

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન ધ્વારા તા.૨૦–૧૧–૧૩ ના પત્રનં.: સાવેઝોન (અઠવા)/આરટીઆઈ/આ/૯૭૪થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અંશતઃ તબદીલ કરેલ અરજી.

(૪) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૬/૧૧/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/આરટીઆઈ/૮૯૬ થી આપેલ માહિતી

(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૦૨/૧૨/૧૩ના રોજ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૭૮

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૭–૧૨–૧૩ ના ટીડીઓ નં.૧૯૯ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

(૭)અરજદારશ્રીની તા.૧૨/૧૨/૧૩ ની અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ રૂબરૂ રજુઆત.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી સહિતના જે તે વિભાગોને તબદીલ કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી અઠવા ઝોન કચેરી ધ્વારા સંદર્ભ(૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અંશતઃ અરજી તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીને સંદર્ભ (૪) ના પત્રથી તેઓની તા.૧૮/૧૦/૧૩ ની મુળ અરજી અન્વયે શહેર વિકાસ ખાતાને લગતી બાબતોની માહિતી તથા નકલો પુરી પાડેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તેઓને અધુરી તથા અપુરતી માહિતી મળેલ હોવાનું કારણ જણાવી સંદર્ભ (૫) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૨–૧૨–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૬) હેઠળથી પત્ર પાઠવવામાં આવેલ. જે મુજબ તા.૧૨/૧૨/૧૩ ના રોજ રૂબરૂ સુનાવણીના કામે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેરશ્રી હાજર રહેલ.

રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અરજદારે (૧)પાણી અંગેની વ્યવસ્થા જણાયેલ નથી., (૨)ચાલુ સાલના વેરાબીલની આકારણીની નકલ, (૩)ઈન્કમટેક્ષ આયકર ભવનના ચલણની નકલ, (૪)વસવાટની મંજુરીની નકલ તથા (૫)સુચિત

બાંધકામ તા.૨૮/૦૩/૧૧ બાદ બનેલ હોય તેની કાયદેસરતાની માહિતીની નકલ આપવા રજુઆત કરેલ. અરજદારની ઉકત રજુઆત પૈકી મુદ્દા નં. (૧) થી (૩) શહેર વિકાસ ખાતાને સ્પર્શતી ન હોવાથી સદર બાબતે પાણીની વ્યવસ્થા, વેરાબીલ અંગેની માહિતી અઠવા ઝોન કચેરીમાંથી તથા ઈન્કમટેક્ષના ચલણની નકલ ઈન્કમ ટેક્ષ કચેરી ખાતેથી અરજદારે મેળવવાની રહેતી હોવાની સ્પષ્ટતા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેરએ હીયરીંગ દરમ્યાન કરતાં સદર બાબતે જે તે વિભાગનો સંપર્ક કરવાની અરજદારને રૂબરૂમાં સમજ આપવામાં આવેલ. તેમજ ટી.પી. સ્કીમ નં.:૨ (વેસુ–ભરથાણા–વેસુ) ફા. પ્લોટ નં.: ૧૪૭ + ૧૪૮ વાળી મિલ્કતમાં અપાયેલ વસવાટ પરવાનગીની નકલ અરજદારને આપેલ હોવાનું તથા બી.યુ.સી. ને જ વસવાટની પરવાનગી ગણવાની રહે છે તેવી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેરએ સ્પષ્ટતા કરેલ. વધુમાં અરજદારની મુળ અરજીમાં જણાવેલ અન્ય બન્ને મિલ્કતોમાં અત્રેથી આપવામાં આવેલ બાંધકામની વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠીની નકલ અરજદારને આપવામાં આવેલ હોય તથા તે અન્વયે સ્થળે બાંધકામ ચાલતુ હોવાની પણ સ્પષ્ટતા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેરએ હિયરીંગ દરમ્યાન કરતા જે અંગેની પુરતી સમજ અરજદારને હિયરીંગ દરમ્યાન આપવામાં આવેલ છે. આમ અરજદારને શહેર વિકાસ ખાતાને લગતી તમામ માહિતી / નકલો પુરી પાડવામાં આવેલ છે.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી, અરજદારશ્રી તથા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેરશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆતો / સ્પષ્ટતા વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂં છું.**

**મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેરશ્રી ધ્વારા હિયરીંગ દરમ્યાન કરવામાં આવેલ રજુઆત / સ્પષ્ટતા મુજબ અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી અન્વયે શહેર વિકાસ ખાતાને લગતી માહિતી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, અરજદારશ્રીએ સુનાવણી દરમ્યાન કરેલ અન્ય ખાતા / કચેરીને સંલગ્ન રજુઆત અન્વયે જે તે સંબંધિત અઠવા ઝોન તથા ઈન્કમ ટેક્ષ વિભાગની કચેરીમાંથી માહિતી મેળવવા અરજદારશ્રી સ્વતંત્ર છે, જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, સદરહું અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૨૧૨, તા.૨૧–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૧૬
તા.૨૪–૧૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૪–૧૦–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી અઝહર કુરેશી**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અઝહર કુરેશીની તા.૨૬–૦૮–૧૩ ની ટીડીઓ/આઈ.ડી નં.૫૫૩ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–(૧) અરજદારશ્રી અઝહર કુરેશીની તા.૨૬/૦૮/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ/આઈ.ડી. નં.: ૫૫૩
(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૪–૦૯–૧૩ ના પત્ર નં.ટીડીઓ/આરટીઆઈ/૭૪૪થી અરજદારને જવાબ પાઠવ્યો
(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી અઝશર કુરેશી ધ્વારા તા.૨૪/૧૦/૧૩ ના રોજ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. (ટીડીઓ/અપીલ/૬૩)
(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી અઝહર કુરેશીને તા.૧૨–૧૧–૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/નં ૧૩૮, તા.૦૨–૧૧–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.
(૫) અત્રેની કચેરીના ટીડીઓ/હુકમ નં.:૧૮૬, તા.૦૨/૧૨/૧૩
(૬) આપશ્રીની તા.૦૫/૧૨/૧૩ ની અરજી
(૭) અત્રેની કચેરીના પત્ર નં.: ટીડીઓ/આપીલ નં.: ૨૦૦, તા.૦૯/૧૨/૧૩ થી ફરી હિયરીંગ માટે લખેલ પત્ર

અરજદારશ્રી અઝહર કુરેશી ધ્વારા તા.૨૬/૦૮/૧૩ ના રોજ ટીડીઓ/આઈ.ડી. નં.:૫૫૩ થી શહેર વિકાસ ખાતામાં અરજી રજુ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રી અઝહર કુરેશીને જવાબ / માહિતી પાઠવવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળથી શહેર વિકાસ ખાતામાં અપીલ અરજી રજુ કરેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી અઝહર કુરેશી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૨/૧૧/૧૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી અઝહર કુરેશી સુનાવણીના નિયત સમયે હાજર રહેલ ન હતા તેમજ તે બાબતે તેમણે કોઈ લેખિત રજુઆત કરેલ ન હતી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સુનાવણી સમયે હાજર રહી, તેઓ ધ્વારા તા.૨૪/૦૯/૧૩ ના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/અપીલ/૭૪૪, થી અરજદારશ્રીએ માંગેલ માહિતી અન્વયે અરજદારશ્રીને રૂા.૮૦૨/– ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ હોય, જે અન્વયે અરજદારશ્રીએ નિયત ફી ભરપાઈ કરી જરૂરી માહિતીની નકલ મેળવેલ હોવાની તથા જે મેળવ્યા અંગેની તેઓની તા.૧૧/૧૦/૧૩ થી સ્વીકૃતી સહી કરેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. વધુમાં તેઓ ધ્વારા મુદ્દાનં.: (૨) તથા (૩) થી માંગેલ માહિતી અન્વયે મંજુરી મુજબ બાંધકામ થયેલ હોય અને જેમણે તપાસ કરી હોય, તે

અંગેની માહિતી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના રેકર્ડ / ફાઈલ ઉપર નોંધાયેલ નહી હોવાથી જે ઉપલબ્ધ ન હોય, સદર માહિતી / રેકર્ડ પુરી પાડી શકાય તેમ નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉકત અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૨/૧૨/૨૦૧૩ થી હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રીએ સંદર્ભ (૬) હેઠળના તા.૦૫/૧૨/૨૦૧૩ ના પત્રથી જણાવેલ કે ઉકત સુનાવણી માટેનો સંદર્ભ (૪) હેઠળનો પત્ર તેઓને મળેલ નહી હોવાથી તેઓ સુનાવણીમાં હાજર રહી શકેલ નહી હોવાની રજુઆત કરેલ છે જે ધ્યાને લઈ જે ન્યાયના હિતમાં સંદર્ભ (૭) હેઠળના પત્ર થી અરજદારશ્રીને તા.૨૦/૧૨/૧૩ ના રોજ ફરી સુનાવણી માટે બોલાવેલ જેમાં હાજર રહી અરજદારશ્રીએ સ્થળ તપાસ સંદર્ભેની વિગતો આપવા રજુઆત કરેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સદરહું વિગતો ઉપલબ્ધ રેકર્ડ ઉપર નહી હોવાથી તેઓ આપી શકે તેમ નહી હોવાનું જણાવી અરજદારશ્રીને તેઓ ઈચ્છે તો શહેર વિકાસ ખાતમાં ઉપલબ્ધ રેકર્ડ નિરીક્ષણ કરી તેઓને જરૂરી માહિતી / નકલો મેળવી લેવા પ્રસ્તાવ આપવામાં આવેલ. જે સંદર્ભે અરજદારશ્રીએ રેકર્ડ નિરીક્ષણ આપવા માંગણી / રજુઆત કરેલ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી અઝહર કુરેશીની તા.૨૬/૦૮/૧૩ની મુળ અરજી સંદર્ભે તેઓ ધ્વારા અરજદારશ્રીને તેઓની કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે જે અન્વયે અરજદારશ્રીએ અપીલની સુનાવણી દરમ્યાન રેકર્ડ નિરીક્ષણ આપવા રજુઆત / માંગણી કરેલ છે. જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારશ્રીને નિયમાનુસાર દિન–૦૭(સાત) માં રેકર્ડ નિરીક્ષણ આપવા તથા રેકર્ડ નિરીક્ષણમાં અરજદારશ્રી ધ્વારા જે માહિતી / નકલોની માંગણી કરવામાં આવે તે માહિતી / નકલો પુરી પાડવાનો હુકમ કરૂં છું. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૨૧૬, તા.૨૪–૧૨–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૨૧
તા.૦૧/૦૪/૨૦૧૩

અપીલ અરજી તા.૦૧–૧૧–૧૩
અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી

ફરીયાદીની હકીકત :–

**વિષય :**– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :**–
(૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૦૫/૧૦/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૩૯૨
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૮૪૭, તા.૦૧/૧૧/૧૩.
(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુના–ઘ" માં તા.૦૧/૧૧/૧૩ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૧૪૩, તા.૧૨/૧૧/૧૩.
(૫) અરજદારશ્રીની તા.૨૨/૧૧/૧૩ ની લેખિત રજુઆત.
(૬) અત્રેના પત્ર નં. ટીડીઓ/અપીલ/૧૭૭, તા.૩૦/૧૧/૧૩
(૭) અરજદારશ્રીની તા.૦૭/૧૨/૧૩ ની લેખીત રજુઆત
(૮) અત્રેના પત્રનં.: ટીડીઓ/અપીલ નં.: ૨૦૧, તા.૧૦/૧૨/૧૩
(૯) અરજદારશ્રીની તા.૧૯/૧૨/૧૩ ની લેખિત રજુઆત

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આઈ.ડી નં.૧૩૯૨, તા.૦૫/૧૦/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૫૨, તા.૧૮/૧૦/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૮૪૭, તા.૦૧/૧૧/૧૩ થી નિયત સમય મર્યાદામાં શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગને સંલગ્ન વિગતો / માહિતી પુરી પાડી ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદાર ધ્વારા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૦૧/૧૧/૨૦૧૩ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૨૨/૧૧/૧૩ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી પરંતુ અરજદારશ્રીએ સંદર્ભ (૫) હેઠળની લેખિત રજુઆત કરેલ જે અન્વયે સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૦૭/૧૨/૧૩ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સુનાવણી માટે હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ તેમ છતાં અરજદાર હાજર નહી રહી સંદર્ભ (૭) હેઠળની લેખિત અરજીમાં બીજી તારીખ આપવા રજુઆત કરેલ જે અન્વયે સંદર્ભ (૮) હેઠળના પત્રથી તા.૨૦/૧૨/૧૩ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા વધુ તક આપવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રીએ સંદર્ભ (૯) હેઠળથી તેઓએ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવુ નથી અને પ્રથમ અપીલ અરજીના હુકમ નિકાલ કરવા રજુઆત કરવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૨૦/૧૨/૧૩ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી માહિતી નિયત સમય મર્યાદામાં સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રી બી.પી.એલ. કાર્ડ ધારક હોય તેઓની નમુના–ક ની માહિતી માંગતી અરજીમાં પ્રોજેકટની ફાઈલના પ્લાન મંજુરી અર્થે રજુ કરેલ તમામ પેપર્સની માંગેલ નકલો નિયમાનુસાર વિનામુલ્યે અરજદારશ્રીને પુરી પાડવાની રહેતી હોય માંગેલ માહિતી / નકલ અન્વયે સુરત મહાનગરપાલિકાને આર્થિક ભારણ ન વધે તે હેતુથી મિલ્કત સંબંધે ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી જવા તેમજ જે માહિતી / નકલોની જરૂરીયાત હોય તે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ પરથી ઉતારો કરી લેવા તેમજ તે પ્રમાણીત કરી આપવા જણાવતા અરજદારશ્રીએ રેકર્ડ નિરીક્ષણ કરેલ નથી તેમજ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી પૈકીની વિગતો સેન્ટ્રલ ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય, ઝોન કચેરીને અંશતઃ તબદીલ કરવામાં આવેલ છે. તથા અરજદારશ્રી પુનરાવર્તિ આર.ટી.આઈ. અરજદાર હોય તેમજ બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી તેઓ ધ્વારા કરવામાં આવતી આર.ટી.આઈ. એકટ હેઠળની તમામ અરજીઓ સંદર્ભે પણ તેઓ ધ્વારા આ પ્રકારે તમામ રેકર્ડની વિપુલ પ્રમાણમાં નકલોની વિના મુલ્યે માંગણી કરવામાં આવતી હોય જે વિપુલ પ્રમાણમાં વિના મુલ્યે નકલો પુરી પાડવી જાહરહિતમાં કાર્યકરતી સ્થાનિક સ્વરાજયની સંસ્થા સુરત મહાનગરપાલિકાના આર્થીક હિતમાં યોગ્ય નહી હોવાનું જણાવેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–::હુકમ ::–

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૫/૧૦/૨૦૧૩ ના રોજની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદાર બી.પી.એલ કાર્ડ ધારક હોય તમામ માહિતી / નકલો તેઓને વિનામુલ્યે આપવાની કરેલ રજુઆતે તેઓએ માંગેલ માહિતી અંગે સુરત મહાનગરપાલિકાને આર્થિક ભારણ વધે તેમ હોય મિલ્કત સંબંધે ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી જવા તેમજ જે માહિતી / નકલોની જરૂરીયાત હોય તે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ પરથી ઉતારો કરી લેવા તેમજ તે પ્રમાણીત કરી આપવા જણાવતા અરજદારે નિયત સમયે રેકર્ડ / ફાઈલ નિરીક્ષણ કરેલ નહી હોવાની સ્પષ્ટતા કરી, અરજદારશ્રીની માહિતી માંગતી અરજી પૈકીની વિગતો સેન્ટ્રલ ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય, ઝોન કચેરીને અંશતઃ તબદીલ કરવામાં આવેલ હોવાની કરેલ સ્પષ્ટતા અન્વયે અરજદારશ્રી ઈચ્છે તો દિન–૭ (સાત)માં શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી તેઓને જરૂરી માહિતી / નકલો અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને જણાવવા સુચવવામાં આવે છે તથા અરજદારશ્રી ધ્વારા રેકર્ડ નિરીક્ષણ કરી જે માહિતી / નકલની માંગણી કરવામાં આવે તે પુરી પાડવા અન્યથા અરજદારશ્રીએ તેઓની માહિતી માંગતી મુળ અરજીથી જણાવેલ શહેર વિકાસ ખાતાને સંલગ્ન માહિતી / નકલો દિન–૧૦ (દશ) માં અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીનેહુકમ કરવામાં આવે છે. અરજદારશ્રી તેઓની માહિતી માંગતી અરજીમાં જણાવેલ સેન્ટ્રલ ઝોન કચેરીને લગતી અન્ય માહિતી / નકલો સેન્ટ્રલ ઝોન કચેરીમાં થી મેળવી લેવા સ્વતંત્ર છે. આમ, અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહર કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૨૨૧, તા.૦૧–૦૪–૨૦૧૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૨૯
તા.૧૩–૦૧–૨૦૧૪

**અપીલ અરજી તા.૩૦/૧૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૩૦–૧૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૭/૦૯/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની સેન્ટ્રલ ઝોન કચેરીના આઈ.ડી. નં.: ૧૩૨૫ થી કરેલ અરજી
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૩૦–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૨૦૪૮,
(૩) જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રી ધ્વારા તા.૦૪/૧૦/૧૩ ના પત્રનં.: ૬૧૩ થી શહેર વિકાસ ખાતામાં તબદીલ કરતો પત્ર.
(૪) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૨/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૧૯ થી માહિતી પુરી પાડવા અંગેનો પત્ર
(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા ધ્વારા તા.૩૦/૧૧/૧૩ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૨૯૮
(૬) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્રનં.: ૨૬૦૮, તા.૦૨/૧૨/૧૩ થી અત્રે અપીલ તબદીલ કરતો પત્ર(ટીડીઓ/અપીલ નં.: ૮૦)
(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૬–૧૨–૧૩ ના ટીડીઓ નં.૧૯૫ થી અરજદારશ્રીને રૂબરુ રજુઆત માટે પાઠવેલ પત્ર.
(૮) અરજદારશ્રીની તા.૧૨/૧૨/૧૩ ની રજુઆત
(૯) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૧–૧૨–૧૩ ના ટીડીઓ /અપીલ નં.૨૧૪ થી અરજદારશ્રીને રૂબરુ રજુઆત માટે પાઠવેલ પત્ર.
(૧૦) અરજદારશ્રીની તા.૩૦/૧૨/૧૩ની રજુઆત.

અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ ખાતા ધ્વારા સંદર્ભ (૩) હેઠળથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાને સંદર્ભ (૪) ના પત્રથી તેઓની તા.૨૭/૦૯/૧૩ ની મુળ અરજી અન્વયે માહિતી / જવાબ પાઠવેલ છે. અરજદારશ્રીને મળેલ માહિતી / જવાબ થી નારાજ થઈ તેઓ ધ્વારા સંદર્ભ (૫) થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. જે સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્ર થી શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ.

અરજદારશ્રીની ઉકત અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૧–૧૨–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે

રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૭) હેઠળ પત્ર પાઠવવામાં આવતા અરજદારશ્રીએ સંદર્ભ (૮) હેઠળના પત્રથી તેઓ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી શકે તેમ નહી હોવાનું જણાવેલ, જે ધ્યાને લઈ અરજદારશ્રીને સંદર્ભ (૯) હેઠળના પત્રથી અરજદારશ્રીને હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ તેમ છતાં અરજદારશ્રી હાજર રહેલ નથી તથા અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧૦) હેઠળના પત્રથી તેઓની પ્રથમ અપીલ અરજીનો હુકમ / નિકાલ તા.૧૩/૧૨/૧૩ના રોજ થયેલ હોય જે હુકમમાં જણાવેલ હોય એના સિવાયની માહિતી આપવા રજુઆત કરેલ છે.

અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર અન્વયે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે તેઓ ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં તા...................ના પત્ર ક્રમાંકઃ .......... થી માહિતી / જવાબ પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. તેમજ અરજદારશ્રીની સંદર્ભ (૫) હેઠળની અપીલ અન્વયે અરજદારશ્રીએ સંદર્ભ (૧૦) ના પત્રથી જણાવ્યા મુજબનો કોઈ હુકમ થયેલ  નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે. જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆતો / સ્પષ્ટતા ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી અરજી સંદર્ભે નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડેલ હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, સદરહું અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૨૨૯, તા.૧૩–૦૧–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૩૩
તા.૧૫–૦૧–૨૦૧૪

**અપીલ અરજી તા.૦૭/૧૨/૧૩**
**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ. પાઠક**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા.૦૭–૧૨–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી અરૂણ એસ. પાઠકની તા.૦૪/૧૦/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી મધ્યસ્થ કચેરીના આઈ.ડી. નં.: ડી/૩૭૩ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૬૯૦

(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક ધ્વારા તા.૨૨–૧૦–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્રનં.: સી/૩૩૦૮,

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૩/૧૨/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૯૧૨ થી લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા તા.૦૭/૧૨/૧૩ના રોજ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૮૧

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૧–૧૨–૧૩ ના ટીડીઓ નં.૨૦૨ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૭–૧૨–૧૩ ના ટીડીઓ નં.૯૭૯ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી અરૂણ એસ. પાઠક તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી અરૂણ એસ. પાઠકને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૦૪/૧૦/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી શહેર વિકાસ ખાતામાં અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી અરૂણ એસ. પાઠક તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૦–૧૨–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી હાજર રહેલ નથી. ત્યારબાદ સંદર્ભ(૬) હેઠળ થી અરજદારશ્રીને ફરીથી તા.૪/૧/૧૪ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારશ્રીએ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી તેઓ ધ્વારા માહિતી માંગતી મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા આપેલ માહિતી અધુરી તથા ખોટી હોવાનું તથા આપેલ માહિતી કયાં મુળ પત્રો / અરજીઓના સંદર્ભમાં છે તે સ્પષ્ટતા થતી નહી હોવાનું જણાવેલ. જે સંદર્ભે રૂબરૂ સુનાવણીમાં હાજર રહી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ તમામ માહિતી આપેલ હોવાનું જણાવી કયાં મુળ પત્રો / અરજીઓને સંલગ્ન કયાં

પેપર્સની નકલો છે તે અલગ તારવી અરજદારશ્રીને તે અંગે સમજ / સ્પષ્ટતા આપવામાં આવેલ તથા અરજદારશ્રી ઈચ્છે તો મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના ઉપલબ્ધ રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરવા પ્રસ્તાવ આપવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ આપવા રજુઆત કરેલ છે. ઉપરોકત હકીકતને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી, અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆતો / સ્પષ્ટતા વિગેરે ધ્યાને લઈ અરજદારશ્રીને જાહેર માહિતી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અપાયેલ માહિતી અધુરી જણાતી હોય તથા અરજદારશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવા ઈચ્છતા હોવાથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને મધ્યસ્થ શહેર વિકાસ કચેરીના રેકર્ડનું નિયમાનુસાર નિરીક્ષણ આપવા તથા જે અન્વયે અરજદારશ્રીના જરૂર જણાયે તે માહિતી / નકલો આપવા હુકમ કરૂં છું. આમ સદરહુ અરજીનો નિકાલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૨૩૩, તા.૧૫–૦૧–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૩૮
તા.૧૬–૦૧–૨૦૧૪

**અપીલ અરજી તા.૨/૧૨/૧૩**

**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૧–૧૧–૧૩ ની આઈ.ડી.નં.૧૫૮૯ થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૧/૧૧/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી ટીડીઓ.આઈ.ડી. નં.:૭૨૦, તા.૧૩/૧૧/૧૩.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) તરફથી તા.૧૩–૧૧–૧૩ ના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૨૪૫૧ થી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૮/૧૧/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૯૦૨ થી માહિતી પુરી પાડતો પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૨/૧૨/૧૩ના રોજ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૬–૧૨–૧૩ ના ટીડીઓ/અપીલ નં.૧૨૬ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને રૂબરુ હીયરીંગ માટે બોલાવતો પત્ર.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પ્રથમવાર રૂબરૂ હાજર ન રહેતા ફરી બીજીવાર રૂબરૂ હીંયરીંગ માટે તા.૨૧–૧૨–૧૩ ટીડીઓ/અપીલનં.૨૧૩ થી બોલાવ્યા.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા માહિતી બાબતે માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને સંદર્ભ (૩) ના પત્રથી મુદ્દા નં.(૧) થી (૨) ની માહિતી પુરી પાડવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ સંદર્ભ (૪) થી શહેર વિકાસ ખાતા સમક્ષ નમુનો "જ" માં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી. અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ

અધિકારીશ્રીને તા.૦૬–૧૨–૧૩ ના પત્રથી તા.૧૧/૧૨/૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

અરજદાર ઉકત દિને અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેલ નહીં જેથી અરજદારશ્રીને તા.૨૭/૧૨/૨૦૧૩ ના રોજ સાંજે ૪–૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા વધુ એક તક આપી આ અંગેની જાણ તેઓને પત્ર ક્રમાંક ટીડીઓ/અપીલ/૨૧૩, તા.૨૧/૧૨/૨૦૧૩ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારશ્રી, અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ તા.૨૭/૧૨/૨૦૧૩ ના રોજ સુનાવણીમાં હાજર રહેલ. અરજદારશ્રીએ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા તા.૨૮/૧૧/૨૦૧૩ના પત્ર નં.ટીડીઓ/૯૦૨ થી આપેલ માહિતી અધુરી તથા ઈરાદાપુર્વક કેટલીક માહિતી છુપાવવામાં આવેલ હોવાની રજૂઆત કરી, ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી કે જેઓ પોતે શહેર વિકાસ ખાતાના જાહેર માહિતી અધિકારી છે તેઓએ શહેર વિકાસ ખાતાના કર્મચારી/અધિકારીઓની પુરી પાડેલ યાદીમાં તેઓનું પોતાનું નામ તથા વિગત છુપાવવામાં આવેલ હોવાનું જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા અરજદારશ્રીની અરજીથી માંગેલ માહિતી ખરેખર મહેકમ વિભાગને સંલગ્ન હોય તથા સદર અરજી, મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોય, સદર માહિતી મહેકમ વિભાગે પુરી પાડવાની થતી હોવાનું જણાવી અરજદારશ્રીને શહેર વિકાસ ખાતાની સંલગ્ન જરૂરી માહિતી મળી રહે તે શુભ હેતુથી તેઓ ધ્વારા શહેર વિકાસ ખાતાને સંલગ્ન માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાની તથા તેઓ પોતે શહેર વિકાસ ખાતાના મહેકમ પર ન હોય તેઓ ટાઉન પ્લાનીંગ ખાતામાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હોય તથા શહેર વિકાસ ખાતામાં નાયબ શહેર વિકાસ અધિકારીનો ચાર્જ સંભાળતા હોવાથી શહેર વિકાસ ખાતાના કર્મચારી/અધિકારીની યાદીમાં તેમના નામ/વિગતનો સમાવેશ કરેલ નહિ હોવાની સમજ/સ્પષ્ટતા અરજદારશ્રીને આપવામાં આવેલ છે, જે અંગે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે. આથી અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરૂં છું.

## –:: હુકમ ::–

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૧/૧૧/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૨૮/૧૧/૧૩ના રોજ પાઠવેલ પત્રથી માંગ્યા મુજબની સંપૂર્ણ વિગતો આપેલ નહીં હોવાનું જણાવી અરજદારશ્રીએ તા.૨/૧૨/૧૩ ના રોજ અપીલ દાખલ કરેલ છે. અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૧/૧૧/૧૩ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૮/૧૧/૨૦૧૩ના પત્ર ક્રમાંક ટીડીઓ/૯૦૨ થી મુદૃા નં.૧ થી ૨ અન્વયે શહેર વિકાસ ખાતાને સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડ પ્રમાણેની માહિતી અરજદારશ્રીને આપવામાં આવેલ છે. જે અંગે અરજદારશ્રીને ઉપર મુજબ સ્પષ્ટતા/સમજ આપવામાં આવેલ છે. તેમજ અરજદારશ્રીને સદર અરજીની વિગતો મહેકમ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની તથા તે વિભાગને સંલગ્ન હોય તથા માહિતી માંગતી મૂળ અરજી મહેકમ વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ હોય, જરૂર જણાયે અરજદારશ્રી મહેકમ વિભાગનો સંપર્ક કરી/સબંધિત અપીલ અધિકારીશ્રી સમક્ષ અપીલ કરી વધુ માહિતી મેળવી શકતા હોવાની સમજ/સ્પષ્ટતા આપવામાં આવેલ છે. આથી અરજદારશ્રી તેઓને જરૂરી વધુ માહિતી/વિગતો**

**મહેકમ વિભાગમાંથી મેળવવા સ્વતંતત્ર છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેમના વિભાગને સંલગ્ન રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડેલ છે, જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને, વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ સંદર્ભે અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

ટી.ડી.ઓ/૨૩૮, તા.૧૬–૦૧–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૪૭
તા.૨૪–૦૧–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૯–૧૨–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :–** **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧–૧૦–૧૩ ની આઈ.ડી નં.૧૪૯૫ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–**
**(૧) અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની,તા.૨૧/૧૦/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રજુ કરી. આઈ.ડી. નં.: ૧૪૯૫**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૧–૧૦–૧૩ ના પત્ર નં. સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૨૩૦૨ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.(ટીડીઓ/આઈડી/૬૮૦, તા.૨૨/૧૦/૧૩)**
**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૬/૧૧/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૬૨ થી રૂબરૂ નિરીક્ષણ માટેનો પત્ર.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા, તા.૧૯/૧૨/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. અપીલ નં. ૧૪૯૫**
**(૫) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૯–૧૨–૧૩ ના પત્ર નં. સી.સી.સી./સી.ઝોન/આઉટ/૧૦૮૧ થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ અરજી તબદીલ કરવામાં આવી.જે અત્રેના ખાતામાં ટીડીઓ/અપીલ/૮૫, તા.૨૦/૧૨/૧૩ થી નોધાયેલ છે.**
**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૧–૧૨–૧૩ ના પત્ર ટીડીઓ/ અપીલ નં ૨૧૧ થી રૂબરુ સુનાવણી માટે લખેલ પત્ર.**
**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૩૦/૧૨/૨૦૧૩ા પત્ર નં. ટીડીઓ/અપીલ ૨૨૦ થી રૂબરૂ સુનાવણી માટે વધુ એક તક આપવા લખેલ પત્ર.**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૨૧/૧૦/૧૩ ના રોજ આઈ.ડી.નં. ૧૪૯૫ થી આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળ "નમુના–ક" માં માહિતી માંગતી અરજી રજુ થયેલ છે. જે સંદર્ભે અરજદારને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા. ૧૬/૧૧/૨૦૧૩ ના પત્ર નંબર ટીડીઓ/આરટીઆઈ/૮૬૨ થી તેઓએ માંગેલ માહિતી ટી.પી. સ્કીમ નં.: ૮(ઉમરવાડા), ફાયનલ પ્લોટ નં. ૧૩૮, જે.જે.માર્કેટ, ન્યુ ટી.ટી.માર્કેટ તથા ટી.ટી.માર્કેટ સંબંધેની મુદ્દા નં. (૧), (૨), (૩), (૪) તથા (૫) ની નકલો અન્વયે સુરત મહાનગરપાલિકાને આર્થિક ભારણ વધે તેમ હોય, પ્રશ્નવાળી મિલ્કતો સંબંધેનો શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું તા.૨૧/૧૧/૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે શહેર વિકાસ ખાતાની કચેરીમાં હાજર રહી રેકર્ડ નિરીક્ષણ કરી જવા તેમજ જે માહિતી / નકલોની જરૂરીયાત હોય તેનો શહેર વિકાસ ખાતના ઉપલબ્ધ રેકર્ડ પરથી ઉતારો કરી લેવા જણાવેલ.

પરંતુ અરજદારશ્રી તરફથી શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરેલ નથી, કે તે અન્વયે તેઓને જરૂરી માહિતી/નકલો અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ અધિકારીશ્રીને જણાવેલ નથી પંરતુ તા.૧૯/૧૨/૨૦૧૩ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૧૨(૧) હેઠળ "નમુના–જ" માં પ્રથમ અપીલ અરજી રજુ કરેલ. સદર પ્રથમ અપીલ નં. ૮૫ અન્વયે તેઓને અપિલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ તા.૨૭/૧૨/૨૦૧૩ ના રોજ સાંજે ૦૪:૧૫ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા તા.૨૧/૧૨/૨૦૧૩ ના પત્ર નં. ટીડીઓ/અપીલ/૨૧૧ થી જાણ કરવામાં આવેલ હતી. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તેઓની પ્રથમ અપીલ નં.૮૫ અન્વયે તા.૨૭/૧૨/૨૦૧૩ ના રોજ સાંજે ૪:૧૫ કલાકે અપિલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ નથી. જેથી તેઓને તા.૩૦/૧૨/૨૦૧૩ ના પત્ર નં. ટીડીઓ/અપીલ/૨૨૦ થી પત્ર લખી ફરીથી રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા તા.૦૩/૦૧/૨૦૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકનો સમય આપવામાં આવેલ. તેમ છતાં તેઓ પ્રથમ અપીલની સુનાવણી માટે તા.૦૩/૦૧/૨૦૧૪ ના રોજ હાજર રહયા નથી.

વધુમાં, અરજદારશ્રીએ તા.૦૧/૦૧/૨૦૧૪ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને કરેલ લેખિત રજુઅતા મુજબ તેઓને માહિતી મળેલ ન હોવાથી અપીલની સુનાવણીમાં હાજર રહેવા માંગતા નથી તેમ જણાવેલ છે.

ત્યારબાદ તા.૦૩/૦૧/૨૦૧૪ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ લેખિત રજુઆત મુજબ તેઓને તા.૦૩/૦૧/૨૦૧૪ ના રોજ અપીલ સંદર્ભે રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવેલ. તેમાં ઉપસ્થિત રહેવાના નથી તેમ જણાવેલ, સદર પત્ર સેન્ટ્રલ ઝોન કચેરીના આ. નં.:૧૧૭૫, તા.૦૩/૦૧/૧૪ થી શહેર વિકાસ ખાતાની કચેરીમાં રવાના કરવામાં આવેલ છે.

અરજદારની સંદર્ભ હેઠળની અપીલ અન્વયે સુનાવણી દરમ્યાન અરજદાર ને ૨ (બે) તક આપવામાં આવેલ હોવા છતાં હાજર રહેલ નથી. સુનાવણી દરમ્યાન હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ, "અરજદાર બી.પી.એલ. કાર્ડ ધરાવતા હોય, તેમજ તેઓએ સંદર્ભ (૧) હેઠળની તા.૨૧/૦૧/૧૩ ના રોજની અરજીમાં એક સાથે ચાર માર્કેટના દસ્તાવેજી પુરાવાઓ ની નકલ માંગેલ, જેથી વિપુલ પ્રમાણમાં દસ્તાવેજી પુરાવાઓની નકલો તેઓને વિના મુલ્યે આપવાની થતી હોવાથી સુરત મહાનગરપાલિકાને આર્થીક ભારણ વધે તેવું હોય, સંદર્ભ (૩) હેઠળના તા.૧૬/૧૧/૧૩ ના પત્રથી રેકર્ડ નિરીક્ષણ કરી જરૂરીયાત મુજબના રેકર્ડનો ઉતારો કરી માહિતી મેળવી લેવા જણાવેલ, જે સંદર્ભે અરજદારે ઉપલબ્ધ રેકર્ડ નિરીક્ષણ કરેલ નથી તેમજ જે અન્વયે તેઓની જરૂરી માહિતી અલગ તારવી તે અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીને જણાવેલ નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત સઘળી હકીકત ધ્યાને લઈ અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૧૦/૨૦૧૩ ની અરજી આઈ.ડી.૧૪૯૫ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૨) હેઠળના તા.૧૬/૧૧/૨૦૧૩ ના પત્રથી અરજદારે માંગેલ માહિતી સંદર્ભે તા.૨૧/૧૧/૨૦૧૩ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ કરી માહિતી મેળવવા જણાવેલ, જે અન્વયે અરજદારશ્રી ધ્વારા શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ**

કરવામાં આવેલ નથી તથા જે અન્વયે તેઓને જરૂરી માહિતી / નકલ અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જણાવેલ નથી. ત્યારબાદ સંદર્ભ (૪) હેઠળની અપીલ અરજી અન્વયે અરજદારશ્રીને અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા સંદર્ભ (૬) તથા (૭) ના પત્રોથી જણાવ્યા છતાં તેઓ હાજર રહેલ નથી તથા જે અન્વયે તેઓને જરૂરી માહિતી / નકલો અંગે વધુ કોઈ સ્પષ્ટતા / રજુઆત કરેલ નથી. જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારશ્રીને શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું દિન–૦૭(સાત) માં રૂબરૂ નિરીક્ષણ કરવા ફરીથી તક આપવા તથા રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ અન્વયે અરજદારશ્રીને જે માહિતી / નકલોની જરૂર જણાય તે માહિતી / નકલોનો ઉતારો કરી લેવા અંગે જરૂરી પ્રબંધ કરી આપી સદરહું નકલોને પ્રમાણીત કરી આપવા હુકમ કરવામાં આવે છે. અરજદારશ્રી ઉપર મુજબની શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી તેઓને જરૂરી માહિતી / નકલોનો ઉતારો કરવા સ્વતંત્ર છે.

આમ, અરજદારશ્રીની સંદર્ભ હેઠળની અપીલ અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

ટી.ડી.ઓ/૨૪૭, તા.૨૪–૦૧–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૭૮
તા.૧૨–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૦/૦૧/૨૦૧૪**
**અરજદારશ્રી :– શ્રી દુર્ગાપ્રસાદ રમાશંકર પાંડે**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી દુર્ગા પ્રસાદ પાંડેની તા.૧૦–૦૧–૧૪ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી દુર્ગાપ્રસાદ રમાશંકર પાંડેની તા.૨૬/૧૧/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી રાંદેર ઝોન કચેરીના આઈ.ડી. નં.:૭૦૯ તથા ૭૧૦ થી કરેલ અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, રાંદેર ઝોન કચેરી ધ્વારા તા.૨૯–૧૧–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૧૨૫૪, તા.૨૯/૧૧/૧૩ (જે અત્રે મળેલ નથી.)

(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી દુર્ગાપ્રસાદ પાંડે ધ્વારા તા.૧૦/૦૧/૧૪ના રોજ મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૯૫ તથા અપીલ/૯૬

(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૬–૦૧–૧૪ ના ટીડીઓ/અપીલ ન.:૨૩૫ થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીને તબદીલ કરેલ અપીલ અરજી.

(૫) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, રાંદેર ઝોન કચેરી ધ્વારા તા.૨૩/૦૧/૧૪ થી અપીલ અરજી અત્રેના ખાતામાં ફેર તબદીલ કરવામાં આવેલ.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૮/૦૧/૧૪ ના રોજ રૂબરૂ હિયરીંગ માટે લખેલ પત્ર

અરજદારશ્રી દુર્ગાપ્રસાદ પાંડે તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી ૨(બે) અરજીનો રાંદેર ઝોન કચેરીમાં કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી રાંદેર ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્ર થી આઈ.ડી. નં.: ૭૦૯ તથા ૭૧૦ ની અરજી અત્રે તબદીલ કરેલ. પરંતુ ઉકત બન્ને અરજી અત્રેના ખાતામાં પ્રાપ્ત થયેલ ન હતી. અરજદારશ્રી દુર્ગાપ્રસાદ પાંડેને તેમની આર.ટી.આઈ. એકટ હેઠળની મુળ અરજી અન્વયે સમયમર્યાદામાં જવાબ ન મળતા તેઓ ધ્વારા સંદર્ભ (૩) હેઠળ નમુના "જ" માં મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી રાંદેર ઝોનમાં તેમની અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ. સદર અપીલ અંગે રાંદેર ઝોનના અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તેમના પત્ર તા.૨૩/૦૧/૧૪ થી અપીલ અરજી અત્રેના ખાતામાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળ પત્રથી રૂબરૂ હિયીરીંગ માટે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રીને તા.૦૩/૦૨/૧૪ ના સાંજે ૪:૧૫ કલાકે તથા ૪.૫૫ કલાકે હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ. સદર સુનાવણી દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતા.

વધુમાં અરજદારે કરેલ અપીલમાં જણાવ્યા મુજબ અરજદારને તેમની મુળ આરટીઆઈ એકટ હેઠળ કરેલ આઈ.ડી. નં.: ૭૦૯ તથા ૭૧૦ ની અરજી અન્વયે જવાબ ન મળતા અરજદારશ્રીને તેઓને બન્ને અરજીઓ અન્વયે

જરૂરી માહિતી આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સદરહું બંને અરજીઓ અત્રેના વિભાગને મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. તેમ છતાં કાયદાનું હાર્દ જળવાઈ રહે તે માટે અરજદારને ઉકત ઉપલબ્ધ માહિતી દિન–૭ (સાત)માં પુરી પાડવા રજુઆત કરેલ છે. જે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆતો / સ્પષ્ટતા વિગેરે ધ્યાને લઈ અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા દિન–૭ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા જણાવેલ જે અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૭/૦૨/૧૪ ના પત્ર થી વિના મુલ્યે માહિતી પુરી પાડેલ હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, સદરહું અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૭૮, તા.૧૨–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૮૩
તા.૧૨/૦૨/૨૦૧૪

**અપીલ અરજી તા.૦૬/૦૧/૨૦૧૪**
**અરજદારશ્રી :– નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળાશ્રી :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :–** આર.ટી.આઈ એકટ ૨૦૦૫ અંતર્ગત આપશ્રીની તા.૦૬/૧૨/૨૦૧૩ ની અરજી આઈ.ડી.નં.૧૭૮૮(ટીડીઓ/આઈડી/૭૮૬, તા.૧૦/૧૨/૨૦૧૩) અન્વયે તા.૦૬/૦૧/૨૦૧૪ ના રોજની પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભ :–**
(૧) અરજદારશ્રીની તા.૦૬/૧૨/૨૦૧૩ ના રોજની માહિતી મેળવવા બાબતની "નમુના–ક" ની અરજી. આઈડી/૧૭૮૮.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી અને નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કર્યાના પત્ર ક્રમાંક નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૬૫૯, તા.૦૯/૧૨/૨૦૧૩(જે અરજી શહેર વિકાસ ખાતામાં ટીડીઓ/આઈડી/૭૮૬, તા.૧૦/૧૨/૨૦૧૩ થી નોંધાયેલ છે)
(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, વેસ્ટ(રાંદેર) ઝોન ધ્વારા અત્રે તબદીલ કર્યાના પત્રક્રમાંક નં. વેસ્ટઝોન / આરટીઆઈ સેલ / ૧૩૦૩, તા. ૧૯/૧૨/૨૦૧૩.
(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના માહિતી પાઠવવા અંગેના પત્ર ક્રમાંકનં.: ટીડીઓ/આરટીઆઈ/૯૭૭, તા.૨૭/૧૨/૨૦૧૩
(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી ધ્વારા તા.૦૬/૦૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી (જે અપીલ અરજી અત્રે ટીડીઓ/અપીલ/૯૨, તા.૦૭/૦૧/૧૪ થી નોંધાયેલ છે.)
(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા બાબતની જાણ કરતા પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૩૬, તા.૧૬/૦૧/૨૦૧૪.
(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી માટે ફરીથી હાજર રહેવા જાણ કરતા પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૬૨, તા.૦૧/૦૨/૨૦૧૪.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા (૧) ટી.પી.સ્કમ નં. ૧૩(અડાજણ), ફા.પ્લોટ નં. ૭૯, (૨) ટી.પી.સ્કીમ નં. ૫(વેસુ), ફા.પ્લોટ નં.૫૦, સબપ્લોટ નં. ૬૩ અન્વયે મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની નકલ વિગેરે તથા ગૃડા–૨૦૧૧ અંતર્ગત બાંધકામ નિયમિત કરવાની ફી ભરેલ હોય તો તેની વિગતો વિગેરે મેળવવા બાબતે સંદર્ભ (૧) હેઠળના પત્રથી કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન (રાંદેર) તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વેસ્ટ(રાંદેર) ઝોન ધ્વારા સદરહું અરજી સંદર્ભ (૩) હેઠળના પત્રથી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અરજીથી અરજદારશ્રી ધ્વારા માંગ્યા મુજબની ટી.પી.સ્કમ નં. ૧૩(અડાજણ), ફા.પ્લોટ નં. ૭૯ અન્વયેની માહિતી / રેકર્ડ વિનામુલ્યે પાઠવવામાં આવેલ અને ટી.પી.સ્કીમ નં. ૫(વેસુ), ફા.પ્લોટ નં.૫૦, સબપ્લોટ નં. ૬૩ વાળી જગ્યામાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ ન હોય, સદર બાબતે કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોવાની અરજદારશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી જાણ કરવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સદરહું પ્રત્યુત્તરથી નારાજ થઈ સંદર્ભ (૫) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી નોંધાવવામાં આવેલ છે. સદરહું અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને રૂબરૂ સાંભળવા / રજુઆત માટે / સુનાવણી માટે તા.૨૪/૦૧/૨૦૧૪ ના રોજ હાજર રહેવા સંદર્ભ (૬) હેઠળના પત્રથી જાણ કરવામાં આવેલ. સદરહું સુનાવણીમાં અરજદારશ્રી હાજર ન રહેતા, અરજદારશ્રીને રૂબરૂ સાંભળવા / રજુઆત કરવાની ફરીથી તક આપી તા.૦૬/૦૨/૨૦૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે હાજર રહેવા સંદર્ભ (૭) હેઠળના પત્રથી જાણ કરવામાં આવેલ. જે દરમ્યાન અરજદારશ્રી ધ્વારા હાજર રહી તેઓને રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ મેળવવા માટે કરવામાં આવેલ સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે જાહેર માહિતી

અધિકારીશ્રી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ટ.પીસ્કીમ નં. ૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૭૯ વાળી જગ્યા માટે માંગવામાં આવેલ માહિતી પૈકી (૧) યુ.એલ.સી. એકટ અન્વયે ૬(૧)ના હુકમની નકલ (૨) ફાયર ખાતાનું એન.ઓ.સી., (૩) સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફિકેટ, (૪) મંજુર પ્લાન અનુસાર બાંધકામ સ્થળ પર શરૂ કર્યા તથા પુરૂ કર્યાની વિગતો તથા (૫) ઈન્ડેમ્નીટી બોન્ડની નકલો પાઠવવામાં આવેલ ન હોવાની રજુઆત કરવામાં આવેલ છે, તે સિવાય અન્ય કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જે અન્વયે સામાવાળાશ્રી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા (૧) યુંએલ.સી. એકટ અન્વયે ૬(૧)ની નકલ તથા ઈન્ડેમ્નીટી બોન્ડની નકલ રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાની તેમજ (૨) ચીફ ફાયર ઓફિસરશ્રી,ફાયર વિભાગ સર્ટીફિકેટ / એન.ઓ.સી. અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ, જયારે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ તથા સદરહું બાંધકામ શરૂ તથા પુર્ણ થયાની વિગત અરજદારશ્રીને પાઠવવામાં આવેલ ન હોવાનો સ્વીકાર કરવામાં આવેલ છે. જેથી સદરહું અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**—:: હુકમ ::—**

**માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૦૬/૧૨/૨૦૧૩ ની મુળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૭/૧૨/૨૦૧૩ ના પત્રથી અરજદારશ્રીને માહિતી / રેકર્ડ વિનામુલ્યે પાઠવવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રીની તા. ૦૬/૦૧/૨૦૧૪ના રોજની અપીલ અરજીના અનુસંધાને તા.૦૬/૦૨/૨૦૧૪ ના રોજની રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા સામાવાળાશ્રી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીની રજુઆત સાંભળ્યા બાદ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ટી.પી.સ્કીમ નં. ૧૩(અડાજણ), ફા.પ્લોટ નં. ૭૯ વાળી જગ્યા બાબતે ચીફ ફાયર ઓફિસરશ્રી, ફાયર વિભાગનું એન.ઓ.સી. આપવામાં આવેલ છે તથા યુ.એલ.સી. એકટ અન્વયે ૬(૧) ના હુકમની અને ઈન્ડેમ્નીટી બોન્ડની નકલ રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય તે સિવાય બાકી રહેતી (૧) સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રીનું સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફિકેટ તથા બાંધકામ શરૂ થયા અને પુર્ણ કર્યા અંગે પ્રશ્નવાળી જગ્યામાં થયેલ બાંધકામ બાબતે શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગ ધ્વારા આપવામાં આવેલ વસવાટની પરવાનગી નકલ દિન—૭ માં અરજદારશ્રીને માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ની કલમ —૭(૫)ની જોગવાઈ અનુસાર વિનામુલ્યે પુરી પાડવા માટે હુકમ કરવામાં આવે છે. આમ, ઉકત અપીલ અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂ છું.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૨૮૩, તા.૧૨/૦૨/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/૨૮૫
તા.૧૪–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૧/૦૧/૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશ એન. બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશ બથવારની તા.૦૧–૦૧–૧૪ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી નરશે એન. બથવારની,તા.૨૫/૧૦/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૧૫૩૦,૧૫૨૧,૧૫૨૨ થી અઠવા ઝોન કચેરીમાં કરેલ અરજી જેનો શહેર વિકાસ ખાતામાં આઈ.ડી. નં.: ૭૭૨, તા.૪/૧૨/૧૩.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન ધ્વારા તા.૩–૧૨–૧૩ ના પત્ર નં.: અઠવાઝોન/આરટીઆઈ/આ/૧૦૩૫ થી રોજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર(અઠવાઝોન) ધ્વારા અત્રેની કચેરીના અરજી તબદીલ કરતો પત્ર.

(૩) અરજદારશ્રીને તા.૧૯/૧૨/૧૩ ના રોજ પત્ર ક્રમાંક ટી.ડી.ઓ./આર.ટી.આઈ./૯૪૬ થી આપવામાં આવેલ માહિતી.

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા અત્રેની કચેરીમાં તા.૦૧/૦૧/૧૪ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ. રજુ કરેલ પ્રથમ અપીલ અરજી ટીડીઓ/અપીલ/૮૭ તા.૧/૧/૧૪.

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૮–૦૧–૧૪ ના ટીડીઓ અપીલ નં.૨૨૭ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૫–૦૧–૧૪ ના ટીડીઓ અપીલ નં.૨૩૧ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર.

અરજદારશ્રી નરેશ એન. બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૧૫૩૦, ૧૫૨૧, ૧૫૨૨ અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અન્વયે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે અન્વયે માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી સંદર્ભ (૩) ના પત્રથી અરજી આઈ.ડી.નં. ૧૫૩૦ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પાઠવવામાં આવેલ છે. અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા મુળ અરજી સંદર્ભે નમુના "જ" માં સંદર્ભ (૪) મુજબની પ્રથમ અપીલ અરજી સાથે આઈ.ડી. નં. ૧૫૨૧ ની માહિતીની અરજી શહેર વિકાસ ખાતામાં રજુ કરવામાં આવેલ છે. જે સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૩/૦૧/૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) ના પત્રથી અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જાણ કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી. જેથી રૂબરૂ સુનાવણી માટે ફરીથી બીજી વખત અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૩/૧/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા સંદર્ભ (૬) ના પત્રથી જાણ કરેલ. સદર દિવસે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રીએ સુનાવણીમાં હાજર રહીને અરજદાર ધ્વારા કરવામાં આવેલ ટી.પી. સ્કીમ નં.: ૪(ઉમરા–સાઉથ), ફાયનલ પ્લોટ નં. ૮૯ વાળી મિલ્કતની માહિતી માંગતી મુળ અરજી આઈ.ડી.નં.૧૫૩૦, ૧૫૨૧ અને ૧૫૨૨થી અઠવા ઝોન ખાતે નોંધાયેલ હોવાનું પરંતુ સંદર્ભ (૨) હેઠળના તબદીલી

પત્ર સાથે અરજદારની અરજી આઈ.ડી.નં. ૧૫૩૦ અત્રે બિડાણથી મોકલવામાં આવેલ હોવાનું તેમજ આઈ.ડી.નં. ૧૫૨૧, ૧૫૨૨ની નકલ ન મોકલવામાં આવેલ હોવાની રજુઆત કરેલ છે. જયારે સંદર્ભ (૩) ના પત્રથી શરતચુકથી ત્રણેય આઈ.ડી. નંબરનો ઉલ્લેખ કરીને ફકત આઈ.ડી.નં.૧૫૩૦ અન્વયે અરજદારશ્રીની ઉપરોકત મિલ્કત અન્વયે માહિતી પુરી પાડેલ હોવાની રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અરજી સાથે આવેલ આઈ.ડી. નં. ૧૫૨૧ માં જણાવેલ. માહિતી માંગતી અરજી અન્વયે ટી.પી. સ્કીમ નં.: ૪ (ઉમરા–સાઉથ), ફાયનલ પ્લોટ નં. ૮૯ ને લગતી ૭/૧૨ ની નકલ, એરપોર્ટ ઓથોરીટીનું એન.ઓ.સી., વેચાણ દસ્તાવેજ વિગેરેની નકલો / માહિતી નંગ–૧૦ અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડી શકાશે તેમ જણાવેલ છે. જયારે અરજદારશ્રીને તેઓની અપીલ અરજી અન્વયે સદરહું મિલ્કતની ફાઈલમાં ઉપલબ્ધ યુ.એલ.સી.ની નકલ સંદર્ભ (૩) હેઠળના પત્રથી આઈ.ડી.નં.૧૫૩૦ અન્વયે આપવામાં આવેલ માહિતીથી પુરી પાડેલ હોવાનું તથા પ્રોપર્ટી કાર્ડ, સનદ, ઈન્ડેમીનીટી બોન્ડ વિગેરેની નકલો અત્રેની કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાથી આપવામાં આવેલ ન હોવાનું જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીએ રજુઆત કરેલ છે. જે હકીકતો ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી આઈ.ડી.નં.૧૫૨૧ તા.૨૯/૧૦/૧૩ ની અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ મુળ અરજી સંદર્ભે માહિતી અપુરતી હોવાનું જણાવી તા.૧/૦૧/૧૪ થી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. જે મુળ અરજી જાહેર માહિતી અધિકારીને મળેલ નથી. સદર અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતર્ગત રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૧૩/૦૧/૧૪ તથા તા.૨૩/૦૧/૧૪ ના રોજ અરજદારશ્રી હાજર રહેલ નથી પરંતુ અરજદારશ્રીની અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીની રજુઆત મુજબ અપીલ અરજી સાથે અરજદારે રજુ કરેલ મુળ અરજી આઈ.ડી.નં.૧૫૨૧ મુજબની અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી વિનામુલ્યે દિન–૭(સાત)માં પુરી પાડવી. આમ સદરહું અપીલ અરજીનો નિકાલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૮૫, તા.૧૪–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/૨૮૬
તા.૧૪–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૮/૦૧/૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશ એન. બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશ બથવારની તા.૧૮–૦૧–૧૪ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી નરેશ એન. બથવારની,તા.૨૦/૧૨/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૧૯૨૩ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરેલ અરજી ટીડીઓ/આઈ.ડી. નં.: ૮૨૬, તા.૨૩/૧૨/૧૩.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૧–૧૨–૧૩ ના પત્ર નં.: સેન્ટ્રલ ઝોન/આરટીઆઈ/જાવક/૨૮૧૩ થી રોજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર(સેન્ટ્રલ ઝોન) ધ્વારા અત્રેની કચેરીના અરજી તબદીલ કરતો પત્ર.

(૩) અરજદારશ્રીને તા.૦૪/૦૧/૧૪ ના રોજ પત્ર ક્રમાંક ટી.ડી.ઓ./અપીલ/૯૯૩ થી આપવામાં આવેલ માહિતી.

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા સેન્ટ્રલ ઝોન કચેરીમાં તા.૧૮/૦૧/૧૪ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ. રજુ કરેલ પ્રથમ અપીલ અરજી ટીડીઓ/અપીલ/૮૭ તા.૧/૧/૧૪.

(૫) સેન્ટ્રલ જોન કચેરી તરફથી શહેર વિકાસ ખાતામાં સદર અપીલ અરજી તબદીલ કરતો પત્રક્રમાંક નં. ૧૨૩૨, તા. ૧૮/૦૧/૧૪ (ટીડીઓ/અપીલ/૯૯, તા. ૨૦/૦૧/૧૪)

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૪–૦૧–૧૪ ના ટીડીઓ અપીલ નં.૨૪૮ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર.

(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૯–૦૧–૧૪ ના અરજદારશ્રી નરેશ ટીડીઓ અપીલ નં.૨૫૬ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર

(૮) અરજદારશ્રીની લેખિત રજુઆત ટીડીઓ/૮૨૫૧ તા.૦૪–૦૨–૧૪.

અરજદારશ્રી એન. બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે અન્વયે માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પાઠવવામાં આવેલ છે. અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા મુળ અરજી સંદર્ભે નમુના "જ" માં સંદર્ભ (૪) ના પત્રથી પ્રથમ અપીલ અરજી સેન્ટ્રલ ઝોનમાં રજુ કરવામાં આવી. સદર અપીલ અરજી સંદર્ભ (૫) હેઠળના પત્રથી સેન્ટ્રલ ઝોન તરફથી શહેર વિકાસ ખાતાની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ જે સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૮/૦૧/૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૬) ના પત્રથી અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જાણ કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી. જેથી રૂબરૂ સુનાવણી માટે અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને ફરીથી તા.૦૪/૦૨/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા સંદર્ભ (૭) ના પત્રથી જાણ કરેલ. સદર દિવસે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી. અરજદારશ્રી ધ્વારા ત્યારબાદ તા.૦૪/૦૨/૧૪ થી તેઓશ્રીની રજુઆત લેખિતમાં રજુ કરાવામાં આવેલ છે. જેમાં અરજદારે ટી.પી.સ્કીમ નં. ૪(ઉમરા–સાઉથ), ફા.પ્લોટ નં. ૮૩ પૈકી સબપ્લોટ નં.૧ થી ૪ પૈકી 'એ' ટાઈપ બિલ્ડીંગના બાંધકામના સંદર્ભમાં સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટની, રસ્તા માર્જીનની, રેસીડેન્સીઅલ અને કોમર્શીયલ સુચિત બિલ્ડીંગ હોવાથી મે.કમિશ્નરશ્રીની મંજુરીની, પાર્કીંગની અન્ડરટેકીંગની, ઝોનીંગ સર્ટીની ટી.પી.મંજુર હોવાથી સુચિત રસ્તા અસરના સ્કેચની, વિગતવાર નાણાં ભર્યાની રસીદની નકલો મળેલ ન હોવાની

રજુઆત કરેલ છે જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓ ધ્વારા સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારશ્રીને ઉકત તમામ માહિતી પુરી પાડેલ હોવાનું જણાવી ચાલુ વર્ષના આકારણીના વેરાબીલ, ઈન્કમટેક્ષ આયકર ભવનના ચલણ વિગેરે મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને સંલગ્ન રેકર્ડ / માહિતી ન હોવાથી  તેની માહિતી અરજદારને આપી શકાય તેમ ન હોવાનું તેમજ યુ.એલ.સી.ની ઈન્ડેમીનીટી બોન્ડની, ફાયર એન.ઓ.સી., બી.યુ.સી.ની, લિફટની મંજુરી તથા લાયસન્સ વિગેરેની માહિતી મુળ ફાઈલમાં રજુ થયેલ ન હોવાથી આપી શકાય તેમ ન હોવાની સ્પષ્ટતા કરેલ તથા તેઓની માહિતી માંગતી અરજી સંદર્ભે મુળ ફાઈલ / રેકર્ડ પર ઉપલબ્ધ હોય તે તમામ માહિતી પુરી પાડેલ હોવાની ખાત્રી આપેલ છે. ઉપરોકત હકીકતો ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૦/૧૨/૧૩ ની મુળ અરજી સંદર્ભે માહિતી અપુરતી હોવાનું જણાવી તા.૧૮/૦૧/૧૪ થી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે.  સદર અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતર્ગત રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૨૮/૦૧/૧૪ તથા તા.૦૪/૦૨/૧૪ ના રોજ  અરજદારશ્રી હાજર રહેલ નથી  પરંતુ અરજદારશ્રીની અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી એ તેઓ ધ્વારા નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડેલ હોવાની કરેલ સ્પષ્ટતાઓ ધ્યાને લેતાં જાહેર માહિતી અીધકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, અરજદારની સદરહું અપીલ અરજીનો નિકાલ જાહેર કરૂ છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૮૬, તા.૧૪–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/૨૮૬
તા.૦૫–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૨૪/૧૨/૨૦૧૩**
**અરજદારશ્રી :– શ્રી નરેશ એન. બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશ બથવારની તા.૨૪/૧૨/૨૦૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રી શ્રી નરેશ એન. બથવારની, તા.૨૬/૧૧/૨૦૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૬૮૩ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરેલ અરજી જેનો શહેર વિકાસ ખાતામાં આઈ.ડી. નં.: ૭૫૪, તા.૩૦/૧૧/૨૦૧૩.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૯/૧૧/૨૦૧૩ ના પત્ર નં.: સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૭૩ થી રોજ અત્રેની કચેરીમાં તથા વેસ્ટ ઝોન કચેરીમાં અરજી તબદીલ કરતો પત્ર.
(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૨૦/૧૨/૧૩ ના રોજ પત્ર ક્રમાંક ટી.ડી.ઓ./આર.ટી.આઈ./૯૫૩ થી જવાબ પાઠવેલ.
(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા સેન્ટ્રલ ઝોન કચેરીમાં તા.૨૪/૧૨/૧૩ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ. (અપીલ નં.: ૩૨૮)
(૫) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના તા.૦૧/૦૧/૨૦૧૪ ના પત્ર નં. સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/નં.૨૯૦૬ થી અત્રેની કચેરી તથા વેસ્ટ ઝોન કચેરીમાં તબદીલ કરેલ પત્ર. (ટીડીઓ/અપીલ નં.: ૮૮).
(૬) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન કચેરી ધ્વારા તેમના તા.૦૪/૦૧/૨૦૧૪ ના રોજ પત્ર નં. વેસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/૧૩૬૮ થી અત્રે તબદીલ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૮/૦૧/૨૦૧૪ ના રોજ પત્ર નં. ટીડીઓ/અપીલ/૨૨૬ થી અરજદારશ્રીને રૂબરૂ હીયરીંગ માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર.
(૮) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૭–૦૧–૧૪ ના ટીડીઓ અપીલ નં.૨૪૧ થી અરજદારશ્રીને ફરી રૂબરુ હીયરીંગ માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર.

અરજદારશ્રી નરેશ એન. બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અને વેસ્ટ ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રી જવાબ પાઠવેલ. સદર જવાબથી અરજદાર નારાજ થઈ, નમુના "જ" માં સંદર્ભ (૪) ના પત્રથી પ્રથમ અપીલ અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરવામાં આવી. જે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અત્રેની કચેરી માં તથા વેસ્ટ ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. સદર અરજી વેસ્ટ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી પણ અત્રે તબદીલ કરવામાં આવેલ. જે સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૫/૦૧/૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૭) ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તથા અરજદારશ્રીને જાણ કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નહી કે હાજર ન રહેવા બાબતે કોઈ જાણ કરેલ ન હતી. ત્યારબાદ ફરીથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૮) હેઠળના પત્ર થી

કુદરતી ન્યાયના સિધ્ધાંતે અરજદારને બીજી તક આપી રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીએ ફરીથી તા.૨૮/૧/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ. સદર દિવસે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી. અરજદારશ્રીની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ ટી.પી. સ્કીમ નં.: ૪૨ ફા. પ્લોટ નં.: ૧૦૩, સી.સ. નં.: ૧૦૧/એ, બ્લોક નં.: ૧૮૮/૧ ની અરજદારને મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની માહિતીની, ફોર્મ ૨ ના એ–બી–સી પત્રકની, આર્કીટેકટના નિમણુંકની,સુડા ઝોનીંગ સર્ટી.ની, યુ.એલ.સી. એફીડેવીટની, સ્ટ્રકચરલ સર્ટીની, અન્ડરટેકીંગ બાય એન્જીનીયરની, વસવાટ મંજુરીની, વેચાણ દસ્તાવેજની નકલો વિ. નકલો અરજદારશ્રીને માહિતી અર્થે વિનામુલ્યે સંદર્ભ–૩ ના પત્ર સાથે પુરી પાડવામાં આવેલ હોવાનું જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ જણાવેલ. જયારે અરજદારશ્રી ધ્વારા અપિલ અરજીમાં જણાવેલ પ્રોપર્ટી કાર્ડની, ઈન્કમટેક્ષના ચલણની (કલીયરન્સની) , ઈન્ડેમીનીટી બોન્ડની, સોસાયટીનાં રજીસ્ટ્રેશન આકારણી વેરા ઓપન પ્લોટના ભરેલાની વિગેરે બાબતની માહિતી ઉકત મિલ્કતની ફાઈલમાં રજુ થયેલ ન હોવાથી આપવામાં આવેલ નથી. જેથી અરજદારને ઉપલબ્ધ હોય તે તમામ માહિતી પુરી પાડેલ હોય, માહિતી ન મળવા બાબતે કોઈ પ્રશ્ન રહેતો નથી. ઉપરોકત હકીકતો ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬/૧૧/૧૩ ની મુળ અરજી સંદર્ભે માહિતી અપુરતી / અયોગ્ય હોવાનું જણાવી તા.૨૪/૧૨/૨૦૧૩ થી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતર્ગત રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૧૫/૦૧/૧૪ તથા તા.૨૮/૦૧/૧૪ ના રોજ અરજદારશ્રી હાજર રહેલ નથી પરંતુ અરજદારશ્રીની અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડેલ હોવાથી તેમજ તા.૨૮/૧/૧૪ થી ઉપરોકત સ્પષ્ટતા ધ્યાને લેતાં, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અરજદારની સદરહું અપીલ અરજીનો નિકાલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૮૬, તા.૦૫–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૭૦
તા.૦૬–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૯/૧૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી અજય એ. જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અજય એ. જાંગીડની તા.૧૯–૧૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી અજય એ. જાંગીડની તા.૧૧/૦૯/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી અઠવા ઝોન કચેરીના આઈ.ડી. નં.: ૪૭૯ કરેલ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૬૦૫

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૧૬–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૭૫૫,

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૦૧ થી લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી અજય એ. જાંગીડ ધ્વારા તા.૧૯/૧૧/૧૩ના રોજ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૩–૧૨–૧૩ ના ટીડીઓ નં.૧૮૭ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૨–૧૨–૧૩ ના ટીડીઓ /અપીલ નં.૨૦૪ થી અરજદારશ્રીને ફરી રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી અજય એ. જાંગીડ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી અજય એ. જાંગીડને સંદર્ભ (૩) ના પત્રથી તેઓની તા.૧૧/૦૯/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદારશ્રીને મળેલ જવાબ થી નારાજ થઈ તેઓ ધ્વારા સંદર્ભ (૫) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી અજય એ. જાંગીડ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૯–૧૨–૧૩ ના રોજ સાંજે ૪.૧૫ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળથી પત્ર પાઠવવામાં આવેલ. જેમા અરજદારશ્રી હાજર રહેલ ન હતા, ત્યારબાદ સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી નિયત સમયે હાજર રહેલા અને તેઓની મુળ અરજીના મુદ્દાનં.: (૧૨)ઘ (૧૩) તથા (૧૫) ની માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. જે અંગે હાજર રહેલા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ મુદ્દાનં.: (૧૨) અત્રે લાગુ ન હોય માહિતી પુરી પાડવાની રહેતી નથી. મુદ્દાનં.: (૧૩) અન્વયે જણાવ્યા મુજબનો રેકર્ડ અત્રે ન હોય તે માહિતી પુરી પાડવાની રહેતી નથી. મુદ્દાનં.: (૧૫) અંગેની વિગતો અરજીના મુદ્દાનં.: (૧) માં સમાવેશ થતો હોય કોઈ વધુ માહિતી પુરી પાડવાની રહેતી નથી તે મુજબ સ્પષ્ટતા કરેલ

છે.  તેમજ સદર સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ઈચ્છે તો શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી જરૂરી માહિતી મેળવી લેવા અરજદારશ્રીને પ્રસ્તાવ કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તરફથી રેકર્ડ નિરીક્ષણ આપવા માટે રજુઆત  કરેલ છે. જે ધ્યાને લઈને અરજદારશ્રીની માહિતી અધિનિયમ–૨૦૦૫ હેઠળની માહિતી અરજી અંગેની અપીલ સંદર્ભે નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી અરજી અન્વયે  નિયત સમસમર્યાદામાં માહિતી પુરી પાડેલ હોય તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તથા અરજદારશ્રીએ રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત / સ્પષ્ટતાની વિગતો જોતા  અરજદારશ્રીને દિન–૭ (સાત)માં રેકર્ડ નિરીક્ષણ આપી જરૂરી માહિતી પુરી પાડવા અંગે  જાહેર માહિતી અધિકારી  અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરું છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૭૦, તા.૦૬–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૭૧
તા.૦૬–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૫/૧૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી અજય એ. જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અજય એ. જાંગીડની તા.૧૫–૧૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી અજય એ. જાંગીડની તા.૧૭/૦૭/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી અઠવા ઝોન કચેરીના આઈ.ડી. નં.: ૩૩૫ કરેલ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૩૯૬

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૧૮–૦૭–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૫૩૩,

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૦૫ થી લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી અજય એ. જાંગીડ ધ્વારા તા.૧૫/૧૧/૧૩ના રોજ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૩–૧૨–૧૩ ના ટીડીઓ નં.૧૮૮ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૨–૧૨–૧૩ ના ટીડીઓ /અપીલ નં.૨૦૭ થી અરજદારશ્રીને ફરી રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી અજય એ. જાંગીડ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી અજય એ. જાંગીડને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૧૭/૦૭/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદારશ્રીને મળેલ જવાબ થી નારાજ થઈ તેઓ ધ્વારા સંદર્ભ (૪) થી શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી અજય એ. જાંગીડ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૧–૧૨–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળથી પત્ર પાઠવવામાં આવેલ. જેમા અરજદારશ્રી હાજર રહેલ ન હતા, ત્યારબાદ સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી નિયત સમયે હાજર રહી તેઓની મુળ અરજીના મુદ્દાનં.: (૧૨), (૧૩), (૧૫), (૧૭) અને (૧૮) ની માહિતી મળેલ ન હોવા અંગે રજુઆત કરેલ છે.

રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી મુળ અરજી અન્વયે તેઓશ્રીએ અરજદારશ્રીને જવાબ/માહિતી પાઠવેલ હોવાની રજુઆત કરેલ તથા અરજદારશ્રી તરફથી સુનાવણીમાં જણાવેલ માહિતી મળેલ ન હોવા અંગેના મુદ્દાનં.: (૧૨) અંગે

જી.ડી.સી.આર. ની જોગવાઈઓની નકલ પુરી પાડવા, મુદ્દાનં.: (૧૩) અંગેની વિગતોથી જણાવ્યા મુજબનો કોઈ રેકર્ડ / નોંધ શહેર વિકાસ ખાતની કચેરીમાં ન હોય માહિતી પુરી પાડવાની રહેતી નહી હોય જે મુદ્દાનં.: (૧૫) અંગે જે રીપોર્ટ થયેલ છે તેની નકલ આપવામાં આવેલ હોવાની મુદ્દાનં.: (૧૭) અંગે ફરીયાદની નકલ તથા થયેલ રીપોર્ટની નકલમાં હોય તો પુરી પાડવામાં આવશે તે મુજબની તથા મુદ્દાનં.: (૧૮) અંગેની જે માહિતી ઉપલબ્ધ હોય તે પુરી પાડવામાં આવશે તે મુજબની સ્પષ્ટતા કરી આ અંગે અરજદારશ્રી ઈચ્છે તો શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી જરૂરી માહિતી મેળવી લેવા અરજદારશ્રીને પ્રસ્તાવ કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તરફથી રેકર્ડ નિરીક્ષણ આપવા માટે રજુઆત કરેલ છે. જે ધ્યાને લઈને અરજદારશ્રીની માહિતી અધિનિયમ–૨૦૦૫ હેઠળની માહિતી અરજી અંગેની અપીલ સંદર્ભે નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી અરજી અન્વયે નિયત સમસમર્યાદામાં માહિતી પુરી પાડેલ હોય તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તથા અરજદારશ્રીએ રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત / સ્પષ્ટતાની વિગતો ધ્યાને લઈ અરજદારશ્રીને દિન–૭ (સાત)માં રેકર્ડ નિરીક્ષણ આપી તેઓને જરૂરી માહિતી વિના મુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરું છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૭૧, તા.૦૬–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૫૯
તા.૩૦–૦૧–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૦/૧૨/૧૩**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૭–૧૨–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨/૧૧/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી સેન્ટ્રલ ઝોન કચેરીના આઈ.ડી. નં.: ૧૫૯૩કરેલ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૭૨૨

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૧૩–૧૧–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૨૪૬૦,

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શાહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૩/૧૨/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૯૧૧ થી લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા તા.૧૦/૧૨/૧૩ના રોજ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/૮૨

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૩–૧૨–૧૩ ના ટીડીઓ નં.૨૦૯ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

(૬) અરજદારશ્રીનો તા. ૧૮/૧૨/૨૦૧૩નો પત્ર.

(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૭–૧૨–૧૩ ના ટીડીઓ નં.૯૮૦ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટને સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૧૨/૧૧/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી શહેર વિકાસ ખાતામાં અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૦–૧૨–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી હાજર રહેલ નથી તથા અરજદારશ્રીએ સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રી રૂબરૂ સુનાવણીમાં હાજર ન રહી શકવાની રજુઆત કરી ત્યારબાદ સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદારશ્રીને ફરીથી તા.૦૪/૦૧/૨૦૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ તેમા અરજદારશ્રી હાજર રહેલ નથી.

રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ, ટી.પી. સ્કીમ ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ફા. પ્લોટ નં.: ૧૫૯/બી + ૧૬૯ પૈકી વાળી મિલ્કતમાં ફકત કારણદર્શક નોટીસ આપેલ હોવાનું તથા મનાઈ હુકમ આપેલ ન હોવાથી  તેની નકલ આપવાની થતી ન હોવાથી તથા અરજદારશ્રીને ખરેખર ૮ પાનાની નકલો આપવાની થતી હોય જે માટે નિયમાનુસાર રૂા.૧૬/– ભરપાઈ કરવાના રહેતા હતા પરંતુ શરતચુકથી અરજદારશ્રી પાસેથી રૂા.૧૮/– ભરપાઈ કરાવવામાં આવેલ છે. જેથી રૂા. ૨/– અરજદારશ્રીને પરત કરવાના થતા હોવાની સ્પષ્ટતા કરેલ છે.

વધુમાં અરજદારે કરેલ અપીલમાં જણાવ્યા મુજબ મુદ્દાનં.: (૨) અને (૩)ની માહિતી માટે અરજદારશ્રીને ફરીથી રેકર્ડ નિરીક્ષણની તક આપી તે અન્વયે તઓને જરૂરી માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ રજુઆત કરેલ છે. જે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆતો / સ્પષ્ટતા વિગેરે ધ્યાને લઈ અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા આપેલ માહિતીમાં ટી.પી. સ્કીમ નં.: ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ફા. પ્લોટ નં.: ૧૫૯/બી + ૧૬૯ પૈકી વાળી જમીનમાં આવેલ બાંધકામ સંદર્ભે ફકત કારણદર્શક નોટીસ અપાયેલ છે તથા મનાઈ હુકમ અપાયેલ ન હોવાથી તેની નકલ / માહિતી આપવાની થતી નહિ હોવાથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અપાયેલ કુલ ૮ નકલો પેટે વસુલ લેવા પાત્ર રૂા. ૧૬/– ને બદલે શરતચુકથી રૂા.૧૮/– વસુલ લેવાયેલ હોવાથી વધારાના  રૂા.૨/– અરજદારને પરત કરવા તથા મુદ્દાનં.: (૨) અને (૩)ની  શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ માહિતી/રેકર્ડની નકલો અરજદારશ્રીને  દિન–૦૭(સાત) માં વિના મુલ્યે આપવા  જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરૂં છું. આમ, સદરહું અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**<br>
**અપીલ અધિકારી અને**<br>
**શહેર વિકાસ અધિકારી**<br>
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૫૯, તા.૩૦–૦૧–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૬૬
તા.૦૩–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૦૯/૦૧/૨૦૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશ એન. બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશ બથવારની તા.૦૯/૦૧/૨૦૧૪ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૯/૧૧/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક" ની સેન્ટ્રલ ઝોન આઈ.ડી. નં.:૧૬૩૧ કરવામાં આવેલ અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના તા.૨૦/૧૧/૧૩ ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૦૧ થી ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન તથા નાયબ શહેર વિકાસ અધિકારી, મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ તથા જે પૈકીની શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં ટીડીઓ/આઈડી/૭૩૫ થી નોંધાયેલ અરજી.
(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીને તા.૩૦–૧૧–૧૩ ના પત્ર નં.ટીડીઓ/આરટીઆઈ/૯૦૬ થી પુરી પાડેલ માહિતી.
(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારએ અત્રેની કચેરીમાં "નમુનો–જ" થી તા.૦૯–૦૧–૧૪ થી ટીડીઓ/અપીલ/૯૩ થી કરેલ અપીલ અરજી.
(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૫/૦૧/૨૦૧૪ ના રોજ ટીડીઓ/૨૩૨ થી સદર કામે અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે હાજર રહેવા પાઠવવામાં આવેલ પત્ર.
(૬) નિયત તારીખે અરજદારશ્રી હીયરીંગ માટે હાજર ન રહેતા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૧/૦૧/૨૦૧૪ નો પત્ર ટીડીઓ/અપીલ/૨૪૩ થી અરજદારશ્રીને ફરી રૂબરુ હીયરીંગ માટે હાજર રહેવા પાઠવવામાં આવેલ પત્ર.

અરજદારશ્રી નરેશ એન. બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ બાબતે આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અને સાઉથ વેસ્ટ ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. સદર બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને શહેર વિકાસ મધ્યસ્થ ખાતાને લગતી તમામ માહિતી તથા નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. સદર માહિતીથી નારાજ થઈ અરજદારશ્રીએ નમુના "જ" મુજબની સંદર્ભ (૪) ના પત્રથી પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી, શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાં કરેલ. જે સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સદર કામે તા.૧૮/૦૧/૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) ના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જાણ કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી નિયત સમયે હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નહી કે હાજર ન રહેવા બાબતે તેઓએ કોઈ જાણ કરેલ ન હતી. ત્યારબાદ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્ર થી કુદરતી ન્યાયના સિધ્ધાંતે અરજદારશ્રીને બીજી તક આપી રૂબરૂ સુનાવણી માટે તેઓને ફરીથી તા.૨૭/૦૧/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ. સદર દિવસે પણ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નહી કે હાજર ન રહેવા બાબતે પણ કોઈ જાણ કરેલ ન હતી. સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ ટી.પી. સ્કીમ નં.: ૪૨(ભીમરાડ)ના ટી.આર. મુજબના ફા. પ્લોટ નં.: ૫૭/૨, પ્રિલી. એવોર્ડ મુજબના ફાયનલ પ્લોટ નં. ૨૭ તથા ટી.પી. સ્કીમ નં.: ૪૨(ભીમરાડ) ના પ્રિલી. એવોર્ડ મુજબના ફાયનલ પ્લોટ નં. ૪૪, ડ્રાફટ ટી.પી. મુજબના ફાયનલ પ્લોટ નં. ૧૮ વાળી મિલ્કતોની તેઓની મુળ અરજીમાં માંગ્યા મુજબની અત્રેના ખાતાને લગતી તમામ માહિતી / નકલો અરજદારશ્રીને વિનામુલ્યે તેઓ ધ્વારા સંદર્ભ–૩ ના પત્ર સાથે પુરી પાડવામાં આવેલ હોય તે સીવાયની વેરાબીલની નકલો, પાણી, ગટર કનેકશન વિગેરેને લગતી માહિતી માટે સંબંધિત અઠવા ઝોન કચેરીનો સંપર્ક કરી મેળવી લેવા અરજદારશ્રીને ઉકત પત્રથી જાણ

કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જેથી શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાંથી અન્ય કોઈ માહિતી અરજદારને આપવાની બાકી રહેતી ન હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરોકત હકીકતો ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૯/૧૧/૧૩ ની મુળ અરજી સંદર્ભે તા.૩૦/૧૧/૧૩ ના રોજથી આપેલ માહિતી અપુરતી / અયોગ્ય હોવાનું જણાવી તા.૦૯/૦૧/૨૦૧૪ થી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતર્ગત અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૧૮/૦૧/૧૪ ના રોજ બોલાવવા છતાં રૂબરૂ સુનાવણીમાં હાજર ન રહેતા તેઓને તા.૨૭/૦૧/૧૪ ના રોજ કુદરતી ન્યાયના સિધ્ધાંતે ફરી સુનાવણી માટે હાજર રહેવાની તક આપવા છતાં પણ અરજદારશ્રી હાજર રહેલ નથી કે આ અંગે વધુ કોઈ રજુઆત કરેલ નથી. અરજદારશ્રીની અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સુનાવણીમાં હાજર રહી તેઓ ધ્વારા નિયત સમયમર્યાદામાં શહેર વિકાસ મધ્યસ્થ ખાતાને લગતી માહિતી/નકલો અરજદારશ્રીને પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ સદરહું અપીલ અરજીનો નિકાલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૬૬, તા.૦૩–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૯૦
તા.૧૭/૦૨/૨૦૧૪

**અપીલ અરજી તા.૨૭–૧૨–૧૩**
**અરજદારશ્રી :– ડો. આર. કે. ભુતરા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારશ્રી ડો. આર.કે. ભુતરાની અઠવા ઝોન કચેરીમાં માહિતી મેળવવા બાબતની તા.૩૦/૧૧/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૬૪૭
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી , અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૦૨/૧૨/૧૩ ના પત્ર નં.: ૧૦૩૨ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીને તબદીલ કરતો પત્ર
(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૯૨૦, તા.૦૭/૧૨/૧૩.
(૪) અરજદારશ્રી ડો. આર. કે. ભુતરા ધ્વારા "નમુના–ઘ" માં તા.૨૭/૧૨/૧૩ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૫) અરજદારશ્રી ડો. આર. કે. ભુતરાને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૨૨, તા.૦૧/૦૧/૧૪.
(૬) અરજદારશ્રીની તા.૦૬/૦૧/૧૪ ની લેખિત રજુઆત.
(૭) અત્રેના પત્ર નં. ટીડીઓ/અપીલ/૨૩૦, તા.૧૫/૦૧/૧૪

અરજદારશ્રી આર. કે. ભુતરા ધ્વારા આઈ.ડી નં.૬૪૭, તા.૩૦/૧૧/૧૩ થી અઠવા ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંકઃ સાવેઝોન/આરટીઆઈ/૧૦૩૨, તા.૨/૧૨/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/આરટીઆઈ/૯૨૦, તા.૦૭/૧૨/૧૩ થી નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ જે અન્વયે અરજદાર ધ્વારા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૭/૧૨/૨૦૧૩ ના રોજ સંદર્ભ (૪) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૨૭/૧૨/૨૦૧૩ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી ડો.આર.કે.ભુતરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ(૫) હેઠળના પત્રથી તા.૭/૧/૨૦૧૪ ના રોજ બપોરે ૧૨ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી પરંતુ અરજદારશ્રીએ સંદર્ભ (૬) હેઠળથી લેખિત રજુઆત કરેલ. જે અન્વયે સંદર્ભ(૭) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૨૩/૧/૨૦૧૪ ના રોજ સાંજે ૪ઃ૦૦ કલાકે સુનાવણી માટે હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ છે. અરજદારશ્રી ડો.આર.કે.ભુતરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૨૩/૧/૨૦૧૪ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેઓની

માહિતી માંગતી અરજીમાં જણાવેલ મિલ્કત અંગે મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં બીનઅધિકૃત બાંધકામ નિયમિત કરાવવા થયેલ અરજીઓની માહિતી આપવા રજુઆત કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગ ધ્વારા નિયત સમય મર્યાદામાં સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાડવામાં આવેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે.

**–::હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા થયેલ રજુઆતો / સ્પષ્ટતા ધ્યાને લેતા અરજદારશ્રીએ રૂબરૂ કરેલ ખુલાસા ધ્યાને લઈ અરજદારશ્રીની માહિતી માંગતી અરજીની અપીલ અન્વયે માહિતી માંગતી અરજીમાં જણાવેલ મિલ્કત માટે મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં બીનઅધિકૃત બાંધકામ ગૃડા–૨૦૧૧ હેઠળ નિયમિત કરાવવા અરજીઓ મળેલ હોય તો તેની વિગતો અરજદારશ્રીને દિન–૦૭(સાત) માં વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે. આમ સદરહુ અપીલ અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૨૯૦, તા.૧૭/૦૨/૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૯૧
તા.૧૭–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૨૧–૧૦–૧૩**

**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :**– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :**– (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૧૯/૦૮/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૦૭૭
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૭૨૯, તા.૧૬/૦૯/૧૩.
(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુના–ઘ" માં તા.૨૧/૧૦/૧૩ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અત્રેનો પત્ર નં. ટીડીઓ/અપીલ/નં.૧૩૯, તા.૦૮/૧૧/૨૦૧૩
(૫) અત્રેનો હુકમ પત્ર નં. ટીડીઓ/અપીલ/૧૭૦, તા.૨૬/૧૧/૧૩
(૬) આપશ્રીની તા.૦૯/૦૧/૧૪ ની રજુઆત

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આઈ.ડી નં.૧૦૭૭, તા.૧૯/૦૮/૧૩ થી કરવામાં આવેલ માહિતી માંગતી અરજીના અનુસંધાને સંદર્ભ (૨) હેઠળના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તેઓ ધ્વારા સંદર્ભ (૩) હેઠળની કરેલ અપીલ અરજી અન્વયે સંદર્ભે (૪) હેઠળના પત્રથી અરજદારશ્રી બીજી તકે હાજર રહી કરેલ રજુઆતે સંદર્ભ (૫) હેઠળથી અરજદારશ્રીને શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી, સુરત મહાનગરપાલિકા જાહેર હિતમાં કાર્ય કરતી સ્થાનિક સ્વરાજયની સંસ્થા હોય, જેના જાહેર નાણા નો બિનજરૂરી વ્યય ન થાય તથા આર.ટી.આઈ. કાયદાનું મુળ હાર્દ જળવાય તે બાબત ધ્યાને રાખી આ અંગે વિવેકપૂર્ણ સકારાત્મક અભિગમ દાખવી ફકત ખરેખર જરૂરી હોય તેટલી જ માહિતી / પેપર્સની વિગતો અલગ તારવી માહિતી / નકલોની સંખ્યા / વિગતોની સ્પષ્ટતા સહિત દિન–૧૦ (દશ) માં રજુઆત કરવા જણાવી, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને, અરજદારશ્રીને રેકર્ડ નિરીક્ષણ કરવા દેવા હુકમ કરવામાં આવેલ તથા અરજદારશ્રી તરફથી નિયત સમયમર્યાદામાં આ અંગે રજુઆત મળ્યેથી જે ધ્યાને લઈ અપીલ સંદર્ભે અંતિમ હુકમ કરવા તથા નિયત સમયમર્યાદામાં અરજદારશ્રી તરફથી કોઈ રજુઆત નહી મળ્યેથી આ અંગે તેઓની વધુ કોઈ રજુઆત નથી તેમ માની યોગ્ય હુકમ કરવામાં આવનાર હોવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રીએ સંદર્ભ (૬) હેઠળથી તા.૦૩/૧૨/૧૩ થી તા.૨૪/૧૨/૧૩ સુધીમાં રેકર્ડની તપાસણી કરી, બાકી માર્કેટોનું નિરીક્ષણ તપાસણી જતી કરેલ હોવાનું જણાવી તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોય, તપાસણી કરેલ, પાના,ફોટોગ્રાફ્સ સાથે વિના મુલ્યે આપવા રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની સંદર્ભ (૬) હેઠળની રજુઆતે અરજદારશ્રી પુનરાવર્તિત આર.ટી.આઈ. અરજદાર હોય તથા બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી તેઓ ધ્વારા કરવામાં આવતી આર.ટી.આઈ. એકટ હેઠળની અન્ય ઘણી અરજીઓ સંદર્ભે પણ તેઓ ધ્વારા આ પ્રકારે તમામ રેકર્ડની વિપુલ પ્રમાણમાં નકલોની વિના મુલ્યે માંગણી કરવામાં આવતી હોવાની રજુઆત કરી આ કેસમાં અરજદારશ્રીની રજુઆત મુજબ આશરે

૩૦૬૫ પાનાની નકલ ૨ નંગ નકશા આપવાના થતા હોવાની સ્પષ્ટતા કરી આટલા વિપુલ પ્રમાણામાં નકલો આપવાથી જાહેર નાણાનો વ્યય થતો હોવાની રજુઆત કરેલ છે.

અરજદારશ્રી ધ્વારા તા.૦૩/૧૨/૧૩ થી તા.૨૪/૧૨/૧૩ સુધી રેકર્ડ તપાસણી કરેલ હોય, તે તમામ ફાઈલોનો રેકર્ડ(પાના), નકશા / ફોટોગ્રાફસની નકલોની માંગણી કરવામાં આવેલ છે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીએ અરજી સાથે બી.પી.એલ. કાર્ડ રજુ કરેલ હોય, અંદાજે રૂા.૩,૬૪૦/– ભરપાઈ કર્યા સિવાય માહિતી વિના મુલ્યે પુરી પાડવામાં આવે તે સુરત મહાનગરપાલિકાના જાહેર તથા આર્થીક હિતમાં યોગ્ય જણાતુ ન હોવાની રજુઆત કરેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ અરજદારશ્રીની રજુઆતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ની મુળ અરજી, અપીલ અરજી અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા થયેલ રૂબરૂ રજુઆતો / સ્પષ્ટતા અને અરજદારશ્રીની તા.૦૯/૦૧/૧૪ થી કરેલ લેખિત રજુઆત અનુસાર અરજદારશ્રીએ આશરે ૩૦૬૫ પાના / નકશાની નકલ ૦૨ વિના મુલ્યે આપવા માંગણી કરેલ છે. જે વિપુલ પ્રમાણમાં હોય જાહેરહિતને ધ્યાને લઈ કલમ(૨)(૭)(૨) ની જોગવાઈ અનુસાર અરજદારશ્રીને શહેર વિકાસ ખાતાની કચેરી ઉપલબ્ધ રેકર્ડ / દસ્તાવેજ પરથી ઉતારો કરી લેવા જણાવવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારશ્રીને સદર ઉતારો કરવા જરૂરી પ્રબંધ કરી આપવા તથા ઉતારેલ રેકર્ડને પ્રમાણિત કરી આપવા તેમજ નકશાની નકલો વિનામુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે. આમ, સદરહું અપીલ અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૨૯૧, તા.૧૭–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૯૩
તા.૧૮/૦૧/૨૦૧૪

**અપીલ અરજી તા.૨૪–૦૧–૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૨૫/૧૧/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૬૭૪
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પાઠવેલ પ્રત્યુત્તર પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૯૧૮, તા.૦૪/૧૨/૧૩.
(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુના–ઘ" માં તા.૨૪/૦૧/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૫૮, તા.૨૯/૦૧/૧૪.
(૫) અરજદારશ્રીની તા.૦૬/૦૨/૧૪ ની લેખિત રજુઆત.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આઈ.ડી નં.૧૬૭૪, તા.૨૫/૧૧/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૬૭, તા.૨૯/૧૧/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૯૧૮, તા.૪/૧૨/૧૩ થી નિયત સમય મર્યાદામાં શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગ ધ્વારા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ, જે અન્વયે અરજદાર ધ્વારા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૪/૧/૨૦૧૪ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૨૪/૦૧/૨૦૧૪ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૬/૨/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૬/૨/૧૪ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેઓની માહિતી માંગતી અરજીમાં જણાવેલ માહિતી નહી મળી હોવાનું તથા તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી તમામ માહિતી તેઓને વિના મુલ્યે આપવા રજુઆત કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી

અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે મિલ્કતના નામથી કોઈ વિકાસ પરવાનગી મંજુર કરવામાં આવતી ન હોય, તેમજ મિલ્કતના નામજોગ રેકર્ડનું અસ્તિત્વ નહોય અરજીમાં જણાવેલ મિલ્કતના વોર્ડ નં./સી.સ.નં.:/ટી.પી.સ્કીમ નંબર/ફાયનલ પ્લોટનંબર વિગેરે જમીનની કાયદેસરની ઓળખની રેવન્યુ / ટી.પી. સ્કીમના રેકર્ડ મુજબની વિગતો જણાવવાની સ્પષ્ટતા થયા બાદ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે માહિતી આપવા અંગે કાર્યવાહી હાથ ધરી શકાય તેમ હોવાની રજુઆત કરેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ ::–**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૨૫/૧૧/૨૦૧૩ ના રોજની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારે માંગેલ માહિતીનો નિયત સમયમર્યાદામાં જરૂરી સ્પષ્ટતા કરવા પ્રત્યુત્તર પાઠવેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નિયત સમયમાં પાઠવેલ પ્રત્યુત્તર અન્વયે માહિતી માંગેલ મિલ્કતના રેવન્યુ / ટી.પી. સ્કીમ મુજબના રેકર્ડ અનુસારની કાયદેસરની ઓળખ દર્શાવતી વિગતો જેવી કે વોર્ડ નંબર/સી.સ. નં./ ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નંબર વિગેરે જરૂરી વિગતો ની સ્પષ્ટતા કરેલ નથી. જેથી અરજદારશ્રીને આ મુજબની સ્પષ્ટતા કરવા જણાવવામાં આવે છે તથા અરજદારશ્રી તરફથી તેઓની અરજી અન્વયે મિલ્કતના વોર્ડ નંબર/સી.સ. નં./ ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નંબર સહીતની જરૂરી વિગતોની સ્પષ્ટતા થયેથી દિન–૧૦ (દશ) માં મધ્યસ્થ શહેર વિકાસ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીના નિકાલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૨૯૩, તા.૧૮/૦૧/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૯૭
તા.૨૦–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૮/૦૧/૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશ એન. બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશ બથવારની તા.૧૮–૦૧–૧૪ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી નરેશ એન. બથવારની,તા.૨૮/૧૦/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૧૫૪૪ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરેલ અરજી

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૧–૧૧–૧૩ ના પત્ર નં.: સેન્ટ્રલઝોન/આરટીઆઈ/જા/૨૪૧૧ થી અઠવા ઝોન કચેરીને તબદીલ કરતો પત્ર.(સા.વે.ઝોન આઈ.ડી.નં. ૬૦૦, તા. ૦૨/૧૧/૧૩)

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન ધ્વારા તા.૮–૧૧–૧૩ ના પત્ર નં.: સા.વે.ઝોન/આરટીઆઈ/આ/૯૫૩ થી અત્રેની કચેરીને તબદીલ કરતો પત્ર.(ટી.ડી.ઓ./આર.ટી.આઈ./૭૧૪, તા. ૧૧/૧૧/૧૩)

(૪) અરજદારશ્રીને તા.૧૭/૧૨/૧૩ના રોજ પત્રક્રમાંક ટીડીઓ/આર.ટી.આઈ./૯૪૧થી આપવામાં આવેલ માહિતી.

(૫) "નમુનો –જ"માં અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા સીવીક સેન્ટરમાં તા.૧૮/૦૧/૧૪ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી સી.ઝોન/જા/૧૨૩૧ થી નોંધીને અત્રે ટીડીઓ/અપીલ/આઈ.ડી./૯૮, તા.૨૦/૦૧/૧૪ના રોજ નોંધાયેલ.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૪/૦૧/૧૪ ના ટીડીઓ/અપીલ નં.૨૪૯ થી અરજદારશ્રીને રૂબરૂ હિયરીંગ માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર.

(૭) ટી.ડી.ઓ./આ.ં ન. ૮૧૬૭ થી તા.૦૧/૦૨/૧૪ ના રોજ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ લેખિત રજુઆત.

(૮) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૦૩/૦૧/૧૪ ના ટીડીઓ/ અપીલ નં.૨૬૭ થી અરજદારશ્રીને ફરી રૂબરૂ હિયરીંગ માટે જાણ કરવા પાઠવવામાં આવેલ પત્ર.

(૯) ટી.ડી.ઓ./આ.ં ન. ૮૪૫૧ થી તા.૧૧/૦૨/૧૪ ના રોજ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ લેખિત રજુઆત.

અરજદારશ્રી નરેશ એન. બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૧૫૪૪ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અન્વયે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરીને તબદીલ કરવામાં આવી. જે અન્વયે સંદર્ભ(૩) હેઠળના પત્રથીજાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન ધ્વારા મુળ અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી સંદર્ભ (૪) ના પત્રથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પાઠવવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા મુળ અરજી સંદર્ભે નમુના "જ" માં સંદર્ભ (૫) ના પત્રથી પ્રથમ અપીલ અરજી શહેર વિકાસ ખાતામાં રજુ કરવામાં આવી. જે સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૧/૦૨/૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૬) ના પત્રથી અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જાણ કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ, પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી તથા તેઓશ્રી ધ્વારા લેખિત રજુઆત સંદર્ભ (૭)ના પત્રથી રજુ કરવામાં આવેલ જેથી રૂબરૂ સુનાવણી માટે ફરીથી બીજી વખત અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર

વિકાસ અધિકારીશ્રીને તા.૧૪/૦૧/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા સંદર્ભ (૮) ના પત્રથી જાણ કરેલ તેમ છતાં અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નથી, પરંતુ સંદર્ભ (૯) ના પત્રથી તેઓને કોઈ માહિતી મળેલ ન હોવાથી સુનાવણી થઈ શકે તેમ ન હોવાની રજુઆત કરેલ. જયારે જાહેર માહિતી અધિકારીશ્રી સુનાવણીમાં હાજર રહીને અરજદારે તેમની મુળ અરજીમાં માંગેલ માહિતી પુરી પાડેલ હોવાનું જણાવેલ છે પરંતુ તેમ છતાં સદરહું બાંધકામ ગૃડા–૨૦૦૧ હેઠળ નિયમિત કરવાના કામે જે રીપોર્ટીંગ થયેલ તે નોટીંગ સેકશનની નકલ અરજદારને પુરી પાડવા તથા આ રીપોર્ટીંગ સેકશનની નકલ મુજબ જે તે સમયના સંબંધિત જુની. ઈજનેરશ્રી, શહેર વિકાસ અધિકારીશ્રી તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીની સહી થયેલ હોવાની માહિતી અરજદારને પુરી પાડવા પ્રસ્તાવ કરેલ છે. જે હકીકતો ધ્યાને લઈને, નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી આઈ.ડી.નં.૧૫૪૪, તા.૨૮/૧૦/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ મુળ અરજી સંદર્ભે માહિતી અપુરતી હોવાનું જણાવી તા.૧૮/૦૧/૧૪ થી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજી સંદર્ભે હાથ ધરેલ કાર્યવાહી અંતર્ગત રૂબરૂ સુનાવણી માટેની નિયત તા.૦૧/૦૨/૧૪ ના રોજ અરજદારશ્રી હાજર રહેલ નથી. જેથી તા.૧૪/૦૨/૧૪ ના રોજ અરજદારશ્રીને ફરી તક આપવામાં આવેલ જે સંદર્ભે અરજદારશ્રી બીજી સુનાવણીમાં હાજર રહેલ નથી અને અરજદારશ્રી ધ્વારા સંદર્ભ–(૯) હેઠળના પત્રથી કરવામાં આવેલ રજુઆત તથા સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીની સ્પષ્ટતા ધ્યાને લઈ ઉપરોકત જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના પ્રસ્તાવ મુજબની માહિતી અરજદારશ્રીને વિનામુલ્યે દિન–૭ (સાત)માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ, સદરહું અપીલ અરજીનો નિકાલ કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૨૯૭, તા.૨૦–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૯૫
તા.૧૯/૦૨/૨૦૧૪

**અપીલ અરજી તા.૦૯/૦૧/૨૦૧૪**
**અરજદારશ્રી :– નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળાશ્રી :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય** :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ અંતર્ગત આપશ્રીની તા.૨૭/૧૧/૨૦૧૩ ની અરજી આઈ.ડી.નં.૧૬૯૧(ટીડીઓ/આઈડી/૭૫૩, તા.૨૯/૧૧/૨૦૧૩) અન્વયે તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજની પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભ** :–
(૧) અરજદારશ્રીની તા.૨૭/૧૧/૨૦૧૩ ના રોજની માહિતી મેળવવા બાબતની "નમુના–ક" ની અરજી. આઈડી/૧૬૯૧.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કર્યાના પત્ર ક્રમાંક નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૫૨, તા.૨૮/૧૧/૨૦૧૩(જે અરજી શહેર વિકાસ ખાતામાં ટીડીઓ/આઈડી/૭૫૩, તા.૨૯/૧૧/૨૦૧૩ થી નોંધાયેલ છે)
(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના માહિતી પાઠવવા અંગેના પત્ર ક્રમાંકનં.: ટીડીઓ/આરટીઆઈ/૯૩૭, તા.૧૨/૧૨/૨૦૧૩
(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી ધ્વારા તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી (જે અપીલ અરજી અત્રે ટીડીઓ/અપીલ/૯૪, તા.૦૯/૦૧/૧૪ થી નોંધાયેલ છે.)
(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા બાબતની જાણ કરતા પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૩૭, તા.૧૬/૦૧/૨૦૧૪.
(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી માટે ફરીથી હાજર રહેવા જાણ કરતા પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૬૧, તા.૦૧/૦૨/૨૦૧૪.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા (૧) ટી.પી.સ્કમ નં. ૧૪(પાલ), બ્લોક નં. ૩૦૭ અન્વયે મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની નકલ વિગેરે તથા (૨) રીજન્ટ મોલ અને શ્રીજી મોલ બાબતેની વિગતો વિગેરે મેળવવા બાબતે સંદર્ભ (૧) હેઠળના પત્રથી કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જે અરજીથી અરજદારશ્રી ધ્વારા માંગ્યા મુજબની ટી.પી.સ્કમ નં. ૧૪(પાલ), બ્લોક નં.૩૦૭ અન્વયેની માહિતી / રેકર્ડ વિનામુલ્યે પાઠવવામાં આવેલ અને રીજન્ટ મોલ તથા શ્રીજી મોલ બાબતે માંગવામાં આવેલ માહિતી અન્વયેની રેકર્ડ / વિગતો અત્રેની કચેરીએ કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાણ કરવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સદરહું પ્રત્યુત્તરથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી નોંધાવવામાં આવેલ છે. સદરહું અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને રૂબરૂ સાંભળવા / રજુઆત માટે / સુનાવણી માટે તા.૨૭/૦૧/૨૦૧૪ ના રોજ હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળના પત્રથી જાણ કરવામાં આવેલ. સદરહું સુનાવણીમાં અરજદારશ્રી હાજર ન રહેતા, અરજદારશ્રીને રૂબરૂ સાંભળવા / રજુઆત કરવાની ફરીથી તક આપી તા.૧૦/૦૨/૨૦૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે હાજર રહેવા સંદર્ભ (૬) હેઠળના પત્રથી જાણ કરવામાં આવેલ. જે દરમ્યાન અરજદારશ્રી ધ્વારા હાજર રહી તેઓને રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ મેળવવા માટે કરવામાં આવેલ સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ટી.પી.સ્કીમ નં. ૧૪(પાલ), બ્લોક નં. ૩૦૭ વાળી જગ્યા માટે માંગવામાં આવેલ માહિતી પૈકી (૧) સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ તથા (૨) બાંધકામ પૂર્ણ થયાનું બિલ્ડીંગ કમ્પ્લીશન સર્ટીફીકેટની નકલો પાઠવવામાં આવેલ ન હોવાની રજુઆત કરવામાં આવેલ છે, તે સિવાય અન્ય કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જે અન્વયે સામાવાળાશ્રી, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સ્ટ્રકચરલ

સ્ટેબીલીટી સર્ટીફીકેટ તથા સદરહું બાંધકામ પુર્ણ થયાનું બિલ્ડીગ કમ્પલીશન સર્ટી.ની વિગત અરજદારશ્રીને પાઠવવામાં આવેલ ન હોવાનો સ્વીકાર કરવામાં આવેલ છે. જેથી સદરહું અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૨૭/૧૧/૨૦૧૩ ની મુળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૨/૧૨/૨૦૧૩ ના પત્રથી અરજદારશ્રીને માહિતી / રેકર્ડ વિનામુલ્યે પાઠવવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રીની તા. ૦૯/૦૧/૨૦૧૪ના રોજની પ્રથમ અપીલ અરજીના અનુસંધાને તા.૧૦/૦૨/૨૦૧૪ ના રોજની રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા સામાવાળાશ્રી, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીની રજુઆત સાંભળ્યા બાદ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ટી.પી.સ્કીમ નં. ૧૪(પાલ), બ્લોક નં. ૩૦૭ વાળી જગ્યા બાબતે (૧) સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રીનું સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફિકેટ તથા (૨) પ્રશ્નવાળી જગ્યામાં થયેલ બાંધકામ પુર્ણ થયા અંગેનું બિલ્ડીંગ કમ્લીશન સર્ટીફીકેટની નકલ દિન–૭ માં અરજદારશ્રીને માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ –૭(૫)ની જોગવાઈ અનુસાર વિનામુલ્યે પુરી પાડવા માટે હુકમ કરવામાં આવે છે. આમ, ઉકત અપીલ અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂ છું.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૨૯૫, તા.૧૯/૦૨/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૯૯
તા.૨૦/૦૨/૨૦૧૪

**અપીલ અરજી તા.૨૧–૦૧–૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૨૨/૧૧/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૬૫૪

(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૯૧૭, તા.૦૪/૧૨/૧૩.

(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુના–ઘ" માં તા.૨૧/૦૧/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.

(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૫૭, તા.૨૯/૦૧/૧૪.

(૫) અરજદારશ્રીની તા.૦૩/૦૨/૧૪ ની લેખિત રજુઆત.

(૬) અત્રેના પત્ર નં. ટીડીઓ/અપીલ/૨૬૯, તા.૦૬/૦૨/૧૪

(૭) અરજદારશ્રીની તા.૧૨/૦૨/૧૪ ની લેખિત રજુઆત.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આઈ.ડી નં.૧૬૫૪, તા.૨૨/૧૧/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૩૧, તા.૨૫/૧૧/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૯૧૭, તા.૦૪/૧૨/૧૩ થી નિયત સમય મર્યાદામાં શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગ ધ્વારા પ્રત્યુતર પાઠવવામા આવેલ, જે અન્વયે અરજદાર ધ્વારા, મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૧/૦૧/૨૦૧૪ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૨૧/૦૧/૨૦૧૪ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૩/૧૨/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી પરંતુ અરજદારશ્રીએ સંદર્ભ (૫) હેઠળની લેખિત રજુઆત કરેલ જે અન્વયે સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૧૩/૦૨/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સુનાવણી માટે હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ છે. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી સંદર્ભ (૭) હેઠળની તા:૧૨/૦૨/૧૪ થી લેખીત રજુઆત કરી તઃ૧૩/૦૨/૧૪ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૧૩/૦૨/૧૪ ના રોજ

નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે મિલ્કતના નામથી કોઈ વિકાસ પરવાનગી મંજુર કરવામાં આવતી ન હોય, તેમજ મિલ્કતના નામજોગ રેકર્ડનું અસ્તિત્વ નહોય અરજીમાં જણાવેલ મિલ્કતના વોર્ડ નં./સી.સ.નં.:/ટી.પી.સ્કીમ નંબર/ફાયનલ પ્લોટનંબર વિગેરે જમીનની કાયદેસરની ઓળખની રેવન્યુ / ટી.પી. સ્કીમના રેકર્ડ મુજબની વિગતો જણાવવાની સ્પષ્ટતા થયા બાદ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે માહિતી આપવા અંગે કાર્યવાહી હાથ ધરી શકાય તેમ હોવાની રજુઆત કરેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ ::–**

**અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૨૨/૧૧/૨૦૧૩ ના રોજની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારે માંગેલ માહિતીનો નિયત સમયમર્યાદામાં જરૂરી સ્પષ્ટતા કરવા પ્રત્યુત્તર પાઠવેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નિયત સમયમાં પાઠવેલ પ્રત્યુત્તર અન્વયે માહિતી માંગેલ મિલ્કતના રેવન્યુ / ટી.પી. સ્કીમ મુજબના રેકર્ડ અનુસારની કાયદેસરની ઓળખ દર્શાવતી વિગતો જેવી કે વોર્ડ નંબર/સી.સ. નં./ ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નંબર વિગેરે જરૂરી વિગતો ની સ્પષ્ટતા કરેલ નથી. જેથી અરજદારશ્રીને તેઓની અરજી અન્વયે મિલ્કતના વોર્ડ નંબર/સી.સ. નં./ ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નંબર સહીતની જરૂરી વિગતોની સ્પષ્ટતા જાહેર માહિતી અધિકારીશ્રીને લેખિતમાં કરવા જણાવવામાં આવે છે. અરજદારશ્રી તરફથી સદરહું વિગતો / સ્પષ્ટતા મળ્યેથી, અરજદારશ્રીને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી તાકીદે દિન–૭(સાત) માં વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ, અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૨૯૯, તા.૨૦/૦૨/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૦૦
તા.૨૦/૦૨/૨૦૧૪

**અપીલ અરજી તા.૧૮–૦૧–૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–**
(૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૧૫/૧૦/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૪૫૦
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા પાઠવેલ પ્રત્યુત્તર બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૮૪૮, તા.૦૧/૧૧/૧૩.
(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુના–ઘ" માં તા.૧૮/૦૧/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૫૧, તા.૨૪/૦૧/૧૪.
(૫) અરજદારશ્રીની તા.૩૦–૩૧/૦૧/૧૪ ની લેખિત રજુઆત.
(૬) અત્રેના પત્ર નં. ટીડીઓ/અપીલ/૨૬૩, તા.૦૩/૦૨/૧૪
(૭) અરજદારશ્રીની તા.૧૦/૦૨/૨૦૧૪ ની રજુઆત.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આઈ.ડી નં.૧૪૫૦, તા.૧૫/૧૦/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૪૭, તા.૧૮/૧૦/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૮૪૪, તા.૦૧/૧૧/૧૩ થી નિયત સમય મર્યાદામાં શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગને સંલગ્ન વિગતો / માહિતી પુરી પાડીવા મિલ્કત સંબંધેના ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદાર ધ્વારા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૮/૦૧/૨૦૧૪ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૧૮/૦૧/૨૦૧૪ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૩૦/૦૧/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી પરંતુ અરજદારશ્રીએ સંદર્ભ (૫) હેઠળની લેખિત રજુઆત કરેલ જે અન્વયે સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૧૦/૦૨/૧૪ ના રોજ સાંજે : ૦૪:૦૦ કલાકે સુનાવણી માટે હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ છે. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૧૦/૦૨/૧૪ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેઓની માહિતી માંગતી અરજીમાં જણાવેલ માહિતી આપવા તથા તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી માહિતી ઉપલબ્ધ તમામ સાહિત્ય / પેપર્સની નકલો તેઓને વિના મુલ્યે આપવા રજુઆત કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તથા ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી માહિતી પુરી પાડવા મિલ્કત સંબંધેનો ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી લેવા જે માહિતી / નકલોની જરૂરીયાત હોય તે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ પરથી ઉતારો કરી લેવા તેમજ ઉતારો કરેલ રેકર્ડ પ્રમાણીત કરી આપવા અરજદારશ્રીને જણાવેલ હોય, અરજી અન્વયે અરજદારશ્રીએ ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરેલ નથી. તેમજ

અરજદારશ્રીની માહિતી માંગતી અરજીથી માંગેલ માહિતી પૈકીની માહિતી અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૫/૧૧/૧૨ ની અરજી સંદર્ભે મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની રજુઆત કરી અરજદારશ્રી પુનરાવર્તિ આર.ટી.આઈ. અરજદાર હોય તથા બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી તેઓ ધ્વારા કરવામાં આવતી આર.ટી.આઈ. એકટ હેઠળની અન્ય ઘણી અરજીઓ સંદર્ભે પણ તેઓ ધ્વારા આ પ્રકારે તમામ રેકર્ડની વિપુલ પ્રમાણમાં નકલોની વિના મુલ્યે માંગણી કરવામાં આવતી હોય જે વિપુલ પ્રમાણમાં વિના મુલ્યે નકલો પુરી પાડવી  જાહરહિતમાં કાર્યકરતી  સ્થાનિક સ્વરાજયની સંસ્થા સુરત મહાનગરપાલિકાના આર્થીક હિતમાં યોગ્ય નહી હોવાનું જણાવેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ ::–**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૫/૧૦/૨૦૧૩ ના રોજની અરજી  અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારે માંગેલ માહિતી પુરી પાડવા મિલ્કત સંબંધેનો ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવા તેમજ માહિતીની જરૂરીયાત હોય તેનો ઉપલબ્ધ રેકર્ડ પરથી ઉતારો કરી લેવા અને ઉતારો કરેલ રેકર્ડ પ્રમાણીત કરી આપવા માટે નિયત સમયમર્યાદામાં જણાવેલ. પરંતુ અરજદારે રેકર્ડ નિરીક્ષણ કરેલ નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવેલ નિયત સમયે તેઓએ ફાઈલ નિરીક્ષણ કરેલ ન હોય, અરજીમાં જણાવેલ માહિતી / નકલો તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોય, તેઓને વિનામુલ્યે આપવા રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારશ્રીની માહિતી માંગતી અરજીમાં જણાવેલ મિલ્કત સંબંધેનો મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારશ્રીને દિન–૦૭(સાત) માં વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આમ, અપીલ અરજીનો નિકાલ જાહેર કરૂં છું.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૩૦૦, તા.૨૦/૦૨/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૦૭
તા.૨૮–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૦–૦૨–૨૦૧૪,**
**અરજદારશ્રી :– શ્રી નરેશ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૧૯–૧૨–૧૩ ની આઈ.ડી નં.૧૯૦૯ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી નરેશ એન. બથવારની તા.૧૯/૧૨/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૯૦૯ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**
**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૨૦/૧૨/૧૩ થી અત્રે તથા અલગ–અલગ વિભાગ / ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૮૨૩ થી નોંધાયેલ)**
**(૩)જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૮/૦૧/૧૪ ના ટીડીઓ/આરટીઆઈ નં.: ૧૦૩૫ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા તા.૧૦/૦૨/૧૪ ના રોજ અત્રે શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. (ટીડીઓ/અપીલ નં.: ૧૧૩)**
**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશ એન. બથવારને તા.૨૧–૦૨–૧૪ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૨૮૮, તા.૧૫–૦૨–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તથા અન્ય જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીને માહિતી / જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના પત્રથી શહેર વિકાસ ખાતામાં અપીલ અરજી કરવામાં આવેલ છે.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશ એન. બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૧/૦૨/૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારીશ્રીએ હાજર રહી, અરજદારશ્રીને સંદર્ભ (૩)

હેઠળના પત્રથી માંગેલ માહિતી વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી નરેશ એન. બથવારની આર.ટી.આઈ. એકટ હેઠળની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં વિના મુલ્યે માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૦૭, તા.૨૮–૦૨–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૦૮
તા.૨૮–૦૨–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૪–૦૨–૨૦૧૪,**
**અરજદારશ્રી :– શ્રી અમર ડી. દલવાડી(એડવોકેટ)**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અમર ડી. દલવાડીની તા.૦૪–૦૧–૧૪ ની આઈ.ડી નં.૨૦૬૫ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી અમર ડી. દલવાડીની તા.૦૪/૦૧/૧૪ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૨૦૬૫ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૦૭/૦૧/૧૪ થી કતારગામ ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.**

**(૩)જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૧૭/૦૧/૧૪ થી અત્રે શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૮૮૦ થી નોંધાયેલ)**

**(૪)જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૧/૦૨/૧૪ ના ટીડીઓ/આરટીઆઈ નં.: ૧૦૭૯ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**

**(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી અમર ડી. દલવાડી ધ્વારા તા.૦૪/૦૨/૧૪ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**

**(૬) કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના તા.૦૭/૦૨/૧૪ થી અત્રે શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/અપીલ નં.: ૧૧૨ થી નોંધાયેલ)**

**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી અમર ડી. દલવાડીને તા.૧૭–૦૨–૧૪ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૨૮૨, તા.૧૨–૦૨–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી અમર ડી. દલવાડી ધ્વારા સંદર્ભ (૧) હેઠળથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, કતારગામ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૫) હેઠળના પત્રથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી શહેર વિકાસ ખાતામાં અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૭) હેઠળના પત્રથી અરજદારશ્રી અમર ડી. દલવાડી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૭/૦૨/૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ

સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી અમર ડી. દલવાડી એ હાજર રહી જણાવેલ કે તેઓને ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ),ફા.પ્લોટ નં.૧૭, રે.સ.નં.૩૪/૧ વાળી મિલ્કતે મંજુરી અર્થે રજુ થયેલ ફાઈલના તમામ પેપર્સની જરૂરીયાત છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સુનાવણી સમયે હાજર રહી, જણાવેલ કે પ્રશ્નવાળી મિલ્કતની ફકત ઓ.સી. ફાઈલ હાલ ઉપલબ્ધ હોય જેની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે. મુળ ફાઈલ ઉપલબ્ધ થયેલ ન હોય, તેની નકલો પુરી પાડી શકાયેલ નથી તેમ છતાં સદર મુળ ફાઈલની ફરીથી શોધખોળ કરીને, ફાઈલ ઉપલબ્ધ થયેથી અરજદારને માહિતી પુરી પાડી શકાશે તેવી રજુઆત કરેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી અમર ડી. દલવાડીની તા.૦૪/૦૧/૧૪ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદા બાદ શહરે વિકાસ ખાતામાં ઉપલબ્ધ એવી તમામ માહિતી વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી સદર બાબતની મુળ ફાઈલ મળતી નહિ હોવાની કરેલ સ્પષ્ટતા ધ્યાને લઈ પ્રશ્નવાળી મિલ્કતની મુળ ફાઈલ ની ધનિષ્ઠ શોધખોળ હાથ ધરી દિન—૧૦(દશ) માં અરજદારને માંગ્યા મુજબની નકલો વિનામુલ્યે પુરી પાડવા આથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરૂં છું.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૦૮, તા.૨૮—૦૨—૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૧૧
તા.૦૧/૦૩/૨૦૧૪

**અપીલ અરજી તા.૩–૦૨–૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૩૦/૧૧/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૭૨૯

(૨) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુના–ઘ" માં તા.૩/૦૨/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.

(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૮૦, તા.૨૦/૦૨/૧૪.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આઈ.ડી નં.૧૭૨૯, તા.૩૦/૧૧/૧૩ થી માહિતી માંગતી અરજી નાગરીક સુવિધા કેન્દ્રમાં કરવામાં આવેલ હોવાનું જણાય છે. તેમજ અરજદારશ્રીની માહિતી માંગતી અરજીમાં ૧૦ મુદ્દાઓથી નાણાવટ વિસ્તારના રહેવાસીઓ તરફથી ૨૩ બાંધકામો અંગે કરેલ ફરીયાદ બાબતે કિન્નરી ટોકીઝની બાજુમાં થયેલ બાંધકામ અંગે, લાલગેટ વિસ્તારમાં સોનીકા, વોર્ડ નં.૧૧, નોંધ નં.૯૩૫ થી ૯૪૨ વિગેરે મિલ્કતો ભેગી કરીને બનાવેલ બાંધકામો વિગેરે જુદા જુદા મુદ્દાઓ અંગે ઝોન કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી માંગતી વિગતો જણાવેલ છે. જેના અનુસંધાને તેઓની અપીલ અરજીમાં જણાવ્યા અનુસાર તેઓને મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૩/૦૨/૨૦૧૪ ના રોજ સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૩/૦૨/૨૦૧૪ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૩) હેઠળના પત્રથી તા.૨૦/૦૨/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નથી કે તેઓ તરફથી વધુ કોઈ લેખિત રજુઆત મળેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૨૦/૦૨/૧૪ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી તથા ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી અપીલ અરજી સાથે બિડાણમાં રજુ કરેલ માહિતી માંગતી અરજીની વિગતો સેન્ટ્રલ ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની હોવાની સ્પષ્ટતા કરી અરજદારશ્રી ધ્વારા તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી ઉપલબ્ધ સાહિત્ય / પેપર્સની નકલો તેઓને વિના મુલ્યે આપવા તેઓની અરજીમાં રજુઆત કરવામાં આવેલ હોવાનું જણાવી તેઓની માહિતી માંગતી અરજી શહેર વિકાસ ખાતાને મળેલ નહિ હોવાની સ્પષ્ટતા કરેલ છે. તથા અરજદારશ્રી માહિતી માંગતી અરજી તથા અપીલ અરજીમા જણાવેલ હકીકતો સેન્ટ્રલ ઝોન કચેરીના કાર્ય હેઠળ આવતી હોવાથી અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી સેન્ટ્રલ ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ હોવાની રજુઆત કરેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

—::હુકમ ::—

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૩૦/૧૧/૨૦૧૩ ના રોજની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ઘ્વારા અરજદારશ્રીની માહિતી માંગતી અરજી શહેર વિકાસ ખાતામાં તેઓશ્રીને મળેલ ન હોવાની તથા અરજદારશ્રી ઘ્વારા કરવામાં આવેલ અપીલ અરજી સાથે બિડાણમાં રજુ કરેલ માહિતી માંગતી મુળ અરજીની વિગતો જોતાં અરજદારશ્રીની અરજી સેન્ટ્રલ ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની હોવાની સ્પષ્ટતા થતી હોવાની તથા જે અન્વયે અરજદારશ્રીની અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા/રજુઆત કરવામાં આવેલ છે. જે ઘ્યાને લઈ અરજદારશ્રીની માહિતી માંગતી અરજીમાં જણાવેલ માહિતી સંબંધે શહેર વિકાસ ખાતાની કચેરીએથી કોઈ માહિતી પુરી પાડવાની થતી નહી હોવાથી જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારશ્રી તેઓને જરૂરી માહિતી સબંધિત સેન્ટ્રલ ઝોન કચેરીમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે. આમ, અપીલ અરજીનો નિકાલ જાહેર કરૂં છું.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૩૧૧, તા.૦૧/૦૩/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૧૨
તા.૦૩/૦૩/૨૦૧૪

**અપીલ અરજી તા.૨૮–૦૧–૧૪**
**અરજદારશ્રી :– શ્રી વિનોદચંદ્ર વાઘેલા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :**– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :**– (૧) અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલાની માહિતી મેળવવા બાબતની તા.૧૭/૧૨/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૯૦૧
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પાઠવેલ પ્રત્યુત્તર પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૯૯૦, તા.૦૩/૦૧/૧૪.
(૩) અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલા ધ્વારા "નમુના–ઘ" માં તા.૨૮/૦૧/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલા ને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૬૫, તા.૩/૦૨/૧૪.
(૫) અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલા ને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે માટે ફરીથી હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૮૭, તા.૧૪/૦૨/૧૪.

અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલા ધ્વારા આઈ.ડી નં.૧૯૦૧, તા.૧૭/૧૨/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૨૭૭૪, તા.૧૮/૧૨/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૯૯૦, તા.૩/૧/૧૪ થી નિયત સમય મર્યાદામાં તેઓની માહિતી માંગતી અરજીમાં જણાવેલ મિલ્કતની સ્પષ્ટ ઓળખ જેવી કે વોર્ડ નંબર / ટી.પી.સ્કીમ નંબર તથા સીટી સર્વે નંબર / નોંધણી નંબર / ફા. પ્લોટ નંબર ની વિગતો જણાવવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સદરહું સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. પરંતુ તા.૨૮/૧/૨૦૧૪ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૨૮/૦૧/૨૦૧૪ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૧૧/૦૨/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી શ્રી વિનોદચંદ્ર વાઘેલા રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નહીં આથી અરજદારશ્રીને સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૨૦/૨/૧૪ ના રોજ સાંજે ૪:૧૫ કલાકે રૂબરૂ સુનાવણી માટે ફરીથી બીજી તક આપવામાં આવેલ છે. છતાં અરજદારશ્રી હાજર રહેલ નથી કે તેઓ ધ્વારા વધુ કોઈ લેખિત રજુઆત થયેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૨૦/૨/૧૪ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીની માહિતી માંગતી અરજી

અન્વયે મિલ્કતના નામથી કોઈ વિકાસ પરવાનગી મંજુર કરવામાં આવતી ન હોય, તેમજ મિલ્કતના નામજોગ રેકર્ડનું અસ્તિત્વ નહોય અરજીમાં જણાવેલ મિલ્કતના વોર્ડ નં./સી.સ.નં.:/ટી.પી.સ્કીમ નંબર/ફાયનલ પ્લોટનંબર વિગેરે જમીનની કાયદેસરની ઓળખની રેવન્યુ / ટી.પી. સ્કીમના રેકર્ડ મુજબની વિગતો જણાવવાની સ્પષ્ટતા થયા બાદ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે માહિતી આપવા અંગે કાર્યવાહી હાથ ધરી શકાય તેમ હોવાની રજુઆત કરેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—::હુકમ ::—**

અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલાની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૭/૧૨/૨૦૧૩ ના રોજની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારે માંગેલ માહિતી વાળી મિલ્કતની ઓળખ અંગે નિયત સમયમર્યાદામાં જરૂરી સ્પષ્ટતા કરવા પ્રત્યુત્તર પાઠવેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નિયત સમયમાં પાઠવેલ પ્રત્યુત્તર અન્વયે માહિતી માંગેલ મિલ્કતના રેવન્યુ / ટી.પી. સ્કીમ મુજબના રેકર્ડ અનુસારની કાયદેસરની ઓળખ દર્શાવતી વિગતો જેવી કે વોર્ડ નંબર/સી.સ. નં./ ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નંબર વિગેરે જરૂરી વિગતો ની સ્પષ્ટતા કરેલ નથી. જેથી અરજદારશ્રીને આ મુજબની સ્પષ્ટતા કરવા જણાવવામાં આવે છે તથા અરજદારશ્રી તરફથી તેઓની અરજી અન્વયે મિલ્કતના વોર્ડ નંબર/સી.સ. નં./ ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નંબર સહીતની જરૂરી વિગતોની સ્પષ્ટતા થયેથી દિન—૦૭ (સાત) માં મધ્યસ્થ શહેર વિકાસ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીના નિકાલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૩૧૨, તા.૦૩/૦૩/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૧૩
તા.૦૩–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૨૯/૧૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી જીતેન્દ્ર ભગવાનભાઈ રામચદાની**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી જીતેન્દ્ર ભગવાનભાઈ રામચંદાનીની તા.૨૯–૧૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી જીતેન્દ્ર ભગવાનભાઈ રામચંદાની તા.૦૩/૦૯/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી સેન્ટ્રલ ઝોન કચેરીના આઈ.ડી. નં.: ૧૨૦૩ કરેલ અત્રેની કચેરીના આઈ.ડી. નં.: ૫૮૮

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા.૦૫–૦૯–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીને અરજી તબદીલ કરતો પત્રનં.: ૧૮૦૪,

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૧૦/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૦૬ થી લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી જીતેન્દ્ર રામચંદાની ધ્વારા તા.૨૯/૧૧/૧૩ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી

(૫) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરીના પત્ર નં.: ૨૫૮૮, તા.૨૦/૧૧/૧૩ થી શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૩–૧૨–૧૩ ના ટીડીઓ નં.૧૮૯ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૨–૧૨–૧૩ ના ટીડીઓ /અપીલ નં.૨૦૩ થી અરજદારશ્રીને ફરી રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી જીતેન્દ્ર ભગવાનભાઈ રામચંદાની તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રી જીતેન્દ્ર ભગવાનભાઈ રામચંદાનીને સંદર્ભ (૩) ના પત્રથી તેઓની તા.૦૩/૦૯/૧૩ ની મુળ અરજી અન્વયે જવાબ પાઠવેલ છે. અરજદારશ્રીને મળેલ જવાબ થી નારાજ થઈ તેઓ ધ્વારા સંદર્ભ (૫) થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી જીતેન્દ્ર રામચંદાની તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૯–૧૨–૧૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૬) હેઠળથી પત્ર પાઠવવામાં આવેલ. જેમા અરજદારશ્રી હાજર રહેલ ન હતા, ત્યારબાદ સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદારશ્રીને હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ તેમ છતાં અરજદાર હાજર રહેલ નથી તથા તેઓ તરફથી કોઈ રજુઆત થયેલ નથી.

રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે તેઓ ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં જવાબ/માહિતી

પાઠવેલ હોવાનું જણાવી સદર જવાબમાં શરતચુકથી મંજુર પ્લાનની તા.૧૧/૦૮/૯૮ને બદલે તા.૧૧/૦૮/ ૦૮ લખાયેલ છે પરંતુ અરજદારશ્રીને ખરેખર તેઓની માંગણી અન્વયેના તા. ૧૧/૦૮/૯૮ના પ્લાનોની નકલ જ પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જે ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–:: હુકમ ::–**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી અરજી અન્વયે માંગેલ માહિતી પુરી પાડેલ છે.પરંતુ સદરહું માહિતી નિયત સમય મર્યાદામાં પુરી પાડેલ નથી તથા તેમાં જણાવેલ તારીખ ક્ષતિપુર્ણ છે, જે યોગ્ય નથી જેથી જાહેર માહિતી અધિકારીને નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવા અંગત લક્ષ આપવા તાકીદ કરવામાં છે તથા પુરી પાડવામાં આવતી માહિતી ક્ષતિગ્રસ્ત ન રહે તે અંગે યોગ્ય તકેદારી રાખવા જણાવી આ અંગે અરજદારશ્રીને દિન–૩(ત્રણ)માં યોગ્ય સ્પષ્ટતા પાઠવવા હુકમ કરવામાં આવે છે. આમ, સદરહું અરજીનો નિકાલ કરેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૧૩, તા.૦૩–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૧૪
તા.૦૩/૦૩/૨૦૧૪

**અપીલ અરજી તા.૧૮–૦૧–૧૪**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૧૫/૧૦/૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.: ૧૪૫૦
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માહિતી પુરી પાડવા પાઠવેલ પ્રત્યુત્તર બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આર.ટી.આઈ./૮૪૮, તા.૦૧/૧૧/૧૩.
(૩) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા "નમુના–ઘ" માં તા.૧૮/૦૧/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને અપીલ અરજી બાબતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા માટે શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારીના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૫૧, તા.૨૪/૦૧/૧૪.
(૫) અરજદારશ્રીની તા.૩૦–૩૧/૦૧/૧૪ ની લેખિત રજુઆત.
(૬) અત્રેના પત્ર નં. ટીડીઓ/અપીલ/૨૬૩, તા.૦૩/૦૨/૧૪
(૭) અરજદારશ્રીની તા.૧૦/૦૨/૨૦૧૪ ની રજુઆત.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા આઈ.ડી નં.૧૪૫૦, તા.૧૫/૧૦/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમના પત્ર ક્રમાંક સ.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૪૭, તા.૧૮/૧૦/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/૮૪૪, તા.૦૧/૧૧/૧૩ થી નિયત સમય મર્યાદામાં શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગને સંલગ્ન વિગતો / માહિતી પુરી પાડીવા મિલ્કત સંબંધેના ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદાર ધ્વારા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૮/૦૧/૨૦૧૪ ના રોજ સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા.૧૮/૦૧/૨૦૧૪ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૩૦/૦૧/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી પરંતુ અરજદારશ્રીએ સંદર્ભ (૫) હેઠળની લેખિત રજુઆત કરેલ જે અન્વયે સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૧૦/૦૨/૧૪ ના રોજ સાંજે : ૦૪:૦૦ કલાકે સુનાવણી માટે હાજર રહેવા ફરીથી તક આપવામાં આવેલ છે. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૧૦/૦૨/૧૪ ના રોજ નિયત સુનાવણીના સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેઓની માહિતી માંગતી અરજીમાં જણાવેલ માહિતી આપવા તથા તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી માહિતી ઉપલબ્ધ તમામ સાહિત્ય / પેપર્સની નકલો તેઓને વિના મુલ્યે આપવા રજુઆત કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તથા ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી માહિતી પુરી પાડવા મિલ્કત સંબંધેનો ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી લેવા જે માહિતી / નકલોની જરૂરીયાત હોય તે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ પરથી ઉતારો કરી લેવા તેમજ ઉતારો કરેલ રેકર્ડ પ્રમાણીત કરી આપવા અરજદારશ્રીને જણાવેલ હોય, અરજી અન્વયે અરજદારશ્રીએ ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરેલ નથી. તેમજ

અરજદારશ્રીની માહિતી માંગતી અરજીથી માંગેલ માહિતી પૈકીની માહિતી અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૫/૧૧/૧૨ ની અરજી સંદર્ભે મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની રજુઆત કરી અરજદારશ્રી પુનરાવર્તિ આર.ટી.આઈ. અરજદાર હોય તથા બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી તેઓ ધ્વારા કરવામાં આવતી આર.ટી.આઈ. એકટ હેઠળની અન્ય ઘણી અરજીઓ સંદર્ભે પણ તેઓ ધ્વારા આ પ્રકારે તમામ રેકર્ડની વિપુલ પ્રમાણમાં નકલોની વિના મુલ્યે માંગણી કરવામાં આવતી હોય જે વિપુલ પ્રમાણમાં વિના મુલ્યે નકલો પુરી પાડવી જાહરહિતમાં કાર્યકરતી સ્થાનિક સ્વરાજયની સંસ્થા સુરત મહાનગરપાલિકાના આર્થીક હિતમાં યોગ્ય નહી હોવાનું જણાવેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ ::–**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૫/૧૦/૨૦૧૩ ના રોજની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારે માંગેલ માહિતી પુરી પાડવા મિલ્કત સંબંધેનો ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવા તેમજ માહિતીની જરૂરીયાત હોય તેનો ઉપલબ્ધ રેકર્ડ પરથી ઉતારો કરી લેવા અને ઉતારો કરેલ રેકર્ડ પ્રમાણીત કરી આપવા માટે નિયત સમયમર્યાદામાં જણાવેલ. પરંતુ અરજદારે રેકર્ડ નિરીક્ષણ કરેલ નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવેલ નિયત સમયે તેઓએ ફાઈલ નિરીક્ષણ કરેલ ન હોય, અરજીમાં જણાવેલ માહિતી / નકલો તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક હોય, તેઓને વિનામુલ્યે આપવા રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારશ્રીની માહિતી માંગતી અરજીમાં જણાવેલ મિલ્કત સંબંધેનો મઘ્યસ્થ શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારશ્રીને દિન–૦૭(સાત) માં વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આમ, અપીલ અરજીનો નિકાલ જાહેર કરૂં છું.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૩૧૪, તા.૦૩/૦૩/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૧૫
તા.૦૭/૦૩/૨૦૧૪

**અપીલ અરજી તા.૧૮/૦૧/૨૦૧૪**
**અરજદારશ્રી :– નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળાશ્રી :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :**– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ અંતર્ગત આપશ્રીની તા.૨૦/૧૧/૨૦૧૩ ની અરજી આઈ. ડી. નં. ૧૬૪૨(ટીડીઓ/આઈડી/૯૧૦, તા.૩૧/૦૧/૨૦૧૪) અન્વયે તા.૧૮/૦૧/૨૦૧૪ ના રોજની પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભ :**–
(૧) અરજદારશ્રીની તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજની માહિતી મેળવવા બાબતની "નમુના–ક" ની અરજી. આઈડી/૧૬૪૨.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન તેમજ જાહેર માંહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કર્યાના પત્ર ક્રમાંક નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૨૭૦, તા.૨૯/૦૧/૨૦૧૪(જે અરજી શહેર વિકાસ ખાતામાં ટીડીઓ/આઈડી/૯૧૦, તા.૩૧/૦૧/૨૦૧૪ થી નોંધાયેલ છે)
(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી ધ્વારા તા.૧૮/૦૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી (જે અપીલ અરજી અત્રે ટીડીઓ/અપીલ/૧૦૦, તા.૨૦/૦૧/૧૪ થી નોંધાયેલ છે.)
(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા બાબતની જાણ કરતા પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૬૦, તા.૦૧/૦૨/૨૦૧૪.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા (૧) ટી.પી.સ્કમ નં. ૧૩, ફા.પ્લોટ નં.૭૩, ઓ. પ્લોટ નં.૫૮, બ્લોક નં.૪૬૫ (પાલ) (૨) ટી.પી.સ્કીમ નં.૨૪, ફા.પ્લોટ નં.૯૫૧/બી, બ્લોક નં.૨૩૪/બી અન્વયે મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની નકલ વિગેરે મેળવવા બાબતે સંદર્ભ (૧) હેઠળના પત્રથી કરવામાં આવેલ અરજી, જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જે અરજી શહેર વિકાસ વિભાગમાં પ્રાપ્ત થયા પુર્વે અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી નોંધાવવામાં આવેલ છે. સદરહું અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને રૂબરૂ સાંભળવા / રજુઆત માટે / સુનાવણી માટે તા.૧૧/૦૨/૨૦૧૪ ના રોજ હાજર રહેવા સંદર્ભ (૪) હેઠળના પત્રથી જાણ કરવામાં આવેલ. સદરહુ સુનાવણીમાં અરજદારશ્રી હાજર ન રહી,અરજદારશ્રી ધ્વારા તેઓ ધ્વારા સુનવણીની તક આપવાના બદલે, સંદર્ભ(૧) હેઠળના પત્રથી માંગવામાં આવેલ માહિતી પ્રાપ્ત થયેલ ન હોય, તે માહિતી/રેકર્ડ પુરી પાડવા માટે તા.૧૨/૦૨/૨૦૧૪ થી રજુઆત કરવામાં આવેલ છે. સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને માહિતી મેળવવા બાબતની સંદર્ભ(૧) હેઠળની અરજી હાલમાં જ તા.૩૧/૦૧/૨૦૧૪ પ્રાપ્ત થયેલ હોય, અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી અનુક્રમ નં. ૧ અન્વયે મોજે પાલના બ્લોક નં. ૪૬૫ નો સમાવેશ ટી.પી. સ્કીમ નં.: ૧૩ માં નહી પરંતુ ટી.પી. સ્કીમ નં.: ૧૬(પાલ) માં સમાવેશ થતો હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે અને જે અનુસાર ઓ.પી.નં.૫૮, ફાયનલ પ્લોટ નં. ૭૩ તથા અનુક્રમ નં. ૨ અન્વયે ટી.પી. સ્કીમ નં.: ૨૪, ફાયનલ

પ્લોટ નં. ૯૫૧/બી નહી પરંતુ ટી.પી. સ્કીમ નં.: ૨૪(મોટા વરાછા), બ્લોક નં. ૨૩૪/બી, ફાયનલ પ્લોટ નં. ૯૫/બી વાળી જગ્યામાં વિકાસ પરવાનગી મેળવવા બાબતે રજુ થયેલ અરજી અન્વયે અરજદારશ્રી તરફથી માહિતી માંગવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. સદરહું મિલ્કતોમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. જેથી ઉકત બંને મિલ્કતો માટે અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની નકલ અરજદારશ્રીને પાઠવવાની રહેતી ન હોવાની રજુઆત કરી, તે સિવાયની તેઓની કચેરીએ રજુ થયેલ ફાઈલમાં ઉપલબ્ધ માહિતી / રેકર્ડ પુરી પાડવા પ્રસ્તાવના કરેલ છે. જેથી અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી મેળવવા બાબતની તા.૨૦/૧૧/૨૦૧૩ ની મુળ અરજી અન્વયે અરજદારશ્રીની તા.૧૮/૦૧/૨૦૧૪ના રોજની પ્રથમ અપીલ અરજીના અનુસંધાને તા.૧૧/૦૨/૨૦૧૪ ના રોજની રૂબરૂ સુનાવણી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારનીતા.૧૨/૦૨/૨૦૧૪ના રોજની લેખિત રજુઆત તથા સામાવાળાશ્રી, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીની રજુઆત સાંભળ્યા બાદ,અરજદારશ્રીની અરજી નિયત સમયમર્યાદાબાદ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીને પ્રાપ્ત થયેલ હોય તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સ્પષ્ટતા કર્યા મુજબ અરજદારશ્રીને સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે ટી.પી. સ્કીમ નં.: ૧૬(પાલ), ફા. પ્લોટ નં.: ૭૩, ઓ.પી.નં.: ૫૮, બ્લોક નં.: ૪૬૫ (પાલ) તથા (૨) ટી.પી. સ્કીમ નં.: ૨૪(મોટા વરાછા), ફા. પ્લોટ નં.: ૯૫/બી, બ્લોક નં.: ૨૩૪/બી વાળી જગ્યા બાબતે અરજદારશ્રી ધ્વારા માંગ્યા મુજબની રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાન સિવાયની તેમની કચેરીએ રજુ થયેલ ફાઈલ પર ઉપલબ્ધ માહિતી અરજદારશ્રીને દિન–૦૭(સાત) માં નિયમાનુસાર પુરી પાડવા માટે હુકમ કરવામાં આવે છે. આમ, ઉકત અપીલ અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂ છું.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**નં.ટી.ડી.ઓ/૩૧૫, તા.૦૭/૦૩/૨૦૧૪**

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૧૬
તા.૦૭–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૦૩–૦૨–૨૦૧૪,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ એન. બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧૧–૧૩ ની આઈ.ડી નં.૧૬૪૩ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી નરેશ એન. બથવારની તા.૨૦/૧૧/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૨૦૭૮ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૨૧/૧૧/૧૩ થી અત્રે તથા તમામ ઝોનમાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭૩૭ થી નોંધાયેલ)**

**(૩)જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૮/૧૨/૧૩ ના ટીડીઓ/આરટીઆઈ નં.: ૯૪૭ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**

**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર ધ્વારા તા.૦૩/૦૨/૧૪ ના રોજ મધ્યસ્થ કચેરીમાં અપીલ કરવામાં આવેલ જે અત્રે તા.૦૪/૦૨/૧૪ ના ટીડીઓ/આઈ.ડી. નં.: ૧૧૧ થી નોંધાયેલ.**

**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારને તા.૧૫–૦૨–૧૪ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૨૭૪, તા.૦૭–૦૨–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારને તા.૨૪–૦૨–૧૪ ના રોજ રૂબરુ સુનાવણીમાં ફરી હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૨૯૪, તા.૧૯–૦૨–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રીનરેશભાઈ એન. બથવાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તથા તમામ જોનના જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીઓને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીને માહિતી / જવાબ પાઠવવામાં આવેલ.જે અંગે અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના પત્રથી મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે અત્રેના ખાતામાં તા.૦૪/૦૨/૧૪ થી નોંધાયેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૫/૦૨/૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા. ત્યારબાદ ફરી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી તા.૨૪/૦૨/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ જેમાં પણ અરજદારશ્રી હાજર રહેલ નથી તથા સુનાવણી દરમ્યાન હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ જણાવેલ હતું કે અરજદારશ્રીને તેમણે માંગ્યા મુજબની નકલ સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની આર.ટી.આઈ. એકટ હેઠળની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૧૬, તા.૦૭–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૧૯
તા.૧૦–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૮–૦૨–૨૦૧૪,**
**અરજદારશ્રી :– શ્રી નરેશ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૩૦–૧૧–૧૩ ની આઈ.ડી નં.૧૭૩૦ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી નરેશ એન. બથવારની તા.૩૦/૧૧/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૧૭૩૦ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**
**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૦૨/૧૨/૧૩ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭૭૪ થી નોંધાયેલ)**
**(૩)જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૦/૧૨/૧૪ ના ટીડીઓ/આરટીઆઈ નં.: ૯૫૫ થી અરજદારશ્રી તથા અઠવા ઝોન તથા ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૯૫૬ થી ઈન્કમટેક્ષ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા તા.૧૮/૧૨/૧૩ ના રોજ અત્રે શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. (ટીડીઓ/અપીલ નં.:૧૧૭)**
**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશ એન. બથવારને તા.૨૫–૦૨–૧૪ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૨૯૮, તા.૨૦–૦૨–૧૪ થી પત્ર પાઠવવામાં આવેલ.**
**(૬) અરજદારશ્રીની તા.૨૫/૦૧/૧૪ ની રજુઆત**
**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારને તા.૨૬/૦૨/૧૪ ના પત્ર નં.: ૩૦૫ થી તા.૦૪/૦૩/૧૪ ના રોજ હાજર રહેવા લખેલ પત્ર**
**(૮) અરજદારશ્રીની તા.૦૩/૦૩/૧૪ ની લેખિત રજુઆત.**

અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. સદર અરજી પૈકીની આઈ.ડી. નં. ૧૭૩૦ માં જણાવેલ વિગતો શહેર વિકાસ ખાતાને સ્પર્શતી ન હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી, અઠવા ઝોન કચેરીને તથા ઈન્કમટેક્ષ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગેની જાણ અરજદારશ્રીને પણ કરવામાં આવેલ. અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના પત્રથી શહેર વિકાસ ખાતામાં અપીલ અરજી કરવામાં આવેલ છે.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશ એન. બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૫/૦૨/૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે દિવસે રૂબરૂ હિયરીંગમાં અરજદાર નરેશ એન. બથવાર હાજર રહેલ નથી અને સંદર્ભ (૬) હેઠળની પત્રથી

રજુઆત કરેલ છે. જેમાં, અરજદારે આઈ.ડી.નં. ૧૭૨૮ અંતર્ગત કરેલ અરજીની માહિતી આપવા રજુઆત કરેલ છે. જે અન્વયે અરજદાર નરેશભાઈ બથવારને વધુ એક રૂબરૂ સુનાવણીની તક આપી સંદર્ભ (૭) હેઠળના પત્રથી તા.૦૪/૦૩/૧૪ ના રોજ  રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જે અન્વયે પણ અરજદાર રૂબરૂ હાજર રહેલ નથી અને સુનાવણીના અગાઉના દિવસ તા.૦૩/૦૩/૧૪ ના રોજ લેખિત રજુઆત કરેલ છે. જે રજુઆતમાં અરજદારે ટી.પી. સ્કીમ નં.: ૬(વેસુ) ના ફાયનલ પ્લોટ નં. ૧૮ ના સબ પ્લોટ નં. ૧ વાળી મિલ્કત માટે ઈન્ડેમનીટી બોન્ડ, આકારણીના નાણા ભર્યાની રસીદ, બી.યુ.સી.ની નકલ, સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીની નકલ, પાણી ગટરના જોડાણની નકલ, ઈન્કમટેક્ષ કલીયરન્સની નકલ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસનું ફાયર એન.ઓ.સી.ની નકલ, અન્ડરટેકીંગ બાય એન્જીનયર બાંધકામ પૂર્ણ કર્યાની તારીખની માહિતી મળેલ ન હોવાનું જણાવેલ છે જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ રેકર્ડ પર ઉપલબ્ધ તામામ નકલ વિનામુલ્યે પુરી પાડેલ હોવાનું જણાવેલ છે. જે ધ્યાને લઈને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર અરજદારશ્રી નરેશ એન. બથવારની આર.ટી.આઈ. એકટ હેઠળની મુળ અરજી આઈ.ડી. નં. ૧૭૩૦ સંદર્ભે અરજદારને નિયત સમયમર્યાદામાં ઉપલબ્ધ તમામ રેકર્ડની માહિતી આપવામાં આવેલ છે. જયારે જે માહિતી અન્ય વિભાગને સ્પર્શતી હોય તે માહિતી આપવા અરજદારની અરજી જે તે વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે. જે  અંગેની  જાણ અરજદારશ્રી નરેશ એન. બથવારને કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૧૯, તા.૧૦–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૨૦
તા.૨૧–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૮–૦૨–૨૦૧૪,**
**અરજદારશ્રી :– શ્રી નરેશ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૧૭–૦૧–૧૪ ની આઈ.ડી નં.૨૧૪૬ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી નરેશ એન. બથવારની તા.૧૭/૦૧/૧૪ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૨૧૪૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૧૮/૦૧/૧૪ થી કતારગામ ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, કતારગામ ઝોન ના પત્ર તા.૨૮/૦૧/૧૪ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રેના ખાતામાં ટીડીઓ/આઈ.ડી. નં.: ૯૦૧ થી નોંધાયેલ)**

**(૪)જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૧/૦૨/૧૪ ના ટીડીઓ/આરટીઆઈ નં.: ૧૦૮૦ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**

**(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા તા.૧૮/૦૨/૧૪ ના રોજ અત્રે શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. (ટીડીઓ/અપીલ નં.: ૧૧૬)**

**(૬) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરીને અત્રેથી તા.૨૪/૦૨/૨૦૧૪ થી અંશતઃ માહિતી બાબતે તબદીલ કરેલ અપીલ અરજી.**

**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશ એન. બથવારને તા.૨૬–૦૨–૧૪ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૩૦૪, તા.૨૪–૦૨–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી નરેશ એન. બથવાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ. જે સંદર્ભ (૩) હેઠળના પત્ર થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી માંગેલ માહિતી બાબતે જરૂરી નાણા ભરપાઈ કરી રસીદ રજુ કર્યેથી માહિતી / વિગતો મળી શકશે જે મુજબ અરજદારને જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૫) હેઠળના પત્રથી શહેર વિકાસ ખાતામાં અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે અત્રેના સંદર્ભ (૬)

હેઠળના પત્રથી અંશતઃ માહિતી બાબતે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરીને તબદીલ કરેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૭) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશ એન. બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૬/૦૨/૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારીશ્રીએ હાજર રહી, જણાવેલ હતુ કે અરજદારશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી માંગેલ માહિતી બાબતે જરૂરી નાણા ભરપાઈ કરી રસીદ રજુ કર્યેથી માંગેલ માહિતી પુરી પાડવામાં આવશે, તેવું જણાવેલ, પરંતુ અરજદાર બી.પી.એલ. કાર્ડ ધારક હોય માંગેલ માહિતી વિના મુલ્યે પાઠવવા પ્રસ્તાવના કરેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં શહરે વિકાસ ખાતામાં ઉપલબ્ધ એવી તમામ માહિતી નિયમ મુજબ થતો જરૂરી ચાર્જ ભરપાઈ કર્યેથી માંગેલ માહિતી આપવામાં આવશે, એવું જણાવવામાં આવેલ છે પરંતુ અરજદારશ્રી બી.પી.એલ. કાર્ડ ધારક હોય, માંગેલ માહિતી પૈકીની શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ તમામ માહિતી વિના મુલ્યે પુરી પાડવા તથા પ્રશ્નવાળી મિલ્કતની મુળ ફાઈલનું અરજદારશ્રીને દિન–૧૦ માં નિરીક્ષણ કરાવી માંગ્યા મુજબની નકલો વિનામુલ્યે પુરી પાડવા આથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરૂં છું.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૨૦, તા.૨૧–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૨૨
તા.૧૧–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૧૩/૧૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ બથવારની તા.૧૩–૧૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :–

(૧) અરજદારશ્રી નરેશભાઈ બથવારની,તા.૦૫/૧૦/૧૩ ના રોજની માહિતી માંગતી"નમુના–ક"ની અરજી આઈ.ડી.નં. ૧૩૯૧, તા.૦૫/૧૦/૧૩ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરવામાં આવેલ. જેનો અત્રેની કચેરીમાં ટીડીઓ/આઈ.ડી.નં.૬૬૧, તા. ૧૪/૧૦/૨૦૧૩) આપેલ છે.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૦–૧૦–૧૩ ના રોજ અત્રેની કચેરીમાં તબદીલ કરતો પત્રનં.: ૨૧૮૦

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૬/૧૧/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૬૫ થી લખેલ પત્ર

(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ બથવાર ધ્વારા તા.૧૩/૧૧/૧૩ના રોજ અત્રેની કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ/આઈ.ડી./૧૩૯૧ (ટીડીઓ/અપીલ/આઈ.ડી./૭૧, તા.૧૩/૧૧/૧૩)

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૯–૧૧–૧૩ ના ટીડીઓ / અપીલ નં.૧૭૫ થી અરજદારશ્રીને રૂબરુ હીયરીંગ માટે પાઠવેલ પત્ર.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અીધકારીશ્રી ધ્વારા તા.૦૬/૧૨/૧૩ ના ટીડીઓ/અપીલ/નં.૧૯૭ થી અરજદારશ્રીને બીજા રૂબરૂ હિયરીંગ માટે પાઠવેલ પત્ર.

અરજદારશ્રી નરેશભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા અત્રેની કચેરીને તબદીલ કરવામાં આવેલ. સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને તેઓની તા.૦૫/૧૦/૧૩ ની મુળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીએ જવાબ પાઠવેલ છે. અરજદાર ધ્વારા સંદર્ભ (૪) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરેલ છે.

અરજદારશ્રીની અપીલ અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દવારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૯/૧૧/૧૩ ના પત્ર ટીડીઓ /અપીલ નં.: ૧૭૫ થી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ જે અન્વયે અરજદારશ્રી હાજર રહેલ ન હતા ત્યારબાદ ફરી તક આપીને તા.૦૬–૧૨–૧૩ ના પત્ર ટીડીઓ/અપીલ/૧૯૭ થી તા.૧૨/૧૨/૧૩ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી તરફથી હાજર રહીને તેઓની અરજી અન્વયે (૧) ચાલુ સાલના વેરા બીલની નકલ (૨)ઈન્કમટેક્ષ આયકર ભવનના ચલણની નકલ, (૩) લીફટ લાયસન્સની નકલ, (૪) ફોટોગ્રાફસની નકલ તથા (૫) સદર બિલ્ડીંગ તા.૨૮/૦૩/૧૧ પછી બનેલ હોય જો તે પ્લાન મંજુર મુજબ બનેલ હોય તો તેની માહિતીની

નકલ તે મુજબની વિગતો મેળવવા રજુઆત કરેલ છે તે અંગે હાજર રહેલ જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવેલ છે કે અરજદારશ્રીની મુળ માહિતી માંગતી સંદર્ભ (૧) હેઠળની અરજી આઈ.ડી. નં.: ૧૩૯૧, તા.૦૫/૧૦/૧૩ અન્વયે તેઓ તરફથી સંદર્ભ (૩) હેઠળના પત્ર નં.: ટીડીઓ/૮૬૫ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે તેમછતાં સુનાવણી દરમ્યાન અરજદારશ્રીની રજુઆત મુજબના ઉપરોકત જણાવેલ કુલઃ૫ (પાંચ) નવા મુદ્દાઓ બાબતે મુદ્દાનં.: (૧) તથા (૨) શહેર વિકાસ વિભાગને સ્પર્શતા ન હોય તે અંગેની માહિતી તેઓ ધ્વારા પુરી પાડવાની રહેતી નથી તથા મુદ્દાનં.: (૩), (૪) અને (૫) અંગે લીફટ લાયસન્સ અને ફોટોગ્રાફસની નકલ મુળ માહિતી અરજી અન્વયે પુરી પાડવામાં આવેલ છે તથા મુદ્દાનં.: (૫) ની વિગતો અગાઉની માહિતીમાં સમાવેશ થતો હોય વધુ કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી જેથી અરજદારશ્રીને તમામ માહિતી પુરી પાડેલ ન હોવાની રજુઆત સાચી નથી. જે મુજબની જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીની સ્પષ્ટતાની વિગતો ધ્યાને લેતા માહિતી અધિકારી નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૧૦/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જે ધ્યાને લઈને નીચે જણાવ્યા મુજબનો હુકમ કરુ છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ બથવારની તા.૦૫/૧૦/૧૩ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તા.૧૬/૧૧/૧૩ના પત્રથી જવાબ / માહિતી પાઠવેલ છે તથા સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા જણાવેલ અન્ય મુદ્દાઓ અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીની સ્પષ્ટતા ધ્યાને લેતા અરજદારશ્રીને શહેર વિકાસ વિભાગને સ્પર્શતી કોઈ માહિતી પુરી પાડવાની બાકી રહેતી જણાયેલ નથી. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, સદરહું અપીલ અરજીનો નિકાલ જાહેર કરૂ છું**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૨૨, તા.૧૧–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૨૪
તા.૧૨–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૦૭–૦૨–૨૦૧૪,**
**અરજદારશ્રી :– શ્રી સુરેશ એમ. પટેલ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૦૬–૦૧–૧૪ ની આઈ.ડી નં.૨૦૭૮ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી સુરેશ એમ. પટેલની તા.૦૬/૦૧/૧૪ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૨૦૭૮ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**
**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૦૭/૦૧/૧૪ થી અત્રે તથા સેન્ટ્રલ ઝોન કચેરીના તમામ જુની. / આસી. ઈજનેરને તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૮૬૦ થી નોંધાયેલ)**
**(૩)જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૬/૦૨/૧૪ ના ટીડીઓ/આરટીઆઈ નં.: ૧૦૬૮ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી સુરેશ એમ. પટેલ ધ્વારા તા.૦૭/૦૨/૧૪ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૫) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર નં.: ૩૫૨૭, તા.૧૪/૦૨/૧૪ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ અપીલ અરજી. (જે અત્રે ટીડીઓ/અપીલ નં.: ૧૧૫ થી નોંધાયેલ)**
**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી સુરેશ એમ. પટેલને તા.૨૮–૦૨–૧૪ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૩૦૧, તા.૨૧–૦૨–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી સુરેશ એમ. પટેલ ધ્વારા સંદર્ભ (૧) હેઠળથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તથા સેન્ટ્રલ ઝોન કચેરીના તમામ જુની. / આસી. ઈજનેરશ્રીઓને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીને માહિતી / જવાબ પાઠવવામાં આવેલ.જે અન્વયે અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના પત્રથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૬) હેઠળના પત્રથી અરજદારશ્રી સુરેશ એમ. પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૮/૦૨/૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારશ્રીએ હાજર રહી જણાવેલ હતુ કે અમોએ ફકત સેન્ટ્રલ ઝોન કચેરી માંથી માહિતી માંગેલ છે પરંતુ સેન્ટ્રલ

ઝોન તરફથી અપીલ આપની કચેરીમાં બિન જરૂરી રીતે તબદીલ કરેલ હોવાની રજુઆત કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ જણાવેલ સદર અરજી કોઈ ચોકકસ મિલ્કતની માહિતી ન હોવાથી તે આધારે માહિતી / હકીકત જણાવેલ હોવાની રજુઆત કરેલ છે તથા અરજદારને કોઈ ચોકકસ મિલ્કત માટે માહિતીની જરૂર હોય તો તે માંગવામાં આવે તો તે અંગે ચોકકસ માહિતી પુરી પાડવાની પ્રસ્તાવના કરેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી સુરેશ એમ. પટેલની આર.ટી.આઈ. એકટ હેઠળની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને માહિતી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે તથા માંગેલ માહિતી જનરલ (કોઈ ચોકકસ મિલ્કત સંદર્ભેની નહી હોય) પ્રકારની હોવાથી જાહેર માહિતી અધિકારી તથા ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ આપેલ જવાબ યોગ્ય છે તથા અરજદારશ્રીને કોઈ ચોકકસ મિલ્કતની માહિતીની જરૂર હોય તો તે મિલ્કત અંગેની માહિતીની માંગણી અલાઈદી અરજી કરી માહિતી મેળવા અરજદાર સ્વતંત્ર છે. અરજદારશ્રીને ઝોન / ખાતાની માહિતીની જરૂર હોય, આર.ટી.આઈ.ની અરજીમાં સંબંધિત વિભાગ તરીકે ઝોન / ખાતાનો ઉલ્લેખ કર્યથી માહિતી જે તે ઝોન / ખાતામાંથી માહિતી મેળવી શકે છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૨૪, તા.૧૨–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૦૬
તા.૨૮–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૩૧/૦૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી રમેશ કે. જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૧–૦૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી રમેશ કે. જાંગીડની,તા.૨૯/૧૧/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૬૧૬

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૦૩–૧૨–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર.

(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી રમેશ કે. જાંગીડ ધ્વારા તા.૩૧/૦૧/૧૩ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ અરજી નં.: ૧૦૩

(૪)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી રાંદેર ઝોન કચેરી ધ્વારા પત્રનં.: સાવે ઝોન/આરટીઆઈ/૧૭૨૪, તા.૩૧/૦૧/૧૩ થી અત્રે તબદીલ કરેલ.

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૬–૧૧–૧૩ ના ટીડીઓ નં.૧૬૭ થી અરજદારશ્રી રમેશ કે. જાંગીડને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.

અરજદારશ્રી રમેશ કે. જાંગીડ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી માહિતી પુરી પાડેલ ન હોવાથી નારાજ થઈ સંદર્ભ (૩) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી રમેશ કે. જાંગીડ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૨–૧૨–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, સુરત–ડુમસ રોડ પર આવેલ રેલોન્ટ શો–રૂમમાં આંતરીક ફેરફાર માટે પરમીશન બાબતે આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરમીશન માંગવામાં આવેલ નકલ/માહિતી અન્ય કામગીરીની વ્યસ્તતાના કારણે શરતચુકથી સમયમર્યાદામાં માહિતી આપવાની બાકી રહી ગયેલ હોવાની રજુઆત કરેલ છે. જેથી અરજદારશ્રી નારાજ થઈ અપીલ અરજી રજુ કરેલ છે. જે મુજબની વિગતે સ્પષ્ટતા કરેલ છે. સદર વિગતો અન્વયે અપીલ અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯/૧૧/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને નિયત સમયમાં માહિતી / જવાબ પાઠવેલ નથી. અપીલ સંદર્ભે અપીલ અધિકારીશ્રી ધ્વારા રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી તથા તેમના ધ્વારા અન્ય વધુ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. અરજદારશ્રીની માહિતી માંગતી મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીને કોઈ માહિતી / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી, જે બિલકુલ યોગ્ય નથી તથા આ બાબતની ગંભીર નોંધ લઈ અરજદારશ્રીને તાકીદે દિન–૩ માં વિના મુલ્યે માહિતી પુરી પાડવા તથા ભવિષ્યમાં સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવે તેની જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તકેદારી રાખવા હુકમ કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૦૬, તા.૨૮–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૨૩
તા.૧૧–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૩૧/૦૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી રમેશ કે. જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૧–૦૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી રમેશ કે. જાંગીડની,તા.૨૯/૧૧/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૬૧૦
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૦૩–૧૨–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર.
(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી રમેશ કે. જાંગીડ ધ્વારા તા.૩૧/૦૧/૧૩ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ અરજી નં.: ૧૦૪
(૪)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી અઠવા ઝોન કચેરી ધ્વારા પત્રનં.: સાવે ઝોન/આરટીઆઈ/૧૭૨૪, તા.૩૧/૦૧/૧૩ થી અત્રે તબદીલ કરેલ.
(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૬–૧૧–૧૩ ના ટીડીઓ નં.૧૬૮ થી અરજદારશ્રી રમેશ કે. જાંગીડને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.

અરજદારશ્રી રમેશ કે. જાંગીડ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી માહિતી પુરી પાડેલ ન હોવાથી નારાજ થઈ સંદર્ભ (૩) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી રમેશ કે. જાંગીડ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૨–૧૨–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, સુરત–ડુમસ રોડ પર આવેલ નાણાવટી હયુન્ડાઈના શો–રૂમનું બાંધકામ પાર્કિંગમાં કરવા અંગે આપવામાં આવેલ પરમીશન બાબતેની માંગવામાં આવેલ નકલ/માહિતી અન્ય કામગીરીની વ્યસ્તતાના કારણે શરતચુકથી સમયમર્યાદામાં માહિતી આપવાની બાકી રહી ગયેલ હોવાની રજુઆત કરેલ છે. જેથી અરજદારશ્રી નારાજ થઈ અપીલ અરજી રજુ કરેલ છે. જે મુજબની વિગતે સ્પષ્ટતા કરેલ છે. સદર વિગતો અન્વયે અપીલ અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯/૧૧/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને નિયત સમયમાં માહિતી / જવાબ પાઠવેલ નથી. અપીલ સંદર્ભે અપીલ અધિકારીશ્રી ધ્વારા રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી તથા તેમના ધ્વારા અન્ય વધુ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. અરજદારશ્રીની માહિતી માંગતી મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીને કોઈ માહિતી / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી, જે બિલકુલ યોગ્ય નથી તથા આ બાબતની ગંભીર નોંધ લઈ અરજદારશ્રીને તાકીદે દિન–૩ માં વિના મુલ્યે માહિતી પુરી પાડવા તથા ભવિષ્યમાં સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવે તેની જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તકેદારી રાખવા હુકમ કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૩૨૩, તા.૧૧–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૨૧
તા.૧૧–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૩૧/૦૧/૧૩**
**અરજદારશ્રી :– શ્રી રમેશ કે. જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૧–૦૧–૧૩ ની અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી રમેશ કે. જાંગીડની,તા.૨૯/૧૧/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૬૧૨

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા તા.૦૩–૧૨–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર.

(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી રમેશ કે. જાંગીડ ધ્વારા તા.૩૧/૦૧/૧૩ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી અપીલ અરજી નં.: ૧૦૫

(૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી અઠવા ઝોન કચેરી ધ્વારા પત્રનં.: સાવે ઝોન/આરટીઆઈ/૧૭૨૪, તા.૩૧/૦૧/૧૩ થી અત્રે તબદીલ કરેલ.

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૬–૧૧–૧૩ ના ટીડીઓ નં.૧૬૯ થી અરજદારશ્રી રમેશ કે. જાંગીડને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.

અરજદારશ્રી રમેશ કે. જાંગીડ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી અઠવા ઝોન કચેરીમાં રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, અઠવા ઝોન કચેરી ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી માહિતી પુરી પાડેલ ન હોવાથી નારાજ થઈ સંદર્ભ (૩) થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવી.

અરજદારની ઉકત અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી રમેશ કે. જાંગીડ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૨–૧૨–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ.

સદરહું સુનાવણીમાં અરજદાર હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહી અરજદારશ્રી ધ્વારા તેઓની મુળ અરજીમાં, સુરત–ડુમસ રોડ પર આવેલ સોની સેન્ટર તથા શગુન વાળી મિલ્કત સંબંધે આપવામાં આવેલ પરમીશનની માંગવામાં આવેલ નકલ/માહિતી અન્ય કામગીરીની વ્યસ્તતાના કારણે શરતચુકથી સમયમર્યાદામાં આપવાની બાકી રહી ગયેલ હોવાની રજુઆત કરેલ છે. જેથી અરજદારશ્રી નારાજ થઈ અપીલ અરજી રજુ કરેલ છે. જે મુજબની વિગતે સ્પષ્ટતા કરેલ છે. સદર વિગતો અન્વયે અપીલ અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરૂં છું.

–:: હુકમ ::–

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯/૧૧/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને નિયત સમયમાં માહિતી / જવાબ પાઠવેલ નથી. અપીલ સંદર્ભે અપીલ અધિકારીશ્રી ધ્વારા રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી તથા તેમના ધ્વારા અન્ય વધુ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. અરજદારશ્રીની માહિતી માંગતી મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીને કોઈ માહિતી / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી, જે બિલકુલ યોગ્ય નથી તથા આ બાબતની ગંભીર નોંધ લઈ અરજદારશ્રીને તાકીદે દિન–૩ માં વિના મુલ્યે માહિતી પુરી પાડવા તથા ભવિષ્યમાં સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવે તેની જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તકેદારી રાખવા હુકમ કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૩૨૧, તા.૧૧–૦૩–૨૦૧૪

નં.ટી.ડી.ઓ/અપીલ/૩૩૨
તા.૨૦–૦૩–૨૦૧૪

**અપીલ અરજી તા.૦૭–૦૩–૨૦૧૪,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈબથવારની તા.૧૭–૧૨–૧૩ ની આઈ.ડી નં.૧૮૯૦ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–**(૧) અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૭/૧૨/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૮૯૦ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**
**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૧૮/૧૨/૧૩ થી રાંદેર ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.**
**(૩) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, રાંદેર ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર તા.૨૭/૧૨/૧૩ થી અત્રે શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૮૩૪ થી નોંધાયેલ)**
**(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પત્ર નં.:ટીડીઓ/૧૦૦૪ તા.૭/૧/૨૦૧૪ થી આંશિક વિગતો ઝોન કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોય, જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, (શહેર વિકાસ વિભાગ)રાંદેર ઝોનને આંશિક તબદીલ કરેલ.**
**(૫) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૬/૦૧/૧૪ ના ટીડીઓ/આરટીઆઈ નં.: ૧૦૨૨ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**
**(૬) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર ધ્વારા તા.૦૭/૦૩/૧૪ ના રોજ અત્રેની કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારને તા.૧૫–૦૩–૧૪નારોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૩૨૫, તા.૧૨–૦૩–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, રાંદેર ઝોનને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, રાંદેર ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ. જે અરજીમાં દર્શાવેલ વિગતો અંગે પુરી પાડવાજોગ માહિતી રાંદેર ઝોન કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોય ટીડીઓ/૧૦૦૪, તા.૭/૧/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (શહેર વિભાગ) વેસ્ટ ઝોન, રાંદેરને આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જે અરજદારની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૬) હેઠળના પત્રથી શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૭) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૫/૦૩/૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી નરશેભાઈ એન. બથવાર હાજર રહીને જણાવેલ કે તેઓને યુ.એલ.સી.ના કાયદાની તથા રેસી.–દુકાનોની મંજુરી વિગેરેની માહિતી પુરી પાડેલ નથી. આમ તેઓને અપુરતી અને અયોગ્ય માહિતી મળેલ એવી રજુઆત કરેલ જે સંદર્ભે જાહેર

માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ જણાવેલ કે અરજદારની મુળ અરજી અન્વયે તેઓને સમયમર્યાદામાં અત્રેના ખાતાને લગતી યુ.એ.લ.સી. એફીડેવીટ, રહેણાંક/ કોમર્શીયલ બાબતેની પ્લાન મંજુરીની વિગેરે તમામ ઉપલબ્ધ માહિતી પુરી પાડેલ છે જેનો ઉલ્લેખ  માહિતી પુરી પાડતા પત્રમાં પણ થયેલ છે અને અંશતઃ માહિતી રાંદેર ઝોનના કાર્યક્ષેત્ર હેઠળની હોઈ, તે માટે તેઓને રાંદેર ઝોન કચેરીનો સંપર્ક સાધવા જણાવેલ હતુ. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં શહેર વિકાસ ખાતાને લગતી માહિતી વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. અને ત્યારબાદ જે માહિતી રાંદેર ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની હોય, તે માટે તેઓની અરજી આંશીક માહિતી માટે રાંદેર ઝોનને તબદીલ કરેલ હોઈ, તે માટે રાંદેર ઝોન કચેરીનો સંપર્ક સાધવા જણાવેલ છે.  આથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અન્ય કોઈ હુકમ કરવાનો રહેતો ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા હુકમ કરૂં છું.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૩૩૨, તા.૨૦–૦૩–૨૦૧૪